**આજનો સુવિચાર**

લોકોની ટીકાથી તમારો માર્ગ બદલતા નહી કારણ કે, સફળતા શરમથી નહીં સાહસથી જ મળે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com


# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૪૪ જૂનાગઢ તા.૩૧-૦૫-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 144, Junagadh : Date : 31 May, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# દેશભરમાં કાળઝાળ ગરમીએ હાહાકાર મચાવ્યો : ૨૪ કલાકમાં ૨૨૭નાં મોત



નવી દિલ્હી, તા. ૩૧

સમગ્ર દેશ સાથે ગરમીનું ભયંકર મોજુ ઉત્તર ભારતમાં ફરી વળ્યું છે. ભીષણ ગરમીના કારણે હવે સુરજનો તાપ જીવલેણ બનતો હોય તેમ ગઈકાલે ગુરૂવારે માત્ર એક જ દિવસમાં ઉત્તરપ્રદેશમાં ૧૬૪ અને બિહારમાં ૬૦ સહિત કુલ ૨૨૭ લોકોના મોત થયા છે. તો દિલ્હીમાં પણ પહેલું મૃત્યુ નોંધાયું છે. ગઈકાલે પંજાબનું ફરીદકોટ અને રાજસ્થાનનું શ્રીગંગાનગર સમગ્ર દેશમાં સૌથી ગરમ શહેર રહયા હતા અને તાપમાન ૪૮.૩ ડિગ્રી હતું યુપીના બુલંદ શહેરમાં ૪૮, દિલ્હીમાં ૪૫.૬, નોઈડામાં ૪૭.૩ પર પારો હતો. ભયંકર ગરમી અને લુના કારણે ગઈકાલે એક દિવસના સૌથી વધુ મોત હતા. ઔરંગાબાદમાં ૨૦ લોકો અને દિલ્હીમાં એક મજુરનો જીવ ગયો હતો. હરિયાણામાં બે મૃત્યુ થયા છે.

ઉત્તરપ્રદેશમાં વારાણસી અને આસપાસના જિલ્લામાં ૭૨ લોકોના, બુંદેલખંડ અને કાનપુર આજુબાજુમાં ૪૭ લોકોના મૃત્યુ થયા હતા. પ્રયાગરાજમાં ૧૧, કોસંબીમાં ૯, ઝાંસીમાં ૬, આગ્રામાં ૩ લોકોના જીવ ગયા છે. દેશમાં ૪૧ સ્થળે મહતમ તાપમાન ૪૫ ડિગ્રી અથવા તેથી વધુ રહ્યું હતું. રાજસ્થાનના પિલાની શહેરમાં ૪૭.૬, હનુમાનગઢમાં ૪૭.૨, ચુરૂમાં ૪૭, જેસલમેરમાં ૪૬.૧, બિકાનેરમાં ૪૬.૮, અલવરમાં ૪૬, ચંદીગઢમાં ૪૪.૯ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું.

ઉતર ભારત સહિત દેશના અનેક શહેરોમાં ભીષણ ગરમી પડી રહી છે. અંગ દઝાડતી ગરમીને કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. બિહારમાં પણ ગરમીનો ભારે કહેર જોવા મળી રહ્યો છે. ઔરંગાબાદ જિલ્લામાં હીટવેવને કારણે ૧૬ લોકોના મોત થયા છે.

દેશભરમાં આકરી ગરમી યથાવત છે. ગરમી એટલી વધી ગઈ છે કે લોકો ટપોટપ મરવા લાગ્યા છે. બિહાર-ઝારખંડ હોય કે ઓડિશા... ઘણા રાજયોમાં ગરમીના કારણે લોકો મરી રહ્યા છે. ગુરૂવારે બિહારમાં ઘણી જગ્યાએ તાપમાનનો પારો ૪૪ ડિગ્રી સેલ્સિયસથી ઉપર પહોંચી ગયો હતો. રાજયમાં ૬૦ લોકોના મોત થયા છે. ઔરંગાબાદ આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, ગરમીના મોજાને કારણે ૨૦ લોકોના મોત થયા છે અને ૨૦ થી વધુ લોકો વિવિધ હોસપિટલમાં દાખલ છે. આ સિવાય ઝારખંડના પલામુ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ૫ લોકોના મોત થયા છે. ઓડિશામાં પણ ઘણા લોકોએ જીવ ગુમાવ્યા છે. ઘણા રાજયોની જેમ બિહાર, ઝારખંડ, ઓડિશા પણ ભારે ગરમીની ઝપેટમાં છે. ગઈકાલે બિહારમાં ઘણી જગ્યાએ દિવસનું તાપમાન ૪૪ ડિગ્રી સેલસિયસને પાર કરી ગયું હતું. પલામુ જિલ્લામાં મહત્તમ તાપમાન ૪૭.૪ ડિગ્રી સેલસિયસ નોંધાયું હતું. છેલ્લા ત્રણ દિવસથી પલામુનું મહત્તમ તાપમાન ૪૭ ડિગ્રીથી વધુ નોંધાઈ રહ્યું છે. સૂર્યોદય થતાં જ રસ્તાઓ પર ચાલવું મુશ્કેલ બની જાય છે. આ ઉનાળામાં, ઓડિશાના રાઉરકેલા શહેરમાં શંકાસ્પદ ગરમીના મોજાને કારણે દસ લોકોના મોત થયા હતા.

# સેકસ સ્કેન્ડલનો મુખ્ય આરોપી સાંસદ પ્રજવલ રેવન્નાની બેંગ્લોર એરપોર્ટથી ધરપકડ : ૨૫૦૦થી વધુ સેકસટેપ



બેંગલુરૂ તા. ૩૧ : સમગ્ર દેશમાં ભારે ચર્ચાસ્પદ બનેલા કર્ણાટક સેક્સ સ્કેન્ડલનો મુખ્ય આરોપી સાંસદ પ્રજવલ રેવન્ના જર્મનીથી ભારત પહોંચી ગયો છે. ફ્લાઈટ બેંગલુરુ એરપોર્ટ પર ઊતર્યા બાદ તરત જ SITએ તેને કસ્ટડીમાં લીધા હતા. પ્રજ્વલને અહીંથી SIT ઓફિસમાં લાવવામાં આવ્યા હતો મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પ્રજ્વલની સૌથી પહેલા આજે પૂછપરછ થઈ રહી છે. આ પછી તેનો મેડિકલ ટેસ્ટ કરવામાં આવશે. પ્રજ્વલને મેજિસ્ટ્રેટ કોર્ટમાં પણ રજૂ કરવામાં આવશે. અહીં પોલીસ તેની કસ્ટડીની માંગણી કરશે. આ સાથે ફોરેન્સિક ટીમ તેના ઓડિયો સેમ્પલ પણ લેશે, જેથી એ જાણી શકાય કે વાઈરલ સેક્સ વીડિયોમાં જે અવાજ આવી રહ્યો છે તે પ્રજ્વલનો છે કે નહીં. કર્ણાટક સેક્સ સ્કેન્ડલના મુખ્ય આરોપી સાંસદ પ્રજ્વલ રેવન્ના ૩૦-૩૧ મેની રાત્રે ૧ વાગ્યે જર્મનીથી ભારત પરત ફર્યો હતો. ન્યૂઝ એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર, તેણે જર્મનીના મ્યુનિકથી બેંગ્લોરની ફ્લાઈટમાં બિઝનેસ ક્લાસની ટિકિટ બુક કરાવી હતી. એરપોર્ટ પર પણ સુરક્ષા વધારી દેવામાં આવી હતી. પ્રજ્વલ રેવન્ના સામે અત્યાર સુધીમાં ત્રણ અલગ-અલગ કેસ નોંધાયા છે. જેમાંથી બળાત્કારનાં ૩ અને એક જાતીય સતામણીનો કેસ છે. પ્રજ્વલ સામે પહેલો કેસ ૨૮ એપ્રિલના રોજ હાસનના હોલેનરસીપુરા પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો હતો. આ મામલો ૪૭ વર્ષની પૂર્વ નોકરાણીના યૌન શોષણનો છે. એવો દાવો કરવામાં આવે છે કે ૨૫૦૦થી વધુ સેક્સ ટેપ છે. ૨૬ એપ્રિલે લોકસભાના મતદાન બાદ તેઓ જર્મની ભાગછ છુટયો હતો ત્યારથી તેનો કોઈ પત્તો લાગ્યો નહોતો. પ્રજ્વલ હાસન લોકસભા સીટ પરથી જેડીએસનો ઉમેદવાર છે.

## સરકારી નોકરીઓમાં પ્રમોશન એ અધિકાર નથી : સુપ્રિમ કોર્ટ



નવી દિલ્હી તા. ૩૧ : દેશની સર્વોચ્ચ અદાલતે સરકારી નોકરીમાં પ્રમોશનને લઈને મોટી વાત કહી છે. સુપ્રિમ કોર્ટે કહ્યું કે સરકારી કર્મચારીઓને પ્રમોશન આપવાના માપદંડનો બંધારણમાં ક્યાંય ઉલ્લેખ નથી. અદાલતે કહ્યું કે સરકાર અને કાર્યપાલિકા પ્રમોશન માટેના માપદંડો નક્કી કરવા માટે સ્વતંત્ર છે.

ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટીસ જેબી પારડીવાલા અને જસ્ટીસ મનોજ મિશ્રાની બેન્ચે પોતાના ચુકાદામાં કહ્યું હતું કે, 'ભારતમાં કોઈ પણ સરકારી કર્મચારી પ્રમોશનને પોતાનો અધિકાર માની શકે નહીં, કારણ કે બંધારણમાં તેના માટે કોઈ માપદંડ નક્કી કરવામાં આવ્યા નથી.' કોર્ટે તેના ચુકાદામાં કહ્યું હતું કે વિધાનસભા અથવા કાર્યપાલિકા રોજગારની પ્રકૃતિ અને ઉમેદવાર પાસેથી જરૂરી કામના આધારે પ્રમોશનલ પોસ્ટ્સ ભરવાની પદ્ધતિ નક્કી કરી શકે છે 'શ્રેષ્ઠ ઉમેદવારો'ની પસંદગી માટે યોગ્ય છે કે નહીં, અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં જિલ્લા ન્યાયાધીશોની પસંદગી અંગેના વિવાદો પર પોતાનો ચુકાદો આપતાં બેન્ચે આ વાત કહી છે.

લોકસભાની ચૂંટણીનાં અંતિમ તબક્કામાં

## આવતીકાલે ૮ રાજયોની ૫૭ બેઠકો પર મતદાન

નવી દિલ્હી તા.૩૧

લોકસભા ચૂંટણીનાં સાતમા અને અંતિમ તબક્કામાં આવતીકાલે ૭ રાજયો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશની ૫૭ બેઠકો પર મતદાન થશે.

આ તબક્કામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ૩ કેન્દ્રીય મંત્રી આરકે સિંહ, રવિશંકર પ્રસાદ અને અનુરાગ ઠાકુર મેદાનમાં છે. ૪ કલાકારો કંગના રનૌત, રવિ કિશન, પવન સિંહ, કાજલ નિષાદ પણ ચૂંટણી લડી રહ્યા છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર સાતમા તબક્કાની ચૂંટણીમાં ૯૦૪ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. જેમાં ૮૦૯ પુરૂષ અને ૯૫ મહિલા ઉમેદવારો છે. આ તબક્કામાં સૌથી ધનિક ઉમેદવાર હરસિમરત કૌર બાદલ છે, જે પંજાબના ભટિંડાના ઉમેદવાર છે. તેમની પાસે ૧૯૮ કરોડ રૂપિયાની સંપત્તિ છે.

અમેરીકાનાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ

## ડોનાલ્ડ ટ્રમ્પ પોર્ન સ્ટાર સાથે દુર્વ્યવહારનાં તમામ ૩૪ કેસમાં દોષિત : ૧૧ જુલાઈએ સજા સંભળાવાશે

નવી દિલ્હી તા. ૩૧ : અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ચૂંટણી પહેલા મોટો ઝટકો લાગ્યો છે. અમેરિકન કોર્ટે પોર્ન સ્ટાર્સ સાથેના વ્યવહારના કુલ ૩૪ કેસમાં ટ્રમ્પને દોષિત ઠેરવ્યો છે. સાથે જ ટ્રમ્પે કોર્ટના આ નિર્ણયની નિંદા કરી છે અને તેને અપમાનજનક ગણાવ્યું છે. સાથે જ કહ્યું કે આવનારી ચૂંટણીમાં જનતા તેનો નિર્ણય કરશે.

૭૭ વર્ષીય ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ યુએસ પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સને ચૂપ કરવા માટેના વ્યવહારને છુપાવવા માટે હશ મની કેસમાં ખોટા બિઝનેસ રેકોર્ડના કુલ ૩૪ કાઉન્ટ માટે દોષી ઠેરવવામાં આવ્યા છે. કોર્ટ દ્વારા દોષિત જાહેર થયા બાદ ટ્રમ્પે પહેલા આ નિર્ણયની નિંદા કરી છે અને આ નિર્ણયને અપમાનજનક અને છેડછાડ પણ ગણાવ્યો છે. કોર્ટમાંથી બહાર નીકળ્યા બાદ ટ્રમ્પે આ નિર્ણય સાથે અસહમતિ વ્યક્ત કરી છે. આ મામલાને લઈને ટ્રમ્પે કહ્યું કે અમેરિકન લોકો ૫ નવેમ્બરે આવનારી ચૂંટણીમાં આ નિર્ણયને સચોટ રીતે માપશે. આ સાથે તેમણે મેનહટન ડિસ્ટ્રીક્ટ આર્ટાની અને અમેરિકામાં સત્તારૂઢ બિડેન પ્રશાસનની પણ ટીકા કરી હતી. આ સિવાય એક અલગ નિવેદનમાં ટ્રમ્પે કહ્યું કે કોર્ટનાં આ નિર્ણયને આગળ પડકારશે. પરંતુ જજે ટ્રમ્પને જામીન આપવાનો ઈન્કાર કરી દીધો છે, જયારે કેસની વધુ સુનાવણી ૧૧ જુલાઈએ થશે અને સજા નક્કી કરવામાં આવશે.

અમેરિકાના ઈતિહાસમાં આવું પહેલીવાર બન્યું છે જયારે કોઈ રાષ્ટ્રપતિ વિરુદ્ધ ફોજદારી કેસ દાખલ કરવામાં આવ્યો હોય.

ન્યૂઝ એજન્સી રોયટર્સ અનુસાર, કોર્ટે ૬ અઠવાડિયામાં ૨૨ સાક્ષીઓની સુનાવણી કરી હતી. જેમાં સ્ટોર્મી ડેનિયલ્સનો પણ સમાવેશ થતો હતો. બે દિવસ સુધી વિચાર-વિમર્શ કર્યા બાદ ૧૨ સભ્યોની જ્યુરીએ ટ્રમ્પના દોષિત ચુકાદાની જાહેરાત કરી હતી.

## રાજકોટ ટીઆરપી અગ્નીકાંડમાં ગેમઝોનની મહત્વની ફાઈલો ભેદી સંજોગોમાં ગૂમ થઈ ગઈ

રાજકોટ તા. ૩૧: રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ કેસમાં એક અત્યંત મહત્વની ફાઈલ જ ગુમ થઈ ગઈ હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આ કેસની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમના અધિકારીઓ આ ફાઈલની શોધ અને તપાસ ચલાવી રહ્યા છે પરંતુ હજુ સુધી તેમના હાથમાં આવી નથી. આ ફાઈલ ૨૦૨૧માં પોલીસની મંજૂરી આપવાની સત્તા અંગેની વિગતો ધરાવતી ફાઈલ હતી. ઉલ્લેખનીય છે કે ટીઆરપી ગેમ ઝોનનું ઉદઘાટન પણ ૨૦૨૧ની સાલમાં જ થયું હતું અને તેના ઉદઘાટન સમારંભમાં રાજકોટ પોલીસના અનેક ઉચ્ચ અધિકારીઓ અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેથી આ ફાઈલ તપાસ અધિકારીઓ માટે ખૂબ મહત્વની થઈ ગઈ છે. જો આ ફાઈલ મળે તો જ તપાસ અધિકારીઓને ખબર પડી શકે કે ૨૦૨૧ની સાલમાં કયા પોલીસ અધિકારીએ આ ગેમઝોનને મંજૂરી આપી હતી.

## ગુજરાતનાં લોકોને આકરા તાપમાંથી હવે રાહત મળશે આગામી સપ્તાહથી પ્રિ-મોન્સુન એકટીવીટી શરૂ થઈ જશે

રાજકોટ,તા.૩૧

કાળઝાળ ગરમી તથા હીટવેવની હાલતનો સામનો કરતા ગુજરાતના લોકોને આકરા તાપમાંથી હવે આંશિક રાહત મળશે. પરંતુ વધતા ભેજને કારણે બફારાથી લોકો પરસેવે રેબઝેબ થવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે.

આગામી સપ્તાહમાં પ્રિ-મોન્સુન એકટીવીટી શરૂ થવાની પણ ૫૦ ટકા શકયતા છે.

નોર્મલ તાપમાન પણ ઉંચે જવાનો દોર હવે સમાપ્ત થયો છે. હવે નોર્મલ તાપમાન ૪૧થી૪૨ ડીગ્રી ગણાય છે. રાજયમાં હીટવેવની સ્થિતિમાં રાહત છે. રાજયમાં ગઈકાલે મહતમ તાપમાન ૪૦ ડીગ્રીથી ૪૩.૭ ડીગ્રીની રેન્જમાં નોંધાયુ હતું તે નોર્મલ કરતા ૧ ડીગ્રી વધુ કે ઓછુ હતું.

સૌરાષ્ટ્ર-કચ્છ-ગુજરાત માટે તા.૩૧ મે થી ૬ જૂન સુધીની આગાહીમાં તેઓએ કહ્યું કે હવે તાપમાન નોર્મલ સ્તરે આવી જશે અને ૪૦થી૪૩ ડીગ્રીની રેન્જમાં રહેવાની સંભાવના છે.

આગાહીના સમયગાળા દરમ્યાન મુખ્યત્વે પશ્ચિમી પવન ફુંકાશે તેની ગતિ ૨૦થી૩૦ કીમીની રહેશે. ઝટકાના પવન ૪૦ કીમીની ઝડપે ફુંકાશે. ૬ જુન સુધીમાં રાજયમાં પ્રિ-મોન્સુન એકટીવીટી શરૂ થવાની શકયતા છે.


દરમ્યાન નૈઋત્ય ચોમાસાનુ કેરળમાં આગમન થઈ જ ગયુ છે અને હવે ઉતરપુર્વના રાજયોમાં આગળ વધવા લાગ્યુ છે. નાગાલેન્ડ, મણીપુર, મિઝોરમ, અરૂણાચલ પ્રદેશ, ત્રિપુરા, મેઘાલય તથા આસામના મોટાભાગના ક્ષેત્રોને કવર કરી લેશે.

આવતા બે-ત્રણ દિવસમાં વધુ પ્રગતિ કરશે અને અરબી સમુદ્રના મધ્યભાગો, દક્ષિણ ભારતના અમુક ભાગો, બંગાળની ખાડીના વધુ ભાગો, પુર્વોતરના બાકી ભાગો તથા પશ્ચિમ બંગાળ-સિકકીમના ભાગોમાં પ્રવેશ કરશે.

## રીઝર્વ બેંક દ્વારા બ્રિટનમાં રહેલું ૧૦૦ ટન સોનુ ભારત પરત લવાશે

નવી દિલ્હી, તા.૩૧: રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા બ્રિટનથી દેશમાં ૧૦૦ ટનથી વધુ સોનું પરત લાવવામાં આવ્યું છે. ભારત માટે આ એક મોટી ઉપલબ્ધી છે. તેની અસર દેશની અર્થવ્યવસ્થા પર પણ જોવા મળશે. હવે ભારતમાં સંજોગો બદલાઈ રહ્યા છે... એક સમય હતો જ્યારે દેશનું સોનું બહાર રાખવાના સમાચાર સાંભળવા મળતા હતા, પરંતુ હવે ભારત પોતાનું સોનું પાછું લાવી રહ્યું છે. અહેવાલ મુજબ આરબીઆઈના અધિકારીઓનું કહેવું છે કે આગામી દિવસોમાં લગભગ ૧૦૦ ટન સોનું ભારત પરત લાવવામાં આવશે.


St. Joseph's School
Vijapur
(English Medium Boarding School)
NURSERY TO XII
SCIENCE
COMMERCE
ARTS
EDUCATION at its CORE



Focus on :-
- Academics
- Discipline
- Sports
- Competitions

20 Acres lushgreen Campus
with 30 teachers on campus
Nutritious & Balanced Food
Well Maintained Facilities.
Contact For Admission Inquiry
94293 17526, 80000 542 00
95122 20820, 63592 202 00
A Boarding School Nurturing All - Round Excellence.
Website : www.sjskhanusa.org
Vijapur, Dist. Mehsana, Gujarat
70 km from Ahmedabad

**જૂનાગઢમાં વેચવાનું છે**

(૧) ડો. જસાણીનું દવાખાનું (પોસ્ટ ઓફીસ રોડ, આઝાદ ચોક) વેચવાનું છે
(૨) ગાંધીગ્રામ (કોન્વેન્ટ સ્કુલની સામે) ૫૦૦ વારનો બંગલો વેચવાનો છે. સાથે ૧૦ દુકાન ભાડે અથવા વેચવાની છે. (બેંકોવાળા માટે ખાસ)
(૩) લોખંડનાં ઘોડા નવા મોડેલનાં વેચવાના છે. (નંગ-૨૮)
(૪) જીમ માટેના સાધનની કીટ વેચવાની છે.

દુકાન, મકાન - જમીન લે-વેચ માટે મળો
મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯

**મકાન વેચવાનું છે**

જૂનાગઢમાં ક્રીમ એરીયામાં, માલીવાડા વિસ્તારમાં સલાટવાડામાં, સોની ફળીયામાં ત્રણ માળનું, ૭ રૂમ વાળુ ત્રણ માળનું નવું મકાન સારી કન્ડીશનમાં, પહેલી નજરમાં ગમી જાય તેવું, વ્યાજબી ભાવમાં આપવાનું છે.


સંપર્ક : મો. ૯૬૩૮૯ ૭૪૮૮૬

ધો.૧૨ પછી શું ?
ફ્રી સેમિનાર
MBBS
INDIA / ABROAD
તા. ૧-૬-૨૪, સમયઃ સાંજે ૪ થી ૬
સ્થળ : પ્રસિડેન્ટ હોલ, રેલ્વે સ્ટેશન રોડ, જૂનાગઢ
ગાયત્રી હોસ્પીટલ - જૂનાગઢ
Dr. Rahul Mehta
રજીસ્ટ્રેશન ફરજીયાત છે
રજીસ્ટ્રેશન Mo. 74360 74408

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જયાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# સોમવાર પરોઢે ચંદ્ર, મંગળ, શનિ નરી આંખે જોઈ શકાશે : વિજ્ઞાન જાથા

## બુધ, ગુરૂ, યુરેનસ, પ્લુટો, નેપચ્યુન ટેલીસ્કોપથી જોઈ શકાશે : સવારે ૫:૩૦ થી ૫:૩૮ સુધી અવકાશી નજારો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૩૧

અવકાશમાં શોધાયેલા ગ્રહો અને વણશોધાયેલા ગ્રહો સૂર્યની આસપાસ નિરંતર સમયાંતરે પરિભ્રમણ કરતા હોય છે ત્યારે અમુક દિવસ, વર્ષ, ચોક્કસ સમય સાથે સમયાંતરે આકાશમાં ખગોળીય ઘટના જોવા મળતી હોય છે. ૩ જુન ને સોમવાર પરોઢે સાડા પાંચથી આઠ મિનિટ સુધી ગ્રહોનો અવકાશી નજારો જોવા મળવાનો છે. અમુક ગ્રહ નરી આંખે જોઈ શકાશે. જયારે બાકીના ગ્રહો આધુનિક ટેલીસ્કોપથી જોવા મળશે. અવકાશમાં સૂર્યના ઉદયના કારણે પરોઢે સમયની મર્યાદામાં જોઈ શકાશે. ખગોળીય ઘટના નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે. જાથાના ચેરમેન-એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ૩ જુન, સોમવારના પરોઢે ખગોળીય ઘટના બનવાની છે જેમાં અમુક ગ્રહો નરી આંખે જોઈ શકાશે જયારે બાકી ગ્રહો આધુનિક ટેલીસ્કોપથી આહલાદક જોઈ શકાશે. ચંદ્ર, મંગળ, શનિ ગ્રહ નરી આંખે આહલાદક જોઈ શકાશે. જયારે બુધ, ગુરૂ, યુરેનસ, નેપચ્યુન વિજ્ઞાનના ઉપકરણોથી આહલાદક જોવા મળશે. સૂર્યના ઉદયના કારણે આકાશમાં થોડા સમય માટે આ નજારો જોવા મળશે. ખગોળપ્રેમીઓ પાસે આધુનિક દુરબીન, ટેલીસ્કોપ હોવાના કારણે ખગોળીય આનંદ મેળવતા હોય છે. વધુમાં જયંત પંડયા જણાવે છે કે સોમવાર પરોઢે અવકાશી ઘટના સંદર્ભે જાથાના કાર્યાલયે અનેક જિજ્ઞાષુઓએ પુછપરછ કરી તેથી આવી ઘટના અવકાશમાં નિરંતર બનતી હોય છે તે માહિતી આપવાનો હેતુ છે. આ ઘટનાને યુતિ સાથે કશી જ લેવા-દેવા નથી. યુરેનસ, નેપચ્યુન, પ્લુટો, સૂર્યથી ખૂબ જ દૂર હોવાના કારણે નરી આંખે જોઈ શકાતા નથી, ટેલીસ્કોપથી જોઈ શકાય છે. આમ તો બે ગ્રહો જ સ્પષ્ટ જોવા મળશે. ચંદ્ર તેમાં શોભાયમાન સાક્ષી બનશે. બુધ નરી આંખે જોઈ શકાય છે પરંતુ આ દિવસે જોવા નહિં મળે. વિજ્ઞાન જાથાનું દેશભરમાં લોકો અવકાશ તરફ નજર કરતા થાય તેવું અભિયાન ચાલે છે તે અંતર્ગત લોકોને માહિતગાર કરવા જાણકારી આપવામાં આવે છે. અવકાશી ગ્રહો કરોડો માઈલ દૂર હોવાના કારણે કદી પણ માનવજીવન કે તેની દૈનિક ક્રિયામાં અવરોધરૂપ નથી. નિર્જીવ ગ્રહો માનવને કદી પણ નડતા નથી. ભારતમાં સદીઓથી લેભાગુઓ લોકોને ઊંધા માર્ગે વાળી ક્રિયાકાંડો તરફ દોરી જાય છે તેનું દુઃખ છે. ચંદ્ર પૃથ્વીનો મિત્ર હોય માનવજીવન માટે સદાય ઉપકારક છે. ચંદ્ર આ દિવસે સ્પષ્ટ જોઈ શકાશે. ચંદ્ર-મંગળની હાથના આંગળામાં વીંટી જોઈએ ત્યારે નબળા મનના લોકોની છાપ ઉભી થાય છે. વિજ્ઞાને સાબિત કરી આપ્યું છે કે ગ્રહો કે ગ્રહણો માનવજીવન સાથે સ્નાનસુતક સંબંધ નથી. અંતમાં, સોમવારે વહેલી પરોઢે અવકાશી નજારો નિહાળવા જાથા અપીલ કરે છે. વિશેષ માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

# ચૂંટણી પ્રચાર પૂરો થતાં જ આધ્યાત્મિક યાત્રા પર કન્યાકુમારી પહોંચ્યા મોદી



કન્યાકુમારી, તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુરુવારે સાંજે તમિલનાડુ પહોંચ્યા હતા. અહીં તેઓ ૪૫ કલાક લાંબા ધ્યાન પર બેસવાના છે. પીએમ મોદી પહેલા પૂજા કરવા નજીકના ભગવતી અમ્માન મંદિર પહોંચ્યા અને અહીંથી તેઓ વિવેકાનંદ રોક મેમોરિયલ પહોંચશે અને લગભગ બે દિવસ ધ્યાન કરશે. ૧ જૂનના રોજ રવાના થતા પહેલા પીએમ મોદી અહીં સંત તિરુવલ્લુવરની પ્રતિમાની મુલાકાત પણ લઈ શકે છે. સ્મારક અને પ્રતિમા બંને નાના નાના ટાપુઓ પર બાંધવામાં આવ્યા છે, જે સમુદ્રમાં અલગ અલગ અને ખડકો જેવા ટેકરાની રચના છે. પીએમ મોદીના સમુદ્રની વચ્ચે સ્થિત સ્મારક પર ૪૫ કલાકના રોકાણ માટે ભારે સુરક્ષા સહિતની તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. ભાજપના નેતાઓએ કહ્યું હતું કે આજે લોકસભા ચૂંટણી પ્રચારની સમાપ્તિ પછી, પીએમ મોદી સ્વામી વિવેકાનંદને શ્રદ્ધાંજલિ આપવા માટે બનાવવામાં આવેલા રોક સ્મારક પર ધ્યાન કરશે.

PMએ ૨૦૧૯ની ચૂંટણી પ્રચાર પછી કેદારનાથ ગુફામાં આવો જ પ્રવાસ કર્યો હતો. પીએમ મોદી ગુરુવાર સાંજથી ૧ જૂનની સાંજ સુધી ધ્યાન મંડપમમાં ધ્યાન કરશે, જ્યાં વિવેકાનંદને 'ભારત માતા' વિશે દિવ્ય દ્રષ્ટિ પ્રાપ્ત થઈ હોવાનું માનવામાં આવે છે. પીએમ મોદીની મુલાકાત પહેલા સુરક્ષા વધારી દેવામાં આવી છે અને તેમના રોકાણ દરમિયાન સુરક્ષા માટે ૨૦૦૦ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવશે, ભારતીય કોસ્ટ ગાર્ડ અને ભારતીય નૌકાદળ પણ ચુસ્ત તકેદારી રાખશે.

વિવેકાનંદ રોક મેમોરિયલ સ્વામી વિવેકાનંદના માનમાં બનાવવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વામી વિવેકાનંદના વિચારોથી પ્રેરિત છે. ચેન્નાઈના માયલાપુરમાં શ્રી રામકૃષ્ણ મઠની ૧૨૫મી વર્ષગાંઠ દરમિયાન તેમણે કહ્યું હતું , કે તેમની સરકારની ફિલસૂફી સ્વામી વિવેકાનંદથી પ્રેરિત છે. નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "આપણી ગવર્નન્સ ફિલસૂફી પણ સ્વામી વિવેકાનંદથી પ્રેરિત છે. તેમણે કહ્યું કે, જ્યારે વિશેષાધિકારો સમાપ્ત થાય છે અને સમાનતા સ્થાપિત થાય છે, ત્યારે સમાજ પ્રગતિ કરે છે. તમે અમારા તમામ મોટા કાર્યક્રમોમાં આ અભિગમ જોઈ શકો છો. પહેલા મૂળભૂત સુવિધાઓને પણ વિશેષાધિકાર માનવામાં આવતું હતું. ઘણા લોકો પ્રગતિના લાભોથી વંચિત હતા.

# સોમનાથ નેશનલ હાઈવે પર બ્રિજની કામગીરી દરમ્યાન થયું મજૂરનું મોત


## બનાવની જાણ થતા પીપાવાવ પોલીસે ઘટના સ્થળે દોડી આવી : પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે મૃત્યુ પામનાર યુવક બિહારનો વતની હતો

ભાવનગર, તા.૩૧

ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે પર મજૂરનું મોત થયાના અહેવાલ સામે આવ્યા છે. નેશનલ હાઈવે પર બ્રિજની કામગીરી ચાલુ છે. બ્રિજની કામગીરી દરમ્યાન લોડરમાં મજૂર આવી જતા નિપજ્યું મોત. બનાવની જાણ થતા પીપાવાવ પોલીસે ઘટના સ્થળે દોડી આવી. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે મૃત્યુ પામનાર યુવક બિહારનો વતની હતો. જે કમાણી કરવા ગુજરાત આવ્યો હતો. પ્રાંતીય ઈસમનું અકસ્માતે મોત થતા મોટી સંખ્યામાં પરંપરાતીઓ લોકો એકત્રિત થયા હતા. ગુજરાતમાં ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે પર બ્રિજની કામગીરી ધમધોકાર ચાલી રહી છે. રાજયમાં અસહ્ય પડતી ગરમીમાં પણ મજૂરો દિવસભર કામ કરતા રહે છે. રાજય સરકારના આદેશ બાદ બપોરે મજૂરોને કામમાંથી રાહત આપવામાં આવે છે. દરમ્યાન નેશનલ હાઈવે પર બ્રિજની કામગીરી ચાલુ છે ત્યારે રાજુલાની ભેરાઈ ચોકડી નજીક ગમખ્વાર ઘટના બનવા પામી. ભેરાઈ ચોકડી પાસે કામગીરી દરમ્યાન મજૂર યુવક પર રોલર ફરી વળતા કમકમાટી ભર્યુ મોત થયું. પીપાવાવ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળ પર પંહોચી. મૃત્યુ પામેલ બિહારના યુવકને પીએમ અર્થે રાજુલા જનરલ હોસ્પિટલ ખસેડાવામાં આવ્યો. સમગ્ર મામલે પીપાવાવ મરીન પોલીસે તપાસ હાથ ધરી છે.

# વૃંદાવન ખાતે શ્રી લોહાણા સમાજ ઓખા પ્રેરિત ભાગવત સપ્તાહના પ્રથમ દિવસે ચુંદડી મનોરથ યોજાયો





(પ્રતિનિધી દ્વારા) દ્વારકા તા.૩૧ : વૃંદાવન ખાતે શ્રી લોહાણા સમાજ ઓખા પ્રેરિત ભાગવત સપ્તાહ ના પ્રથમ દિવસે યમુનાજીને યજમાન કાન્તીલાલ લક્ષ્મીદાસ પંચમતીયા પરિવારના સહયોગથી ભવ્ય ચુંદડી મનોરથ યોજાયો. વૃંદાવન ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં પધારેલ ભાવિકોએ પણ યમુનાજીને ચુંદડી મનોરથ તેમજ આરતીનો નો લાભ લઈ ભાવવિભોર બન્યા હતા.

### કોડીનાર તાલુકાના ડોળાસા અડવી વચ્ચે ત્રણ કી.મી.માં

# નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ફોર ટ્રેક રોડમાં વરસાદી પાણીના નિકાલ માટે એક પણ નાળું ન મૂક્યું

## ધંધાદારીઓએ ગટર બંધ કરી દેતા અનેક ખેડૂતો પરેશાન



ડોળાસા તા.૩૧

કોડીનાર તાલુકાના ડોળાસા અને અડવી વચ્ચે ત્રણ કી.મી.નું અંતર છે. હાલ અડવી ડોળાસા વચ્ચે ફોર ટ્રેક રોડ નું કામ પુરૂ થયું છે. આ રોડ જમીનની સપાટીથી દસ ફૂટ ઊંચો રોડ બનાવાયો છે. આ ત્રણ કી.મી.વચ્ચે અડવી અને ડોળાસા ગામના અનેક ખેડૂતોની જમીન નીચાણમાં આવી ગઈ છે. રોડ આટલો ઊંચો બનાવાયો પણ ખેડૂતોની અનેકવારની માંગ છતાં એક પણ નાળુ મુકવા આવ્યું નથી. અને અધૂરામાં પુરૂ હાઈવે રોડ પર ધંધો કરનારા કેટલાક લોકોએ ગટર બંધ કરી દેતા ભારે વરસાદના સંજોગોમાં આ વિસ્તારની હજારો એકર જમીનમાંથી વરસાદી પાણીનો નિકાલ જ થાય તેમ નથી. જેના કારણે ખેડૂતોનો પાક પણ નિષ્ફળ જશે તેવી સ્થિતિ સર્જાઈ છે. નેશનલ હાઈવેના અધિકારીઓ માત્ર રોડનું જ નિરીક્ષણ કરે છે. પણ આજ અધિકારીઓના ઉદાસીન વલણથી બાજુમાં જમીન ધરાવતા ખેડૂતોની ગંભીર પરિસ્થિતિની નોંધ સુધ્ધા લીધી નથી. આ ખેડૂતોએ કેશરભાઈ નરસિંહભાઈ મોરીની આગેવાનીમાં ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી છે. અને આ ચોમાસા પહેલા પાણીના નિકાલની કાયમી ધોરણે સમસ્યા દૂર નહીં થાય તો ડોળાસા અને અડવી ગામના ખેડૂતો આંદોલનનો માર્ગ લેશે તેમ આ ખેડૂતો એ જણાવ્યું છે.

### પ્રેગ્નન્સી પર મોટો નિર્ણય

# બોમ્બે હાઈકોર્ટે ૧૯ વર્ષની છોકરીને ગર્ભપાત કરાવવાની પરવાનગી આપી

## યુવતીએ કહ્યું કે જો MTP હોવા છતાં સામાન્ય બાળકનો જન્મ થાય છે તો તે બાળકને દત્તક લેવા માટે આપશે

નવી દિલ્હી, તા.૩૧

બોમ્બે હાઈકોર્ટે ૧૯ વર્ષની છોકરીને મેડિકલ ટર્મિનેશન ઑફ પ્રેગ્નન્સી એટલે કે ગર્ભપાત કરાવવાની પરવાનગી આપી છે. હકીકતમાં, કોર્ટમાં અરજી દાખલ કરતી વખતે, છોકરીએ કહ્યું હતું કે તેણીને તેની ગર્ભાવસ્થા વિશે ખૂબ મોડું ખબર પડી. જો કે તેણી તે વ્યક્તિ સાથે લગ્ન કરી શકે છે જે તેણીને ગર્ભવતી થઈ હતી, તે અત્યારે બાળક મેળવવા માંગતી નથી. ૧૯ વર્ષની છોકરી ૨૬ અઠવાડિયાની ગર્ભવતી છે.મેડિકલ બોર્ડના રિપોર્ટમાં એ પણ સૂચવવામાં આવ્યું છે કે જો ગર્ભાવસ્થા સમાપ્તિની પ્રક્રિયા છતાં બાળકનો જન્મ થાય છે, તો તાત્કાલિક અને લાંબા ગાળાની શારીરિક અને માનસિક વિકલાંગતાની ઉચ્ચ સંભાવના છે, જે બાળકના જીવનની ગુણવત્તાને ગંભીરપણે જોખમમાં મૂકશે. યુવતીએ કહ્યું કે જો એમટીપી હોવા છતાં સામાન્ય બાળકનો જન્મ થાય તો તે બાળકને દત્તક લેવા માટે આપશે પરંતુ આ તબક્કે તે એમટીપી માટે જવા માંગે છે.જસ્ટિસ એનઆર બોરકર અને સોમશેખર સુંદરસનની ખંડપીઠે કહ્યું કે આ યૌન ઉત્પીડનનો મામલો નથી, પરંતુ યુવક અને યુવતી વચ્ચે સહમતિથી સંબંધ હતા, જેના કારણે યુવતી ભૂલથી ગર્ભવતી થઈ ગઈ હતી. અગાઉની સુનાવણી દરમિયાન, બેન્ચે કહ્યું હતું કે અરજી સાથે જોડાયેલ ખાનગી હોસ્પિટલના મેડિકલ રિપોર્ટ સૂચવે છે કે ગર્ભમાં કોઈ અસામાન્યતા નથી. જો કે, તે રિપોર્ટમાં અરજદારના ભાવનાત્મક અને માનસિક સ્વાસ્થ્યને ધ્યાનમાં લેવામાં આવ્યું ન હતું અને તેથી કોર્ટે મેડિકલ બોર્ડ પાસેથી રિપોર્ટ માંગ્યો હતો.પુણેની સસૂન હોસ્પિટલના મેડિકલ બોર્ડે તેના રિપોર્ટમાં કહ્યું હતું કે મહિલાની હાલની માનસિક સ્થિતિ, સામાજિક-સાંસ્કૃતિક અને આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને, ગર્ભાવસ્થા ચાલુ રાખવાથી ગંભીર માનસિક ઈજા થઈ શકે છે. જયારે કોર્ટે એમટીપીના મુદ્દા પર છોકરી સાથે વ્યક્તિગત રીતે વ્યવહાર કર્યો, ત્યારે તેણે એ પણ નોંધ્યું કે એમટીપી એક્ટની કલમ 3(2)(b)(i) એ જોગવાઈ કરે છે કે એવા કિસ્સામાં કે જેમાં ગર્ભાવસ્થા ચાલુ રાખવાથી ગંભીર ઈજા થઈ શકે છે. સ્ત્રીનું શારીરિક અથવા માનસિક સ્વાસ્થ્ય, આવા કિસ્સામાં રજિસ્ટર્ડ ડૉક્ટર દ્વારા ગર્ભાવસ્થાને સમાપ્ત કરી શકાય છે.કલમ ૩(૨) ની સમજૂતી ૨ સગર્ભા સ્ત્રીના માનસિક સ્વાસ્થ્યને ગંભીર ઈજાના કાયદાકીય અનુમાન માટે જોગવાઈ કરે છે જો ગર્ભાવસ્થા બળાત્કારને કારણે થઈ હોય. જો કે, ખંડપીઠે કહ્યું કે આવી જોગવાઈનો અર્થ એ નથી કે જાતીય સતામણી એ એકમાત્ર આધાર હશે જેના આધારે વ્યાવસાયિક ક્લિનિકલ તબીબી નિષ્કર્ષ દોરવામાં આવશે કે ગર્ભાવસ્થા ચાલુ રાખવાથી માનસિક સ્વાસ્થ્યને ગંભીર નુકસાન થશે.છોકરી હજુ પણ ગર્ભપાત કરાવવા ઈચ્છુક છે અને તેને ગર્ભપાત માટે અનુસરવાની પ્રક્રિયા વિશે સારી રીતે જાણ કરવામાં આવી છે. ખંડપીઠે કહ્યું કે અરજદારનો તેના શરીર વિશે સ્વાયત્ત પસંદગી કરવાનો અને તેનો ઉપયોગ તબીબી ગર્ભપાતના વિકલ્પ તરીકે કરવાનો સાર્વભૌમ અધિકાર છે, તે પોતાને સ્વીકારે છે. જો કે, રાજ્યએ ધ્યાન દોર્યું કે આ માટે પુરુષની સંમતિ જરૂરી છે, કારણ કે તે જાતીય સતામણીનો કેસ નથી.

# સ્ટ્રક્ચરલ સર્ટિફિકેટ આપનાર એન્જિનિયરની ધરપકડ કરાઈ

મુંબઈ, તા.૩૧

ઘાટકોપર હોર્ડિંગ પડવાથી ૧૭ લોકોના મોત થયા હતા અને સેંકડો લોકો ઘાયલ થયા હતા. આ કેસમાં ઈગો મીડિયા કંપનીના માલિક ભાવેશ ભીંડેની મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી હતી. હવે આ કેસમાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે મનોજ રામકૃષ્ણની ધરપકડ કરી છે. મનોજ રામકૃષ્ણ એ જ વ્યક્તિ છે જેણે ઘાટકોપરના હોર્ડિંગ્સ લગાવવા માટે ઈગો મીડિયા પ્રાઈવેટ લિમિટેડને સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી સર્ટિફિકેટ આપ્યું હતું.મનોજ રામકૃષ્ણ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી સર્ટિફિકેટ પ્રદાન કરવા માટે અધિકૃત એન્જિનિયર છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ શુક્રવારે મનોજ રામકૃષ્ણને કોર્ટમાં રજૂ કરશે અને તેની પોલીસ કસ્ટડીની માંગણી કરશે.

### :: અવસાન નોંધ ::

જૂનાગઢ નિવાસી સ્વ. કાનાભાઈ નગાભાઈ ભેટારિયાના ધર્મ પત્ની રૂડીબેન ઉંમર વર્ષ ૭૦ તેઓ ગોકુળ પ્રોવિઝનવાળા જાદવભાઈ અને માધવ પ્રોવિઝન વાળા ગોવિંદભાઈના માતુશ્રીનું તા.૩૧-૦૫-૨૦૨૪ ના અવસાન થયેલ છે. તેઓનું બેસણું તા.૧-૦૬-૨૦૨૪ ને શનિવારે બપોરે ૪ થી ૬ શાંતેશ્વર મંદિર દોલતપરા ખાતે રાખેલ છે.

# કેશોદ : પતીએ પત્નીને માર માર્યો - ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૧

કેશોદ ખાતે રહેતા અલ્કાબેન પરેશભાઈ લોઢીયાએ તેમનાં પતિ પરેશભાઈ નરોતમભાઈ લોઢીયાએ શારીરીક માનસીક દુઃખ ત્રાસ આપી ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ભુંડી ગાળો બોલી ગુનો કર્યાની ફરીયાદ નોંધાવતાં કેશોદ પોલીસે તપાસ હાથ ધરી છે.

# વિસાવદર : રૂા. ૯૫,૫૦૦ની છેતરપીંડીની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૧

વિસાવદરનાં જીવાપરા વિસ્તારમાં રહેતા મુકેશભાઈ પાંચાભાઈ રીબડીયાએ પ્રવિણભાઈ ઉર્ફે સંજયભાઈ પટેલ, શીતલબેન પ્રવિણભાઈ, શીતલ રામનજીભાઈ વસાવા અને રમેશભાઈ ઉર્ફે પરબત વસાવા સામે ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં આરોપીઓ અગાઉ કાવતરૂ રચી ફરીયાદીનાં ભત્રીજાનાં લગ્ન કરાવવા બાબતે વિશ્વાસમાં લઈ વિશ્વાસઘાત કરી સગાઈ કરતી વખતે રોકડ રૂા. ૭૫ હજાર તથા કપડા, ઘરેણા, મોબાઈલ મળી કુલ રૂા. ૯૫૫૦૦ની છેતરપીંડી કર્યાની ફરીયાદ વિસાવદર પોલીસમાં નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


# ચોરવાડ : મહિલાને ઘરકામ બાબતે માર મારતા ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૧

ચોરવાડ બંદર વિસ્તારમાં રહેતા હલીમાબેન અનવરભાઈ લુચાણીએ અનવરભાઈ જુસબભાઈ લુચાણી, જુસબભાઈ અલારખાભાઈ લુચાણી, ઈરફાનભાઈ જુસબભાઈ લુચાણી સામે ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામના આરોપીઓએ ફરીયાદી બેનને ઘરકામ બાબતે મેણાટોણા મારી અવાર નવાર ભુંડી ગાળો આપી ફરીયાદીને ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને ચડામણીઓ કરી શારીરીક તેમજ માનસીક દુઃખ ત્રાસ આપી તેમજ એકબીજાને મદદગારી કર્યાની ફરીયાદ નોંધાવતાં ચોરવાડ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જગદગુરૂ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતી મહારાજનું દ્વારકામાં આગમન




(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૩૧

પશ્ચિમામ્નાય અનંતશ્રી વિભુષિત દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદગુરૂ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજનું આગમન તા. ૩૦-૦૫-૨૦૨૪ના રાત્રે શ્રીશારદાપીઠ, શ્રીશંકરાચાર્ય મઠ, દ્વારકામાં થયો છે. પૂજ્ય મહારાજશ્રી ના દર્શન નો સમય સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ તથા સાંજે ૦૬:૦૦ થી ૦૮:૦૦ સુધી રહેશે.

# જૂનાગઢ એસટી કર્મચારી મંડળનાં ઉપપ્રમુખ વી.કે. ભાદરકાનો આવતીકાલે જન્મ દિવસ



જૂનાગઢ તા. ૩૧

જૂનાગઢ એસટી કર્મચારી મંડળનાં ઉપપ્રમુખ અને અનેક સેવાકીય પ્રવૃતિઓ કરનાર વી.કે. ભાદરકાનો આવતીકાલ તા. ૧-૬-૨૪નાં રોજ જન્મ દિવસ હોય તેમનાં સ્નેહીઓ, મિત્રો અને શુભેચ્છકો તરફથી મો. નં. ૭૮૭૮૬ ૬૮૮૪૪ ઉપર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# No Drugs Campaignના સંદેશા સાથે જૂનાગઢના મયુર બજાણિયાએ લહેરાવ્યો ૧૭૩૦૦ ફૂટની ઊંચાઈ ઉપર ત્રિરંગો




જૂનાગઢ, તા.૩૧

ભારત જયારે પોતાની વિશ્વગુરૂની ઓળખ વિશ્વભરમાં બનાવી રહ્યું છે જેમાં ગુજરાતીઓનો ફાળો અનન્ય છે ત્યારે ગુજરાતના ૧૯ સાહસિક યુવાઓની ટીમ દ્વારા તારીખ ૨૮ મે ના રોજ ખુબ મુશ્કેલ ગણાતા પીર પંજાલ રેન્જ સ્થિત હિમાચલમાં આવેલા માઉન્ટ ફ્રેન્ડશિપ કે જેની ઊંચાઈ ૧૭,૩૦૦ ફૂટ છે; જેમા દુર્ગમ ચઢાણ અને અત્યંત નીચા તાપમાનનો સામનો કરી ગુજરાતના યુવાનોની ટીમે સફળતાપૂર્વક આરોહણ કરીને તેના ઉપર તિરંગો લહેરાવ્યો હતો તથા **NO DRUGS CAMPAIGN**નો સંદેશ આપ્યો હતો.

ઈન્વિન્સિબલ એન.જી.ઓ ભારતનું સૌથી મોટું ટ્રેકિંગ અને એડવેન્ચર ઓર્ગેનાઈઝેશન છે જેના દ્વારા આ યુવાઓને ૨ મહિનાની કઠોર તાલીમ આપવામાં આવી હતી કે જેમાં દરરોજ ૫ કિમી નું રનીંગ, સામાન સાથે ચઢ ઉતર ની પ્રેક્ટિસ અને યોગ પ્રાણાયામનો અભ્યાસ ,ટ્રેકિંગ અને પર્વતારોહણ નો આગવો અનુભવ ધરાવતા પ્રતિયોગીઓની પસંદગી કરવામાં આવી હતી આ ઉપરાંત વિડિયો લેક્ચર દ્વારા ટેકનિકલ તાલીમ આપવામાં આવી હતી અને ત્યાર બાદ શારીરિક કસોટીના આધારે તેઓની પસંદગી કરવામાં આવી હતી.

તા ૨૧ મેના રોજ મુશ્કેલ ગણાતા માઉન્ટ ફ્રેન્ડશિપ તરફ પ્રયાણ કર્યું હતું અને તા ૨૮ મેના રોજ સમિટ કરી ૧૭૩૦૦ ફૂટની ઊંચાઈ એ તિરંગો લહેરાવ્યો હતો તથા ઈન્વિન્સિબલ એન.જી.ઓ છેલ્લા કેટલાક વર્ષોથી ચાલી રહેલા ડ્રગ્સ ના દૂષણ ને નાથવા રાત દિવસ પ્રયત્નો કરી રહી છે માટે **NO DRUGS CAMPAIGN** નો મેસેજ આપ્યો હતો જેથી યુવાઓમાં ડ્રગ્સ માટેની જાગૃતતા વધે માટે સમગ્ર ટીમને ઈન્વિન્સિબલ એન.જી.ઓ દ્વારા સ્પોન્સર કરવામાં આવી હતી. આ ૧૯ સાહસિક યુવાની ટીમમાં જૂનાગઢના મયુર બજાણિયા ઉપરાંત ૧૮ યુવાઓએ ભાગ લીધો. આ પૈકી વત્સલ કથીરિયા, નંદન માણેક, ગર્વ મેવાડા, વિશ્વાસ હપાણી, ધ્રુવ પટેલ, ચિરાગ પટેલ, સ્વયમ કાચા, આશુતોષ મહેતા, હેત પટેલ એ સફળતા પૂર્વક આરોહણ કર્યુ. જયારે દીપ હપાણી, પ્રિયા પટેલ, સાર્થક જોષી, મયુર બજાણિયા, નિશીલ ગર્દેશિયા, મયંક કાચા એ બીમાર પ્રતયોગીની મદદ માટે તે ટોચથી ૧૫૦ ફીટ નીચે રહી ગયા અને ટીમ સ્પિરિટનું મજબૂત ઉદાહરણ પૂરૂ પાડયું હતું.

# જૂનાગઢ મનપા દ્વારા નિર્મળ ગુજરાત સ્વચ્છતા પખવાડીયાની થીમ સાથે સફાઈ અભિયાનનું આયોજન કરાયું

## ધાર્મીક સ્થળો,હેરીટેજ સ્થળો, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડની આજુ બાજુ, મહાનુભાવોની પ્રતિમા, શહેરના એન્ટ્રી પોઈન્ટ, જાહેર માર્ગો, સ્લમ વિસ્તારો, વેજીટેબલ માર્કેટો વગેરે વિસ્તારોમાં સફાઈ કામગીરી હાથ ધરાશે

જૂનાગઢ, તા.૩૧

સ્વચ્છ ભારત મીશન અર્બન ૧.૦, સમગ્ર દેશમાં સ્વચ્છતા અને સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા માટે નીમીત બની રહયુ છે જેની સફળતાને આધારે,ભારત સરકારશ્રી દવારા ૨૦૨૬ સુધીમાં તમામ શહેરોને 'કચરા મુકત શહેરો' બનાવવાના ઉદેશ્ય સાથે સ્વચ્છ ભારત મિશન અર્બન ૨-૦ લોન્ચ કરવામાં આવ્યુ છે. રાજયના તમામ નાગરીકોની સભાન ભાગીદારી કેળવવા અને ગુજરાત રાજયને સ્વચ્છતા બાબતે ભારત દેશમાં મોડેલ રાજય બનાવવા નિર્મળ ગુજરાત ૨.૦ લોન્ચ કરવામાં આવેલ છે.

સરકાર નિર્મળ ગુજરાત ૨.૦ હેઠળ દર્શાવેલ થીમ અને પ્રવૃતી સાથે તા.૧/૬/૨૦૨૪ તા.૧૫/૬/૨૦૨૪ દરમ્યાન સુચવ્યા મુજબ "નિર્મળ ગુજરાત સ્વચ્છતા પખવાડીયા"ની પ્રવૃતી હાથ ધરવા સુચના થઈ આવેલ છે.સદરહુ સુચના મુજબ ડો.ઓમ પ્રકાશે છજી માન.કમિશનર શ્રી મહાનગર પાલિકા,જુનાગઢના માર્ગદર્શન હેઠળ મહાનગર પાલિકા, જુનાગઢ દ્વારા તા.૧/૬/૨૦૨૪ તા.૧૫/૬/૨૦૨૪ સુધી સવારે ૮ થી બપોરે ૧૨ દરમ્યાન સફાઈ અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.આ કાર્યક્રમ દરમ્યાન શહેરના રૂટીન ૭૦૦ કામદારો ઉપરાંત કામદારો ઉપરાંત ૧૦૦ ખાસ કામદારો અને ટ્રેકટરો , જે.સી.બી. મારફત ધાર્મીક સ્થળો, હેરીટેજ સ્થળો, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડની આજુ બાજુ તથા મહાનુભાવોની પ્રતિમા, શહેરના એન્ટ્રી પોઈન્ટ, જાહેર માર્ગો, સ્લમ વિસ્તારો, વેજીટેબલ માર્કેટો વગેરે સહિત તમામ વિસ્તારોમાં સફાઈ કામગીરી કરાવવામાં આવશે.અને સફાઈ બાદ કચરાનું પરીવહન તથા જરૂરી ચુનાનો છંટકાવ કરવામાં આવશે.

તા.૫ જુન 'વિશ્વ પર્યાવરણ દિવસ' દિવસે શહેરના જુદા જુદા વિસ્તારો, સોસાયટીઓમાં વૃક્ષારોપણ કરવામાં આવશે. આ અભિયાન દરમ્યાન ખાનગી સોસાયટીઓ, મોલ, હાઉસીંગ કોલોનીઓ, સરકારી કચેરીઓ, સીવીલ હોસ્પીટલો , સરકારી દવાખાના, **PHC, CHC,** અને અર્બન હેલ્થ સેન્ટરો અને ખાનગી હોસ્પીટલોમાં પણ સફાઈ હાથ ધરવા સુચના થયેલ હોય જેથી સબંધીત વિભાગોના વડા, સંચાલકો દ્વારા તેઓના તાબા હેઠળની જગ્યાઓ સફાઈ કરાવી અને તેના પહેલાના તથા બાદના ફોટો અને વિગતો અત્રેની કચેરીએ મોકલી આપવા અને આ અભિયાનમાં શહેરને સ્વચ્છ રાખવા દરેક નાગરીકને જોડાઈ જન ભાગીદારીથી અભિયાનને સફળ બનાવવા મહાનગર પાલિકા,જુનાગઢ દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

# જૂનાગઢમાં યોગ દિવસ નિમિત્તે યોગ મહોત્સવનું આયોજન કરાયું

જૂનાગઢ, તા.૩૧

લોટસ સ્પોટર્સ એકેડેમી એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ- જૂનાગઢ તથા ગોપાલ કૃષ્ણ ટ્રસ્ટ જૂનાગઢના સંયુકત ઉપક્રમે વિશ્વ યોગ દિવસ નિમિત્તે યોગ મહોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે જેમાં ૯ થી ૧૫ તથા ૧૬ થી ૨૫ તથા ૨૬ થી ૩૫ તથા ૩૬થી ૪૫ તથા ૪૬ વર્ષથી ઉપરની વયના એમ અલગ અલગ વય જુથના સ્ત્રી તથા પુરૂષો માટે યોગાસન સ્પર્ધા-૨૦૨૪નું ગોપાલ કૃષ્ણ ટ્રસ્ટ ગાંધીગ્રામ ફાટક પાસે જૂનાગઢ ખાતે તા.૯ જુન ૨૦૨૪ને રવિવારના રોજ સવારે ૭ વાગ્યે કરવામાં આવેલ છે જેમાં જૂનાગઢની જનતાને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટેનું રજીસ્ટ્રેશન લોટોસ સ્પોટર્સ શોપ, લોહાણા વિદ્યાર્થી ભવન ભુતનાથ રેલ્વે ફાટક પાસે જૂનાગઢ ખાતે કરવામાં આવશે તેમજ વધુ માહિતી માટે તથા ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે આર્ય દીપક (૯૯૦૪૦ ૯૩૭૨૨), નીતીન સોલંકી (૯૬૮૭૨ ૯૭૯૬૨), મહેન્દ્ર ગોસાઈ (૯૯૦૯૫ ૦૩૭૨૦) ઉપર સંપર્ક કરવા એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢમાં જાપાન ટેકનોલોજી દ્વારા બોડી ચેકઅપ કેમ્પનું આયોજન

જૂનાગઢ, તા.૩૧

આજના આધુનિક યુગમાં મોટાભાગના લોકો કોઈને કોઈ દર્દથી પીડાતા હોય છે મોંઘાત સારવારને કારણે વધુ તકલીફ ઊભી ન થાય ત્યાં ગાડું ગબડવા લાગે છે. જયારે જાગૃત લોકો સમયાંતરે બોડી ચેકઅપ કરાવતા હોય છે. આવા સમયે જૂનાગઢના પ્રતીક્ષા ક્લિનિક દ્વારા જાપાની ટેકનોલોજી મશીન દ્વારા આગામી તા.૨ ના રાહતનો બોડી ચેકઅપ તેમનું આયોજન કરાયું છે તેમાં માત્ર રૂપિયા ૨૫૦માં ઈફેકટ પ્રકારની તપાસ કરી આપવામાં આવશે. જાપાની ટેકનોલોજી મશીન દ્વારા બોડી ચેકઅપમાં દુખાવા વગર એક પ્રકારના ચેકઅપમાં હૃદય જઠર લીવર કીડની ફેફસા મગજ હાડકાના રોગો સાધ્વી ગુણવત્તા ચામડી સફેદ ડાઘ ખરજવા સાંધા મણકા ડાયાબિટીસ કોલેસ્ટ્રોલ મસા, પેટના રોગો વજન વધઘટ યુરિક એસિડની તપાસ કરાશે. આ બોડી ચેક અપમાં સામાન્ય રીતે ૩,૦૦૦ નો ખર્ચ થાય છે પરંતુ આ કેમમાં માત્ર રૂપિયા ૨૫૦ માં તમામ રિપોર્ટ દરજી મેળવી શકશે. આ કેમનો લાભ લેવા ઈચ્છા દર્દીઓએ ડોક્ટર પ્રતીક્ષા દ્વારા પ્રતિક્ષા કલીનીક સેન્ટ્રલ પ્લાઝા ખલીલપુર રોડ જૂનાગઢ ખાતે તારીખ ૨ ના રોજ સવારે ૯:૦૦ થી ૨:૦૦ દરમ્યાન ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

# જૂન માસમાં બાંધકામ શ્રમયોગીઓને બપોરે ૧ થી ૪ કલાકના સમયગાળા દરમ્યાન વિશ્રામ માટે સમય આપવાનો રહેશે

## શ્રમયોગીઓને લૂ લાગવી કે અન્ય સ્વાસ્થ્ય સંબંધીત જોખમો સામે રક્ષણ મળી રહે તે માટે નિર્ણય

જૂનાગઢ, તા.૩૧

બાંધકામ શ્રમયોગીઓને લૂ લાગવી કે અન્ય સ્વાસ્થ્ય સંબંધીત જોખમો સામે રક્ષણ મળી રહે તે માટે બાંધકામ પ્રવૃતી કરનાર બિલ્ડર્સ, એમ્પ્લોએર્સ, કોન્ટ્રાકટર્સ, વગેરેએ જૂન માસમાં બપોરે ૧ થી ૪ કલાકના સમયગાળા દરમ્યાન વિશ્રામ માટે સમય આપવાનો રહેશે

મકાન અને બાંધકામની કામગીરીમાં રોકાયેલા બાંધકામ શ્રમયોગીઓને પ્રવર્તમાન ઉનાળા સિઝનમાં અવારનવાર રહેતી/પડતી અતિશય ગરમીના કારણસર લૂ લાગવી કે અન્ય સ્વાસ્થ્ય સંબંધીત જોખમો સામે રક્ષા મળે તે હેતુથી બપોરે ૧ થી ૪ કલાકના સમયગાળા દરમિયાન ખુલ્લી જગ્યાઓ કે જ્યા સૂર્યના તાપની સીધી અસર પડે તેવી જગ્યાએ તમામ બાંધકામ પ્રવૃતી કરનાર બિલ્ડર્સ, એમ્પ્લોએર્સ, કોન્ટ્રાકટર્સ, વગેરેના બાંધકામ પ્રવૃતી સાથે સંકળાયેલા શ્રમયોગાને આગામી સમય જુન-૨૦૨૪ સુધી ઉકત સમયગાળો પુરતો આરામ/ વિશ્રામ માટેનો સમય ખાસ કિસ્સામાં ફાળવવા સૂચના આપવામાં આવે છે. તથા તે રીતે ફાળવેલ સમયનો વિશ્રામનો સમય ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી નિયમો-૨૦૦૩ ના નિયમ-૫૦(૨) મુજબ વિશ્રામ **(Intervel of rest)** નો સમય ગણવાનો રહેશે તેમજ નિયમ-૫૦(૩) મુજબ આ રીતે આપવામાં આવનાર વિશ્રામના સમયગાળા સહિતનો કુલ સ્પ્રેડ ઓવર સમય દિવસમાં બાર કલાક કરતા વધે નહી તેનુ ધ્યાન રાખવા આથી સૂચના આપવામાં આવે છે.

# જૂનાગઢમાં રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી અંતર્ગત સ્પેશિયલ ડ્રાઈવ, ૬ ટીમો દ્વારા ઘરોમાં સર્વેલન્સ કરવામાં આવશે

## તા.૧/૬/૨૦૨૪ થી ૩૧/૭/૨૦૨૪ સુધી શહેરના જુદા જુદા વિસ્તારોમાં અંદાજીત ૭૪૦૦૦ ઘરોમાં સર્વેલન્સ કરવામાં આવશે

જૂનાગઢ, તા.૩૧

ભારત સરકાર દ્વારા જુન માસ મલેરિયા વિરોધી માસ અને જુલાઈ માસ ડેન્ગ્યુ વિરોધી માસની ઉજવણી અમલમાં મુકવામાં આવેલ છે. જે અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા આ ઉદેશને સાકાર કરવા સઘન ઝુંબેશ શરૂ કરેલ છે. જેના ભાગરૂપે હાથ ધરવાની થતી જુદી જુદી પ્રવુતિઓનું આયોજન અને કરી અને આરોગ્ય કર્મચારીઓને ૬ ટીમો બનાવી અને તા.૧/૬/૨૦૨૪ થી ૩૧/૭/૨૦૨૪ સુધી શહેરના જુદા જુદા વિસ્તારોમાં અંદાજીત ૭૪૦૦૦ ઘરોમાં સર્વેલન્સ કરવામાં આવશે જેમાં શહેરમાં જુદા જુદા વિસ્તરોના ઘરોમાં મચ્છર ઉત્પતિ સ્થાનો શોધવામાં આવશે જેનો નાશ કરવામાં આવશે તદઉપરાંત ગંદા પાણીના ખાડાઓમાં બળેલ ઓઈલનો છંટકાવ કરી મચ્છર ઉત્પતિ અટકાવવા કામગીરી કરવામાં આવનાર છે. **NVBDC** પ્રોગામ અંતર્ગત જાહેર કરેલ દર વર્ષની જેમ જુન માસ મલેરિયા વિરોધી માસ અને જુલાઈ માસ ડેન્ગ્યુ વિરોધી માસ તરીકે ઉજવવામાં આવે છે. જેનો હેતુ ડેન્ગ્યુ જેવા વાહકજન્ય રોગોના અસરકારક નિયંત્રણ/નાબુદી માટે વિવિધ આઈ.ઈ.સી. માધ્યમથી જનજાગૃતિ કેળવવા જનસમુદાયની સક્રિય ભાગીદારી મેળવવા જુદી જુદી કામગિરી કરવામાં આવનાર છે. મલેરિયા વિરોધી માસ તથા ડેન્ગ્યુ વિરોધી માસની ઉજવણીમાં ફિલ્ડ કામગીરીની વિગતમાં જૂનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં આરોગ્ય કાર્યકરો તથા આશાની ૬ ટીમ દ્વારા દરેક અર્બન હેલ્થ સેન્ટરમાં હાઉસ ટુ હાઉસ રૂબરૂ ઘરોની ફિલ્ડ મુલાકાત કરી સર્વેલન્સ, પોરાનાશક, આરોગ્ય શિક્ષણ કામગીરી માં રેલીઓ,બેનર અને પોસ્ટર લગાવવા, પત્રીકા વિતરણ અન્ય આરોગ્ય શિક્ષણની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

વાહકજન્ય રોગથી લોકોએ ગભરાવવાની કે ખોટી દહેશત ફેલાવવાની જરૂર નથી. ડેન્ગ્યુ/ મેલેરીયા/ચીકનગુનિયા તાવના લક્ષણો જણાય તો નજીકના શહેરી આરોગ્ય કેન્દ્ર/સામુહિક આરોગ્ય કેન્દ્ર/સરકારી હોસ્પિટલો કે આરોગ્ય કાર્યકરનો તાત્કાલિક સંપર્ક કરીને લેબોરેટરી પરીક્ષણ કરાવી સારવાર લેવા વિનંતી.

વાહકજન્ય રોગોનો ફેલાવો અટકાવવા માટે રાજય સરકારના ઘનિષ્ઠ પ્રયત્નોને સફળતા મળે તે માટે આપના ઘર તથા આજુબાજુ પાણીના ખુલ્લાં પાત્રો કે પાણીના ભરાવવાઓ ન રહેવા પામે તેમજ ચોમાસા દરમિયાન વરસાદનું પાણી ભરાઈ શકે તેવા નાના મોટા પાત્રો નો નિકાલ કરી અને આપણા શહેરને મલેરીયા/ ડેન્ગ્યુ/ ચિકનગુનિયા ના સંભવિત રોગચાળા થી મુક્ત રાખવા સૌ સાથે મળી પ્રયત્નો કરવા મહાનગર પાલિકા જૂનાગઢ દ્વારા શહેરીજનોને અપીલ કરવામાં આવે છે.

# બીએપીએસ સ્વામિનારાયણ મંદિર સુત્રાપાડા ખાતે પ્રથમ પાટોત્સવની ભવ્યાતિ ભવ્ય ઉજવણી

## આ કાર્યક્રમમાં બીએપીએસ સંસ્થાનાં સંતો- મહંતો અને આમંત્રિત મહેમાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા, તા.૩૧

સુત્રાપાડાની પવિત્ર ભૂમિ ઉપર બીએપીએસ સંસ્થા દ્વારા નિર્માણ પામેલ સ્વામિનારાયણ મંદીરનો પ્રથમ પાટોત્સવ ખુબ ભવ્યતા અને દિવ્યતાપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં હજારો હરિભક્તોની ઉપસ્થિતિ હતી. આ પ્રથમ પાટોત્સવ કાર્યક્રમમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિર જૂનાગઢના કોઠારી શ્રી પૂજ્ય



ધર્મવિનય સ્વામી અને પૂજ્ય સેવામૂર્તિ સ્વામી આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પાટોત્સવની આરતી અને પ્રસંગોપાત પ્રવચન અને આશીર્વચનનો લાભ આપ્યો હતો સાથે સાથ ગીરસોમનાથ જિલ્લા ભાજપ મહામંત્રી દિલીપભાઈ બારડ, સુત્રાપાડા નગરપાલિકા સભ્ય જેશીંગભાઈ બારડ, રમેશભાઈ વડાંગર તેમજ તાલાળા મત વિસ્તારના ધારાસભ્ય ભગવાનભાઈ બારડના પ્રતિનિધિરૂપે અજયભાઈ બારડ તેમજ

અન્ય આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પાટોત્સવના કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવા માટે બીએપીએસ સ્વામિનારાયણ મંદિર જૂનાગઢના સંત નિર્દેશક પૂજ્ય અખંડ ચિંતન સ્વામી અને પૂજ્ય પરમનિલય સ્વામીના માર્ગદર્શન હેઠળ તમામ કાર્યકર્તાઓએ ખૂબ આયોજનપૂર્વક અને ઉત્સાહભેર સેવામાં જોડાયા હતા તેમજ આ પાટોત્સવના વિશિષ્ટ પ્રસંગે ખાસ વિશેષ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાપૂજામાં બહોળી સંખ્યામાં હરિભક્તોએ જોડાયા હતા. પ્રથમ પાટોત્સવ નિમિત્તે મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સુત્રાપાડા પંથકના આજુબાજુ ગામના સત્સંગી હરિભક્તો તેમજ સુત્રાપાડાના નગરજનો પણ હજારોની ઉપસ્થિત રહ્યા હતા.

# માણાવદર બ્રહ્મ સમાજનું ગૌરવ, કુ. જાહનવી જોષીએ બીએસસીમાં પ્રથમ ક્રમે ઉતીર્ણ

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર, તા.૩૧

માણાવદર નગરપાલિકાના પૂર્વ સેક્રેટરી અને ઉમદા સાહિત્યકાર એવા સ્વ.શ્રી વિનોદ એન. જોષી કે જેઓએ માણાવદર શહેરને પોતાની કર્મભૂમિ બનાવેલ અને સામાજીક, ધાર્મિક, વહીવટી તેમજ સાહિત્ય ક્ષેત્રે તેમનું મહત્વનું પ્રદાન રહેલ છે તેવા સ્વ.વિનોદભાઈ જોષીના પૌત્રી અને માણાવદર નગરપાલિકા કચેરી અધિક્ષક પરેશ વી. જોષીની પુત્રી કુ. જાહનવી



પરેશભાઈ જોષીએ ફોરેન્સીક સાયન્સમાં બી.એસ.સી. પૂર્ણ કરી યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે ઉતીર્ણ થઈ જોષી પરીવાર અને સમસ્ત બ્રહ્મ સમાજનું ગૌરવ વધારેલ છે.

આ તકે તેઓનો રૂબરૂ સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે, મારા અભ્યાસના આ પરીણામનો સમસ્ત શ્રેય મારા દાદીમાં, માતા-પિતા તથા મારા સમસ્ત પરીવાર તરફથી મળેલ હુંફ, પ્રેમ અને કાળજી તથા મારા સમસ્ત ગુરૂજનો તરફથી ઉત્તમ શિક્ષણનો આપીશ તેમજ સમાજ તરફથી મળેલ આશીર્વાદ માટે હું સમસ્ત સમાજને વંદન સાથે ઋણ સ્વીકાર કરૂ છું.




ડોકટરે પાણી વધુ લેવાનું કહ્યું છે, માટે જ દરરોજ પાણીપુરી ખાવા આવું છું !



આઈપીએલ તો પુરી થઈ ગઈ, હવે વરસાદ ઉપર સટ્ટો રમશું ?

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# રાહુલ ગાંધીની માઓવાદી માનસિકતા

છેલ્લા કેટલાય વખતથી રાહુલ ગાંધી જે રીતે ઉદ્યોગપતિઓને ખલનાયક સાબિત કરવા અને તેમને ગરીબ વર્ગના શત્રુ ગણાવવાની જહેમત કરી રહ્યા છે, તે અતિ ડાબેરી વિચાર જ નહીં, પરંતુ માઓવાદીઓ જેવી માનસિકતા જ દર્શાવે છે. કદાચ એ જ કારણ રહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને નિશાના પર લેતાં એમ કહ્યું કે કોઈપણ ઉદ્યોગપતિ કોંગ્રેસ શાસિત રાજ્યમાં રોકાણ કરતાં પહેલાં પચાસ વાર વિચારશે. એ સ્વાભાવિક જ છે, કારણ કે રાહુલ ગાંધી સતત ઉદ્યોગપતિઓ પર હુમલો કરી રહ્યા છે. આ નિકૃષ્ટ કામ તો તેઓ ગઈ ચૂંટણીઓના સમયથી કરતા આવ્યા છે, પરંતુ આ ચૂંટણીમાં તેમણે પોતાનાં નિવેદનોને વધુ ધાર આપી છે. તેઓ અંબાણી અને અદાણીને ખાસ નિશાના પર લઈ રહ્યા છે. તે ઉપરાંત તેઓ દેશભરમાં ફરી ફરીને એમ કહી રહ્યા છે કે મોદી સરકાર માત્ર થોડા ઉદ્યોગપતિઓના હિતમાં જ કામ કરે છે. સંભવતઃ રાહુલ ગાંધી એ જાણીજોઈને ભૂલી જાય છે કે અંબાણી, અદાણી અને એવા જ અન્ય ઉદ્યોપતિ ૨૦૧૪ બાદ જ નથી ફૂટી નીકળ્યા. એ તો કોંગ્રેસના જમાનામાં પણ ફૂલ્યા-ફાલ્યા હતા. એ વિચિત્ર છે કે અંબાણી અને અદાણી દ્વારા કોંગ્રેસ શાસિત રાજ્યોમાં પણ રોકાણ કરવામાં આવે છે તેમ છતાં રાહુલ ગાંધી તેમના પર નિશાન સાધી રહ્યા છે. સ્પષ્ટ છે કે આ રોકાણ ત્યારે જ સંભવ થઈ રહ્યું છે જ્યારે કોંગ્રેસી સરકારો તેમને રોકાણ માટે આમંત્રિત કરી રહી છે. તેનો સીધો અર્થ છે કે કોંગ્રેસના મુખ્યમંત્રીઓ પણ રાહુલ ગાંધીની વાત સાથે સહમત નથી. તેનું ઉદાહરણ અદાણી સમૂહ દ્વારા કોંગ્રેસ શાસિત તેલંગણામાં રોકાણ કરવાનું છે. એના પહેલાં રાજસ્થાનમાં અશોક ગેહોલતની સરકારના સમયે પણ અદાણી સમૂહે રાજ્યમાં ભારે રોકાણની જાહેરાત કરી હતી.

સમજવું મુશ્કેલ છે કે જો રાહુલ ગાંધીને એ ઉદ્યોગપતિઓ સામે એટલી જ ચીડ હોય તો તેઓ પોતાના મુખ્યમંત્રીઓને રોકતા કેમ નથી કે અદાણી-અંબાણીને તેમના રાજ્યમાં રોકાણ જ ન કરવા દે! રાહુલ ગાંધી ઉદ્યોગપતિઓને કઠેરામાં ઊભા કરીને માત્ર ધન સર્જન કરનારાઓને લાંછિત કરી રહ્યા છે એટલું જ નહીં, પરંતુ ઉદ્યમશીલતા પર પણ પ્રહાર કરી રહ્યા છે. તેઓ વારંવાર ગરીબોની વાત તો કરે છે, પરંતુ સમજતા નથી કે ગરીબોનું ભલું ત્યારે થશે જ્યારે દેશમાં વધુને વધુ ઉદ્યોગો લાગશે. આ અતિવાદી ડાબેરી વિચાર છે કે બધું જ સરકારે કરવું જોઈએ. ગરીબોના ઉત્થાન સહિત આર્થિક બાબતોમાં રાહુલ ગાંધીના જેવા પ્રતિગામી વિચાર છે, તેનું કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને વિશેષ રૂપે પી.ચિદમ્બરમ અને પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ પણ ક્યારેય સમર્થન નહીં કરે. મનમોહન સિંહના નેતૃત્વવાળી યુપીએ સરકારે એવી આર્થિક નીતિઓ નહોતી અપનાવી, જેવી રાહુલ ગાંધી ઈચ્છી રહ્યા છે. એના પર આશ્ચર્ય નહીં કે રાહુલ ગાંધી જે ભાષા બોલી રહ્યા છે, તેને તેમની આસપાસના થોડા લોકો જ દોહરાવી રહ્યા છે.

### રામભાઈએ કહ્યું દિલથી ભ્રષ્ટાચાર થાય છે

# સાંસદ રામ મોકરિયાએ ફાયર વિભાગને NOC માટે રૂપિયા આપ્યા હોવાનો ખુલાસો

## પ્લાન પાસ કરાવા ૭૦ હજાર રૂપિયા આપ્યા હોવાનો ખુલાસો થયો છે ચીફ ફાયર ઓફિસર ઠેબાને રૂપિયા ૭૦ હજાર આપ્યા હતા

રાજકોટ, તા.૩૧

રાજકોટ અગ્નિકાંડ બાદ રાજકોટ પોલીસની સાથે સાથે રાજકોટ મહાનગર પાલિકાના ફાયર વિભાગ પર પણ સવાલો ઉઠવા લાગ્યા છે. ત્યારે હવે રાજકોટ ભાજપના જ સાંસદ રામ મોકરિયાએ જ ફાયર વિભાગના ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરીને ચોંકાવનારો ખુલાસો કર્યો છે. સાંસદ રામ મોકરિયાએ ફાયર વિભાગને NOC માટે રૂપિયા આપ્યા હોવાનો ખુલાસો થયો છે. પ્લાન પાસ કરાવા ૭૦ હજાર રૂપિયા આપ્યા હોવાનો ખુલાસો થયો છે. ચીફ ફાયર ઓફિસર ઠેબાને રૂપિયા ૭૦ હજાર આપ્યા હતા. રામ મોકરિયા ત્યાં સુધી બોલ્યા કે, પ્લાન પાસ કરાવવા, ફાયર NOC મેળવવા પૈસા આપવા જ પડે ને ? પૂછો બિલ્ડર એસોસિએશનને. અત્રે ઉલ્લેખનિય છે કે, રામ મોકરિયાએ રાજકોટમાં ભાજપા કાર્યાલય નજીક સર્વે નંબર ૧૦૫માં ૨૭,૦૦૦ વાર જમીન પર બિલ્ડીંગનો પ્લાન જેતે સમયે મહાનગરપાલિકામાં મૂકેલો. તત્કાલીન ફાયર ઓફિસર ઠેબા દ્વારા આ મામલામાં જેતે સમયે મોકરિયા પાસેથી રૂા. ૭૦,૦૦૦ લેવામાં આવેલાં. મોકરિયા સૌને સામો પ્રશ્ન પૂછે છે, મહાનગરપાલિકામાં કોણ પૈસા નથી લેતું ? ડેપ્યુટી ફાયર ઓફિસર ભીખા ઠેબાની હાલમાં ક્રાઈમ બ્રાન્ચમાં પૂછપરછ કરવામાં આવી રહી છે. રામ મોકરિયાએ મીડિયા સાથે હાલમાં વાત કરવાની ના પાડી પરંતુ કહ્યું હા મારી પાસેથી રૂપિયા લીધા હતા.રામ મોકરીયા માત્ર બિઝનેસમેન હતા ત્યારે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બાંધકામ માટેના ફાયર એનઓસી માટે લેવા માટે ૭૦ હજાર રૂપિયા લેવામાં આવ્યા હતા. બાદમાં રામ મોકરીયા સાંસદ બન્યા ત્યારે ફાયર ઓફિસર ભીખાભાઈ ઠેબા પાસેથી ૭૦ હજાર રૂપિયા મંગાવ્યા હતા. ડેપ્યુટી ફાયર ઓફિસર ભીખા ઠેબાએ કવરમાં ૭૦ હજાર નાખી રામ મોકરીયાને પરત આપ્યાનો દાવો છે. રામ મોકરિયાનું આ પ્રકરણ રાજકોટ સહિત સમગ્ર રાજયમાં ગાજી રહ્યું છે. રાજકોટ ભાજપા, રાજકોટ મહાનગરપાલિકા અને ગુજરાત ભાજપા ઉપરાંત ખુદ ગુજરાત સરકાર આ પ્રકરણમાં બચાવની સ્થિતિમાં મૂકાઈ ગયા છે. મોડેથી એમ પણ જાણવા મળેલ છે કે, રામ મોકરિયા અને એક પત્રકાર વચ્ચે પણ સારી એવી બબાલ થઈ હતી. મોકરિયાએ સમયે રિપોર્ટર પર ગરમ થઈ ગયા હતાં.

### ગુજરાતમાં અનેક લોકો સાથે છેતરપિંડી કરનાર ગેંગ સક્રિય થઈ હતી

# ગુજરાતમાં ૭૦૦ કરોડના ક્રિપ્ટો કરન્સી ટ્રાન્ઝેક્શનનો પર્દાફાશ

## આ ટોળકીએ એક વેપારી પાસેથી ૧.૧૫ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નોંધાઈ હતી

અમદાવાદ, તા.૩૧

CBIના નકલી અધિકારીનો સ્વાંગ રચીને ગુજરાતમાં અનેક લોકો સાથે છેતરપિંડી કરનાર ગેંગ સક્રિય થઈ હતી. આ ટોળકીએ એક વેપારી પાસેથી ૧.૧૫ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નોંધાઈ હતી. સાયબર ક્રાઈમે છેતરપિંડી આચરનાર આ ટોળકીનો પર્દાફાશ તો કર્યો હતો પરંતુ, આ મામલે કેટલાક આરોપીઓ ફરાર હતા. જોકે, આ મામલે સાયબર ક્રાઈમે વધુ બે આરોપીઓની ધરપકડ કરી છે. CBIના નકલી અધિકારીનો સ્વાંગ રચીને ગુજરાતમાં અનેક લોકો સાથે છેતરપિંડી કરનાર ગેંગ સક્રિય થઈ હતી. આ ટોળકીએ એક વેપારી પાસેથી ૧.૧૫ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નોંધાઈ હતી. ધોરાજીના સૂત્રધાર સાથે રાજકોટના ૪ સહિત કુલ ૧૪ શખસની ધરપકડ કરીને તપાસ શરૂ કરી હતી. હવે આ કેસમાં વધુ બે આરોપીને ઝડપી પાડવામાં આવ્યાં છે. અગાઉ ઠગાઈ આચરતા આરોપીઓની ઓળખ કરી અલગ-અલગ ૪ ટીમ રાજકોટ, ધોરાજી, કુતિયાણા અને ઉપલેટા ખાતે મોકલી ૧૪ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આ ગુનામાં અગાઉ પકડાયેલા એકાઉન્ટ હોલ્ડર આરોપી રોહન લેઉવાના એકાઉન્ટમાં ફરિયાદી સાથે થયેલી ફ્રોડના ૪.૯૯ લાખ જમા થયા હતા. જે રકમ આરોપીઓ કિરણ દેસાઈ તથા અંકિત દેસાઈ નામના વચેટિયાઓએ રોહન લેઉવા પાસેથી સેલ્ફ ચેકથી મેળવ્યા હતા. આરોપીઓએ પોતાનું કમિશન મેળવી બાકીની રકમ સુરત ખાતે વિરેન નામની વ્યક્તિને મોકલી આપી હતીટેક્નિકલ તથા હ્યુમન ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરી આરોપી વિરેન આસોદરિયાને સુરતથી પકડી પાડવામાં આવ્યો છે, જેના આગળના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. આરોપી વિરેન આસોદરિયાની તપાસમાં આરોપી ચાઈનીઝ વ્યક્તિઓની સાથે એપ્લિકેશનના માધ્યમથી સંપર્કમાં હોવાનું તથા ચાઈનીઝ વ્યક્તિઓ સાથે ક્રિપ્ટો કરન્સી વેચીને અલગ-અલગ બેંક એકાઉન્ટોમાં નાણાં મેળવતો હોવાનું જણાયું છે. વિરેન આસોદરિયાના સોશ્યલ મીડિયાના એકાઉન્ટમાંથી શેર કરેલા ૫૧ બેંક એકાઉન્ટ મળ્યા હતા. આ બેંક એકાઉન્ટ્સ વિરુદ્ધ દેશભરમાં ૬૧૦ જેટલી સાયબર ક્રાઈમની ફરિયાદ નોંધાયેલી છે. વિરેન આરોપી પ્રદીપ માણિયા પાસેથી ક્રિપ્ટો કરન્સી મેળવી ચાઈનીઝ વ્યક્તિઓને માર્કેટ વેલ્યુ કરતાં વધુ ભાવે ક્રિપ્ટો કરન્સી વેચતો. આરોપી પ્રદીપ મણિયારને સુરત ખાતેથી પકડી પાડવામાં આવ્યો છે. ૨૦૧૮થી આજ સુધી ક્રિપ્ટો કરન્સી એપ્લિકેશનોના માધ્યમથી આશરે ૭૦૦ કરોડનું ક્રિપ્ટો કરન્સી ટ્રાન્ઝેક્શન કર્યું હોવાનું જણાવ્યું છે.

ડિજિટલ હાઉસ અરેસ્ટમાં સાયબર અપરાધી પીડિતોને તેના ઘરોમાં ફસાવી તેને છેતરે છે. તે ઘણીવાર એઆઈ-જનરેટેડ અવાજ કે વીડિયો કોલના ઉપયોગથી પોલીસ અધિકારી, સીબીઆઈના એજન્ટ કે સીમા શુલ્ક અધિકારી હોવાનો દેખાવો કરે છે. અપરાધી સંભવિત પીડિતો પર તેના આધાર કે ફોન નંબરથી ગેરકાયદે કામ કરાવવાનો ખોટો આરોપ લગાવે છે.

### પેટ્રોલનો કેટલો જથ્થો રાખી શકાય તેનો જવાબ કલેક્ટરે ટાળ્યો

# રાજકોટમાં શાળા-કોલેજો, કલાસીસ વગેરે પરનાં ડોમ સ્ટ્રક્ચર દૂર કરાશે : કલેક્ટર

## પેટ્રોલ ડીઝલના આ જંગી જથ્થો અંગે તપાસ શરૂ કરવામાં આવી છે જેમાં જવાબદારો સામે પગલા લેવામાં આવશે

રાજકોટ, તા.૩૧

રાજકોટ અગ્નિકાંડ બાદ આજે ચોથા દિવસે જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ પ્રેસ મીડિયાને સંબોધન કર્યું હતું. જેમાં રાજકોટમાં શાળા-કોલેજો અને કલાસીસ સહિતના સ્થળો પર ગેરકાયદે ખડકાયેલા ડોમ સ્ટ્રકચરને હટાવવામાં આવશે, તેવું જણાવ્યું હતું.

જો કે ગેમ ઝોનમાં પેટ્રોલ કે ડીઝલનો હજ્જારો લીટરનો જથ્થો હોવાના મામલે પત્રકારોએ પૂછ્યું કે પેટ્રોલનો મહત્તમ કેટલો જથ્થો રાખી શકાય? ત્યારે જિલ્લા કલેક્ટર કોઈ જવાબ આપી શક્યા નહોતા. જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે, શાળા-કોલેજો વગેરે પરથી ડોમ સ્ટ્રક્ચર દૂર કરવા રાજકોટ મ્યુનિ.કોર્પો.-રૂડા સહિતના વિવિધ વિભાગોના અધિકારીઓની બેઠક બોલાવી તાકીદ કરવામાં આવશે. ઉપરાંત ટીઆરપી અગ્નિકાંડ સમયે ત્યાં સ્થળ પર ૩૦૦૦ લીટર પેટ્રોલ-ડીઝલ સંગ્રહિત હોવાનું ખુલ્યા બાદ આ અંગે કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે પેટ્રોલ ડીઝલના આ જંગી જથ્થો અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. જેમાં જવાબદારો સામે પગલા લેવામાં આવશે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે ટીઆરપી અગ્નિકાંડ પ્રકરણમાં સીટ તેમજ રાજકોટ શહેર પોલીસ દ્વારા તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે. ટીઆરપી અગ્નિકાંડમાં ૨૭ વ્યકિતઓના મોત નિપજ્યા છે.

કલેકટર પ્રભવ જોશીએ વિશેષમાં એવું પણ જણાવ્યું હતું કે શહેરમાં શાળા, કોલેજો, કલાસીસો, કોમ્પ્લેક્ષો, સહિતના સ્થળો પર અનઅધિકૃત રીતે જે ડોમ સ્ટ્રકચર ખડકાયેલું છે તેને વહેલી તકે દુર કરવા માટે તેઓ મ્યુ.કોર્પો., રૂડા સહિતના વિવિધ વિભાગોના અધિકારીઓની બેઠક બોલાવી તાકીદ કરશે.

ઉલ્લેખનીય છે કે ટીઆરપી ગેમઝોનના અગ્નિકાંડે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર કચ્છમાં ભારે હાહાકાર મચાવી દીધો છે આ અગ્નિકાંડના પગલે શાળા, કોલેજો, કલાસીસો, કોમ્પલેક્ષો સહિતના સ્થળો પર ફાયર સિસ્ટમ અને ફાયર એનઓસીની છે કે કેમ તેની વિગતો તાડબતોબ મગાવવાનું રાજય સરકાર દ્વારા શરૂ કરી દેવામાં આવ્યું છે.

# રાજ્યમાં લોકોને અંગ દઝાડતી ગરમીમાંથી આશિંક રાહત મળી

અમદાવાદ, તા.૩૧

રાજયમાં લોકોને અંગદઝાડતી ગરમીમાંથી આશિંક રાહત મળી છે. છેલ્લા બે દિવસમાં તાપમાનમાં સામાન્ય ઘટાડો જોવા મળ્યો. રાજ્યમાં મોટાભાગના શહેરોનું તાપમાન ૪૨ ડિગ્રીની આસપાસ નોંધાયુ. તાપમાન ઘટવાની સાથે ચોમાસા પહેલા પ્રી-મોનસૂન એક્ટિવિટી જોવા મળી. હવામાન વિભાગ મુજબ ૩૦ કિમી પ્રતિ કલાક ઝડપથી પવન ફુંકાશે. રાજયમાં મે મહિનામાં ૪૫થી ૪૭ ડિગ્રી તાપમાન જોવા મળ્યું હતું. જેમાં હવે આશિંક ઘટાડો થતા ૪૨ ડિગ્રી સેલ્સિયસે પંહોચ્યું છે.

હવામાન વિભાગની આગાહી મુજબ રાજયમાં ૧૫ જૂન આસપાસ ચોમાસાનું આગમન થશે. હાલમાં અમદાવાદ,ગાંધીનગરમાં ૪૨ ડિગ્રી તાપમાન નોંધાયું. દેશમાં ઉત્તરનાભાગોમાં ગરમીનો પારો જોવા મળ્યો છે. જ્યારે દક્ષિણના ભાગોમાં તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. કેરળમાં ચોમાસાનું આગમન થઈ ચૂકયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દેશમાં ઝારખંડ, પ્રયાગરાજ, ગુજરાત સહિત બિહારમાં હજુ પણ ગરમી પડશે. ૩૦ અને ૩૧ મેના રોજ ઉનાળાની સ્થિતિ એવી જ રહેશે. આ પછી જ હવામાનમાં પલટો આવવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જો કે આનાથી ગરમીથી રાહત નહીં મળે. અત્યારે ગુજરાત કાળઝાળ ગરમીમાંથી રાહત મળવાની કોઈ શક્યતા નથી. જો કે હિટવેવથી જરૂર મુક્તિ મળશે.

# જામનગરમા છાસવાલાની કેન્ડીમાંથી જીવાત નીકળી

જામનગર, તા.૩૧

રાજયના અલગ અલગ જગ્યાઓ પર ભોજનમાંથી અવાર નવાર વિવિધ પ્રકારની જીવાત નીકળવાની ઘટનાઓ સામે આવી રહી છે.ત્યારે આવીજ એક ઘટના જામનગરમાં બની છે. છાસવાલાની કેન્ડીમાંથી ફરી જીવાત નીકળવાની ઘટના સામે આવી છે.જી હા સુરતના છાસવાલાની કેન્ડીમાંથી જીવાત નીકળી છે.ત્યારે અવાર નવાર આવી રીતે લોકોના સ્વાસ્થ્ય સાથે થતા હોય છે.આવીજ ઘટના થોડા સમય પહેલા જામનગરની જાણીતી પિઝા બ્રાન્ડ ડોમિનોઝના પિઝામા બની હતી જેમાં માખી નીકળી હતી.

માહિતી અનુસાર,ડોમિનોઝ પિઝાની શોપમાં એક ગ્રાહક દ્વારા પિઝા ઓર્ડર કરવામાં આવ્યા હતા. જેમાં ગ્રાહકે ઓર્ડર કરેલા પિઝામાંથી માખી નીકળી હતી. ત્યારે ફરી એક વાર લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવામાં આવ્યા છે.

આ પછી ફૂડ વિભાગ ટીમ દ્વારા છાસવાલાની શોપમાં આ બાબતે ચેકીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અને છાસવાલાની કેન્ડીમાંથી જીવાત નીકળતા ફૂડ વિભાગે તેને ૧૦ હજારનો દંડ ફાટકર્યો ફટકાર્યો છે. આ પહેલા પણ જામનગરમાં પટેલ કોલોની વિસ્તારના US પિત્ઝાની અંદર પિત્ઝામાં જીવાત દેખાતા ગ્રાહકે ફરિયાદ કરી હતી. ત્યારે ફરી એક વાર લોલમલોલ અને બેદરકારીનો પર્દાફાશ થયો છે.જેમાં આ વખતે છાસવાલાની કેન્ડીમાંથી જીવાત નીકળી છે.

# ચિત્રા પબ્લિક સીટીને ૧ કરોડના દંડ ફટકારવામાં આવ્યો

અમદાવાદ, તા.૩૧ : શહેરી વિસ્તારમાં સામાન્ય રીતે દરેક સોસાયટી પરિસરમાં વૃક્ષો ઉગાડવામાં આવે છે. પરંતુ ભવિષ્યમાં અડચણરૂપ થાય ત્યારે તેને કાપવાની પણ ફરજ પડતી હોય છે. ત્યારે મોટાભાગે લોકોને ખ્યાલ નથી હોતો કે વૃક્ષની એક ડાળી કાપવા માટે પણ મંજૂરી ફરજિયાત લેવી છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં વૃક્ષની ડાળીથી લઈને વૃક્ષને મૂળમાંથી કાપવા માટે શું કાયદાઓ બનેલા છે અને મંજૂરી કઈ રીતે મેળવી શકાય છે તેનાથી લોકો સાવ અજાણ હોય છે જો ગેરકાયદેસર કાપશો તો દંડની પણ જોગવાઈ છે તેવી લોકોને ખબર હોવી જોઈએ. ત્યારે આવામાં અમદાવાદમાં ગેરકાયદેસર રીતે વૃક્ષ કાપવા સદર્ભે ૧ કરોડનો મસમોટો દંડ ફટકારવામાં આવ્યો છે.

### સાડીની ૪૫૦ દુકાનો ૨૪ કલાકમાં સીલ

# સુરતમાં ૭૩ કાપડ માર્કેટ્સ પાસે ફાયર NOC નથી

## ૭૦ હજાર કરોડનું ટર્નઓવર કરતી કાપડ માર્કેટ્સમાં ફાયર સેફટી ઊભી કરવામાં લાપરવાહી

સુરત, તા.૩૧

સુરતમાં ૭૩ કાપડ માર્કેટ્સ પાસે ફાયર સેફ્ટીની એનઓસી જ નથી. સુરતમાં ૩૫૦થી વધારે કાપડ માર્કેટ્સમાં જ દોઢ લાખથી વધારે દુકાનો છે. સિન્થેટિક કાપડ એટલે પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ કહેવાય, એ જોતા અત્યંત જ્વલનશીલ પદાર્થનો વેપાર કરતી કાપડ માર્કેટ્સ સૌથી જોખમી સ્થળ છે, ભૂતકાળમાં કાપડમાર્કેટ્સમાં ઓર્ચિડ ટાવર, રઘુવીર સિલિયમ માર્કેટ જેવી સંખ્યાબંધ એવી ઘટના બની છે જેણે સુરતને દેશભરમાં નીચાજોણું કરાવ્યુ છે. તેમ છતાં કાપડના વેપારીઓને માત્ર કમાણીમાં જ રસ છે, સેફ્ટીની લગીરેય ચિંતા નથી. ફાયરબ્રિગેડ દ્વારા વારંવાર ચેતવણી આપવા છતાંય હાલ પણ ૭૩ જેટલી માર્કેટ્સ ફાયર NOCની તારીખ વીતી ગઈ હોવા છતાં પણ એનઓસી રિન્યુ કરાવી નથી. પાલિકાએ બુધવારે પણ કાપડ માર્કેટની ૪૧૧ દુકાનો સીલ કરવાની કાર્યવાહી કરી હતી.

સુરત ફાયર વિભાગે મંગળવારે મધરાતથી સવાર સુધીમાં રાધે ટેક્સટાઈલ માર્કેટની ૪૧૧ દુકાનો સીલ કરી છે, જ્યારે ગેલેક્સી ઈસ્કોન ૨૩ દુકાનો સીલ કરવામાં આવી છે. એક પૂર્વ ફાયર ઓફિસર કહે છે કે, શહેરમાં કેટલીક માર્કેટો એવી જગ્યાઓ પર છે કે, જ્યાં આગ લાગે ત્યારે ફાયરબ્રિગેડની ગાડીઓ પહોંચી શકે તેમ નથી. તેવા સંજોગોમાં ટેક્સટાઈલ માર્કેટના એસોસિએશન પાસે જો તેમના પોતાના ફાયર સેફ્ટીનાં સાધનો હોય તો શરૂઆતના તબક્કે જ લાગેલી આગ પર કાબૂ મેળવી શકાય. જોખમને ઘણે અંશે ઘટાડી શકાય.

સુરતના કાપડ માર્કેટનું ટર્નઓવર આશરે ૭૦ હજાર કરોડ રુપિયાનું છે. અહીની માર્કેટોમાં સાડી, ડ્રેસ, ગારમેન્ટ સહિતના ફેબ્રિક્સનું વેચાણ થાય છે. કેટલાક ઉદ્યોગકારોની બ્રાન્ડ દેશભરમાં પ્રખ્યાત છે. તે છતા પણ કરોડો રુપિયાનો વેપાર કરતા વેપારીઓ ફાયર સેફ્ટી પ્રત્યે ઉદાસીન છે.

ફોસ્ટાના ડિરેક્ટર કૈલાશ હકીમે જણાવ્યું હતું કે, કાપડ માર્કેટના વેપારીઓને ફાયર NOC લેવા માટે ફાયર વિભાગ દ્વારા વારંવાર સૂચના આપવામાં આવે છે તેની સાથે ફોસ્ટાને પણ સાથે રાખી ફાયરબ્રિગેડ અભિયાન ચલાવી રહ્યું છે.

અત્યાર સુધી ૩થી ૪ વાર તમામ માર્કેટોને ફાયર સેફ્ટીના સાધનો લેવા અને ફાયર સેફ્ટીની સિસ્ટમ ગોઠવવા માટે જણાવવામાં આવ્યું છે, પરંતુ તેમ છતાંયે કેટલીક માર્કેટના એસોસિએશન બેદરકારી દાખવી રહ્યા છે.

ડીસીપી ભગીરથ ગઢવીએ જણાવ્યું હતું કે, અમે કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલા માર્કેટના પદાધિકારીઓ સાથે મીટીંગ યોજી હતી.

આ મિટિંગમાં અમે અલ્ટીમેટમ આપ્યુ છે કે, જેમની પાસે NOC નથી. તેઓ તાત્કાલિક NOC લઈ લે અને ફાયર સેફટીના સાધનો સહિત ઈમરજન્સી એક્ઝિટ અને અન્ય બાબતો અંગે તકેદારી રાખે અન્યથા ફોજદારી કાર્યવાહી પણ કરાશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સત્વગુણ, રજોગુણ અને તમોગુણ પ્રકૃત્તિમાંથી ઉદભવેલા આ ત્રણેય ગુણો અવિનાશી જીવાત્માને બાંધે છે.

- શ્રીમદ્ ભગવદ ગીતા

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.દએ-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ વદ-૮ પંચક તા.૩૧ મે ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૨૦, મુસ્લિમ તા.૨૨, શત્તતારા નક્ષત્ર, વિષ્કુંભ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૦

આજનો દિવસ સવારે ૯:૩૮ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ), રાત્રે ૧૧:૦૯ ક. પછી જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: બિનજરૂરી નાણાં ખર્ચાય. પગમાં દુઃખાવો રહે.
વૃષભ:નાણાંકીય સધ્ધરતાના પ્રયત્નો સફળ બને. વ્યર્થ વાદ-વિવાદ ટાળવો.
મિથુન:વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે. ખર્ચનું પ્રમાણ વિશેષ રહે.
કર્ક: તકનો લાભ લેજો. ભાગીદારી વર્ગથી સંઘર્ષ ટાળવો.
સિંહ: મનની મુંઝવણ દૂર થાય. તમારી મહેનતનું ફળ મળે.
કન્યા: ગૃહજીવનમાં આનંદનો વધારો થાય. લાભની તક મળે.
તુલા: આરોગ્ય બાબતે સાવધાની રાખવી. પ્રવાસનું આયોજન સફળ નીવડે.
વૃશ્ચિક:નાણાંકીય સમસ્યા રહે. વાણીસંયમ જાળવવો હિતાવહ.
ધન: વિઘ્નમાંથી માર્ગ મળે. પ્રિયજનથી સ્નેહ વધે.
મકર: માનસિક તનાવ અનુભવાય. જવાબદારીમાં વધારો થાય.
કુંભ: મનની મુરાદ બર ન આવે. કાર્યબોજ હળવો બને.
મીન: નવિન લાભની તક સાંપડે. નાણાંકીય ક્ષેત્રે સાનુકૂળતા સર્જાય.

ગેમઝોનમાં એન્ટ્રી પહેલાં ફોર્મમાં સહી લેવાતી

# ઈજા થાય, મૃત્યુ થાય, નુકસાન થાય તો પણ TRP ગેમઝોનની કોઈ જવાબદારી નહીં

અમદાવાદ તા.૩૧

રાજકોટના TRP ગેમ ઝોનમાં લાગેલી આગમાં અત્યાર સુધી ૨૮થી વધુ મોત થયા છે જેમાં ઘણા બાળકો પણ છે. આ ગેમ ઝોનની ગેરકાયદે પ્રવૃત્તિ વિશે હવે એક પછી એક પડદા ઉંચકાઈ રહ્યા છે. ગેમ ઝોનમાં જનારા લોકો પાસે એન્ટ્રી પહેલાં એક ફોર્મમાં સહી લેવામાં આવતી હતી જેમાં ઢગલાબંધ શરતો હતી. આ શરતો સ્વીકાર્યા પછી જ વ્યક્તિને ગેમ ઝોનમાં પ્રવેશ મળતો હતો. ગેમ ઝોનની શરતોનો અર્થ એવો થતો હતો કે કોઈ પણ વ્યક્તિને કંઈ પણ થઈ જાય, ઈજા પામે કે પછી મોત થાય તો પણ ગેમ ઝોન જવાબદાર રહેશે નહીં. એટલે કે લોકો પાસેથી કાગળ ઉપર સહી કરાવીને બાંહેધરી લેવામાં આવતી હતી કે કોઈનું મોત થાય તો પણ તમે લીગલ એક્શન નહીં લઈ શકો. ગેમ ઝોનમાં પ્રવેશ કરતા પહેલાં લોકોને એક ફોર્મ આપવામાં આવતું જેમાં લોકોએ પોતાના નામ, મોબાઈલ નંબર અને તારીખ લખવાની રહેતી અને તેની નીચે પોતાની સહી કરવાની હતી. આ ફોર્મ ટીઆરપી ગો કાર્ટ્સ એન્ડ પેઈન્ટબોલના નામે છે તેમાં ઉપર જ મોટા અક્ષરે લખેલું છે કે આ કાગળ ઉપર સહી કરીને તમે અમારી સામે કેસ કરવાનો કાયદેસરનો હક જતો કરો છો. એટલે કે તમને અહીં કંઈ પણ થઈ જાય તો તેના માટે અમે જવાબદાર નથી અને તમારે સહી કરીને આ વાત સ્વીકારવી પડશે. ટીઆરપી ગેમ ઝોનમાં જે શરતો મૂકવામાં આવી હતી તે વાંચવા જેવી છે. તેના ઉપરથી ખ્યાલ આવશે કે જ્યારે ગેમ ઝોન કોઈ જવાબદારી લેવા જ તૈયાર ન હોય ત્યારે તે લોકોની સેફ્ટીની વ્યવસ્થા ક્યાંથી કરે ? પરંતુ આ ફોર્મના સૌથી પહેલા ફકરામાં જ લખ્યું છે કે TRP ગેમ ઝોનમાં કોઈ પણ અણધારી ઘટના બને જેમાં કોઈને ઈજા થાય, મૃત્યુ થાય અથવા કાયમી નુકસાન થાય તો પણ તમે ટીઆરપી ગેમ ઝોન, તેના સભ્યો, સંચાલલકો, એજન્ટો કે કર્મચારીઓ સામે કેસ



નહીં કરી શકો. તમારે બાંહેધરી આપવી પડતી હતી કે ગેમ ઝોનમાં તમને કંઈ પણ થઈ શકે તે વાતથી તમે સારી રીતે વાકેફ છો તેથી સંચાલકોની કોઈ જવાબદારી નથી. સૌથી પહેલી બાંહેધરી એવી લેવામાં આવે છે કે આ ફોર્મ ઉપર તમે સ્વેચ્છાએ સહી કરી છે તેથી અમારી કોઈ જવાબદારી રહેતી નથી. બીજી શરત એ હતી કે તમે ગર્ભવતી નથી. ત્રીજી બાંહેધરી એ આપવી પડતી કે તમે શરાબ કે કોઈ નશીલા પદાર્થનું સેવન નથી કર્યું. ત્યાર પછી તમને હાર્ટની બીમારી અથવા હાઈ બીપી નથી, તમે હેલમેટ પહેરશો, તમે સીટ ઉપર બેસી રહેશો, તમામ નિયમોનું પાલન કરશો વગેરે શરતો મૂકવામાં આવી છે. લોકો રાજીખુશીથી આ બાંહેધરીના ફોર્મ ઉપર સહી કરતા અને ગેમની મજા માણતા હતા. પરંતુ અહીં કોઈ સેફ્ટીની વ્યવસ્થા ન હતી. ખાસ કરીને આગ લાગે તો તેવી સ્થિતિમાં સુરક્ષા માટે કોઈ બંદોબસ્ત ન હતો. તેના કારણે લોકો હોમાઈ ગયા છે અને હવે આ મામલે એફઆઈઆર થઈ છે પરંતુ તેમાં ન્યાય ક્યારે મળશે તે આવનાર સમય નક્કી કરશે તેવું લાગી રહ્યું છે.

# આર્મી ચીફ મનોજ પાંડેને એક મહિનાનું એક્સટેન્શન

## અગાઉ તેઓ ૩૧ મેના રોજ નિવૃત્ત થઈ રહ્યા હતા, લોકસભા ચૂંટણી વચ્ચે સરકારના આ પગલાને લઈને વિવાદ ઊભો થયો છે

નવી દિલ્હી, તા.૩૧

કેન્દ્ર સરકારે આર્મી ચીફ જનરલ મનોજ પાંડેને એક મહિનાનું સર્વિસ એક્સટેન્શન આપ્યું છે. તેમનો કાર્યકાળ એક મહિના માટે લંબાવવામાં આવ્યો છે. તેઓ ૩૧ મેના રોજ નિવૃત્ત થવાના હતા. પરંતુ તે પહેલા તેમને સેવામાં એક મહિનાનું એક્સટેન્શન મળી ગયું હતું.સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે ૨૬ મેના રોજ કેબિનેટની નિમણૂક સમિતિએ આર્મી ચીફ જનરલ મનોજ પાંડેની સેવા એક મહિના માટે વધારવાની મંજૂરી આપી છે. તેઓ ૩૧ મે ૨૦૨૪ના રોજ નિવૃત્ત થવાના હતા. પરંતુ હવે જનરલ પાંડે ૩૦ જૂન ૨૦૨૪ સુધી ફરજ બજાવશે.જનરલ પાંડેના સેવામાં વિસ્તરણના લગભગ પાંચ દાયકા પહેલા, આર્મી ચીફને ૧૯૭૦ના દાયકામાં સેવામાં વિસ્તરણ આપવામાં આવ્યું હતું. તે સમયે તત્કાલિન ઈન્દિરા ગાંધી સરકારે આર્મી ચીફ જનરલ જીજી બેવૂરને સેવામાં વધારો કર્યો હતો.જનરલ બેવૂરને આપવામાં આવેલા એક્સટેન્શનને ધ્યાનમાં રાખીને, તત્કાલિન લેફટનન્ટ જનરલ પ્રેમ ભગત આર્મી ચીફ બન્યા વિના નિવૃત્ત થયા હતા. જનરલ બેવૂર પછી લેફટનન્ટ જનરલ પ્રેમ ભગતની આ ટોચની પોસ્ટ ઉપર નિમણૂક થવાની હતી.બેવુર પહેલા, ૧૯૭૧ના યુદ્ધમાં ભારતની જીત બાદ ફિલ્ડ માર્શલ સેમ માણેકશોને સેવામાં વધારો આપવામાં આવ્યો હતો. તમને જણાવી દઈએ કે જનરલ પાંડે ૩૦ એપ્રિલ, ૨૦૨૨ ના રોજ તેમની નિમણૂક બાદથી આર્મી ચીફનું પદ સંભાળી રહ્યા છે.કેન્દ્ર સરકાર દ્વારા આર્મી ચીફ મનોજ પાંડેને એક મહિનાનું એક્સટેન્શન આપવા ઉપર પણ વિવાદ ઉભો થયો છે. AIMIM ચીફ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે જનરલ પાંડેની સેવામાં માત્ર એક મહિનાનું વિસ્તરણ આપવાનો અર્થ છે કે આ એક અસ્થાયી પગલું છે. આ વર્તમાન સરકારના કાર્યકાળ દરમ્યાન શાસનનો અભાવ દર્શાવે છે. જો આ અસમર્થતા નથી તો તેમાં કોઈ ષડયંત્ર સામેલ હોઈ શકે છે. જનરલ પાંડેને આપવામાં આવેલ એક્સ્ટેંશન માત્ર એક મહિના માટે છે તેનો અર્થ એ છે કે તે એક અસ્થાયી પગલું છે, જે આવશ્યકપણે આ શાસનમાં શાસનનો સંપૂર્ણ અભાવ દર્શાવે છે. જો તે અસમર્થતા નથી, તો તે કંઈક વધુ અશુભ અને કાવતરું હોવું જોઈએ.લેફ્ટનન્ટ જનરલ મનોજ પાંડેને ડિસેમ્બર ૧૯૮૨માં કોર્પ્સ ઓફ એન્જિનિયર્સમાં કમિશન આપવામાં આવ્યું હતું. તે સ્ટાફ કોલેજ, કેમ્બરલી (યુકે) ના સ્નાતક છે અને તેણે આર્મી વોર કોલેજ, મહુ અને દિલ્હીની નેશનલ ડિફેન્સ કોલેજમાં હાયર કમાન્ડ કોર્સમાં પણ હાજરી આપી છે. લેફટનન્ટ જનરલ મનોજ પાંડેએ તેમની ૩૭ વર્ષની સેવામાં 'ઓપરેશન વિજય' અને 'ઓપરેશન પરાક્રમ'માં સક્રિયપણે ભાગ લીધો છે.તેમની ૩૯ વર્ષની સૈન્ય કારકિદીમાં, લેફટનન્ટ જનરલ મનોજ પાંડેએ વેસ્ટર્ન થિયેટરમાં એન્જિનિયર બ્રિગેડ, એલઓસી પર એક પાયદળ બ્રિગેડ, લદાખ સેક્ટરમાં પર્વતીય વિભાગ અને ઉત્તર-પૂર્વમાં એક કોર્પ્સનું કમાન્ડ કર્યુ છે.

# ભારતીય ન્યાયાધીશ કે જેમણે ઈઝરાયેલ વિરૂધ્ધ વિશ્વ અદાલતના આદેશની તરફેણમાં મતદાન કર્યું

નવી દિલ્હી, તા.૩૧


ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (ICJ)એ ઈઝરાયલને રફાહમાં તેની સૈન્ય કાર્યવાહી તાત્કાલિક રોકવાનો આદેશ આપ્યો હતો અને ચુકાદાની તરફેણ કરનારા ન્યાયાધીશોમાંના એક ન્યાયાધીશ દલવીર ભંડારી હતા, જે ICJ ખાતેના ભારતીય પ્રતિનિધિ હતા. એક પ્રતિષ્ઠિત કારકિર્દી સાથે પ્રતિષ્ઠિત ન્યાયશાસ્ત્રી એવા ભંડારી ૨૦૧૨થી ICJના સભ્ય છે. ૧૯૪૭માં રાજસ્થાનના જોધપુરમાં જન્મેલા તેમણે ૨૦૧૪માં પદ્મ ભૂષણ સહિત અસંખ્ય માન-સન્માન પ્રાપ્ત કર્યા છે. ભંડારીએ સુપ્રીમ કોર્ટમાં અસંખ્ય સીમાચિહ્નરૂપ કેસોની હિમાયત કરી છે. તેમણે ૨૮ ઓકટોબર, ૨૦૦૫ના રોજ પદ ઉપર ઉન્નત થયા બાદ સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ન્યાયાધીશ તરીકે સેવા આપી હતી. તેમણે જાહેર હિતની અરજી, બંધારણીય કાયદો, ફોજદારી કાયદો, નાગરિક પ્રક્રિયા, વહીવટી કાયદો, આર્બિટ્રેશન, કૌટુંબિક કાયદો, શ્રમ અને ઔદ્યોગિક કાયદો અને કોર્પોરેટ કાયદો સહિતના ક્ષેત્રોમાં અસંખ્ય ચુકાદાઓ આપ્યા હતા. ૨૦૧૨થી ભંડારી ICJ દ્વારા નક્કી કરાયેલા તમામ કેસો સાથે સંકળાયેલા છે, જેમ કે દરિયાઈ વિવાદ, એન્ટાર્કટિકામાં વ્હેલ, નરસંહાર, ખંડીય શેલ્ફ સીમાંકન, પરમાણુ નિઃશસ્ત્રીકરણ, આતંકવાદ ધિરાણ અને સાર્વભૌમ અધિકારોના ઉલ્લંઘન જેવા મહત્ત્વપૂર્ણ મુદાઓમાં તેઓ યોગદાન આપે છે. ન્યાયાધીશ ભંડારીએ ઘણા વર્ષો સુધી ઈન્ટરનેશનલ લો એસોસિએશનના દિલ્હી કેન્દ્રની અધ્યક્ષતા કરી. સુપ્રીમ કોર્ટમાં તેમની નિમણૂક પહેલા તેઓ બોમ્બે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ હતા. છૂટાછેડાના કેસમાં તેમના નોંધપાત્ર ચુકાદાએ પ્રસ્થાપિત કર્યું હતું કે, લગ્નનું અવિભાજ્ય ભંગાણ છૂટાછેડા માટેનું કારણ બની શકે છે, જેના કારણે કેન્દ્રને હિંદુ લગ્ન અધિનિયમ, ૧૯૫૫માં સુધારો કરવા માટે ગંભીરતાથી વિચારણા કરવી પડી હતી. તેમને ૧૫ સૌથી પ્રતિષ્ઠિત અને પ્રતિષ્ઠિત પૂર્વ વિદ્યાર્થીઓમાંના એક તરીકે સન્માનિત કરવામાં આવ્યા છે. શિકાગોમાં નોર્થવેસ્ટર્ન યુનિવર્સિટી સ્કૂલ ઓફ લોનો ૧૫૦ વર્ષનો ઈતિહાસ, જ્યાં તેમણે ૧૯૭૧માં માસ્ટર ઓફ લોની પદવી મેળવી. ICJ ચુકાદો, પ્રમુખ ન્યાયાધીશ નવાફ સલામ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો, જે દક્ષિણ આફ્રિકાની અરજીના જવાબમાં આવ્યો હતો જેમાં ઈઝરાયેલ ઉપર નરસંહાર જેવી કાર્યવાહીનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ચુકાદામાં આદેશ આપવામાં આવ્યો છે કે, ઈઝરાયેલે એવી કોઈપણ કાર્યવાહીઓ બંધ કરવી જોઈએ જે રફાહમાં પેલેસ્ટીની વસ્તીના ભૌતિક વિનાશ તરફ દોરી શકે. અદાલતના નિર્ણયને ૧૩-૨ મત દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું, જેમાં માત્ર યુગાન્ડાના ન્યાયાધીશો જુલિયા સેબુટિન્ડે અને પૂર્વ ઈઝરાયેલ હાઈકોર્ટના પ્રમુખ ન્યાયાધીશ અહારોન બરાક અસંમત હતા. ચુકાદામાં ઈઝરાયેલને નરસંહારના આરોપોની તપાસ કરતી યુએન સંસ્થાઓમાં અવરોધ વિનાની માનવતાવાદી સહાય અને એક્સેસ પ્રદાન કરવાની જરૂરિયાત ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

# નમો લક્ષ્મી-નમો સરસ્વતી યોજનાની કામગીરી શાળા શરૂ થયા બાદ રાખવા ભલામણ

અમદાવાદ તા.૩૧

રાજયની બિનસરકારી અનુદાનિત માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નમો લક્ષ્મી તથા નમો સરસ્વતી યોજના અન્વયે શિક્ષકોને કન્યાઓના વિવિધ પ્રકારના ડેટા કલેક્ટ કરવાની કાર્યવાહી શાળા શરૂ થયા બાદ સોંપવામાં આવે તેવી માંગ શૈક્ષિક મહાસંઘ દ્વારા કરવામાં આવી છે. હાલમાં વેકેશનમાં શિક્ષકો વતનમાં ગયા છે, ઉપરાંત માતાઓ બેંક એકાઉન્ટ ખોલાવવા ગઈ હોવાથી તેમને પાસબૂક માટે પણ એક સપ્તાહ પછી બેંકો દ્વારા બોલાવવામાં આવ્યા હોવાથી આ કાર્યવાહી શાળા શરૂ થાય બાદ રાખવા માંગ કરાઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, બિનસરકારી અનુદાનિત માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નમો લક્ષ્મી તથા નમો સરસ્વતી યોજના અન્વયે શિક્ષકો તથા માતાઓને વેકેશન દરમ્યાન શાળાએ આવીને કન્યાઓના વિવિધ પ્રકારના ડેટા કલેકટ કરવા માટે શાળાના આચાર્યો દ્વારા ફરજિયાત જણાવવામાં આવ્યું છે. જે અંગે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘને વિવિધ જિલ્લા એકમ દ્વારા વિવિધ રજૂઆત મળેલી છે. આ રજૂઆતને ધ્યાને લઈ યોગ્ય નિર્ણય કરવામાં આવે તેવી શિક્ષકો દ્વારા માંગ કરવામાં આવી છે. વેકેશન દરમ્યાન પ્રવાસ તથા વતન ગયેલા શિક્ષકો પોતાના નોકરીના સ્થળે આવી તા.૧ જૂન સુધીમાં આ કાર્ય પૂરૂં કરી શકે તેમ નથી. ફકત ડેટા કલેકશન કરવાના હોય તો વાલીને સૂચના આપી આચાર્ય તથા બિનશૈક્ષણિક સ્ટાફ આ ડેટા કલેકટ કરી આવેલા ડેટાની એન્ટ્રી કરી શકે. વેકેશન પૂરૂં થયા બાદ શિક્ષકો પાસે આ કામગીરી લેવામાં આવે. વેકેશન દરમ્યાન વિદ્યાર્થીઓ તથા વાલી પણ પોતાના વતન તથા પ્રવાસમાં ગયા હોઈ શકે. આવા સંજોગોમાં માતાના ખાતા સાથેની માહિતી લેવી સમય માંગી લે તેમ છે. આ ઉપરાંત ધો.૯ તથા ૧૧માં હજુ પ્રવેશ પ્રક્રિયા પણ પૂર્ણ થઈ નથી. વધુ પડતી ગરમી તથા અન્ય બાબતોને ધ્યાને રાખી શાળા શરૂ થાય ત્યારબાદ આ કાર્યવાહી કરવાનું કહેવામાં આવે તો ખૂબ જ સારી રીતે કાર્યવાહી થઈ શકે તેમ છે. વેકેશનમાં શિક્ષકો પાસેથી કામગીરી કરાવવાની હોય તો અગાઉથી જાણ કરી યોગ્ય આયોજન થયું હોય તો સુગમતા રહે. આ ઉપરાંત શિક્ષકોને પોતાની વળતર તથા પ્રાપ્ત રજાઓ કે કઈ રીતે મળશે ? તેની પણ માહિતી રહે. નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાનો લાભ લેવા માટે જરૂરી માતાના નામનું બેંક ખાતું ખોલાવવા વાલીઓ રાષ્ટ્રીયકૃત બેંકોમાં ગયા તો તેઓને પાસબૂક ફાળવણી તથા બેંક ખાતા નંબર માટે એક સપ્તાહ પછી તપાસ કરવા જણાવેલું છે. આમ, માતાના નામના બેંક ખાતાની પાસબૂક મોડી આવતાં લાભાર્થી વિદ્યાર્થી ભાઈબહેનનું રજિસ્ટ્રેશન મોડું થશે

# યુવાન વયે હાર્ટ–અટેક આવવા પાછળનાં કારણો શું છે?



કોરોનરી આર્ટરી ડિસીઝ થવા પાછળ મુખ્યત્વે ખોટી લાઈફ-સ્ટાઈલ જવાબદાર હોય છે. આજે જાણીએ કયાં-કયાં પરિબળો છે જે આ રોગને તાણી લાવવામાં ખાસ ભાગ ભજવે છે અને એને કઈ રીતે અટકાવી શકાય

આજકાલ યુવાનોમાં હાર્ટ-અટેક દિવસે-દિવસે સામાન્ય બનતા જાય છે. યુવાનોમાં હાર્ટ-અટેક માટે જવાબદાર કારણોમાં ૮૦ ટકા કોરોનરી આર્ટરી ડિસીઝ જવાબદાર રહે છે. વીસ ટકા અન્ય કારણો હોઈ શકે છે. હૃદયમાં ત્રણ કોરોનરી આર્ટરી રહેલી છે. આ ત્રણમાંથી એકમાં પણ બ્લોકેજ હોય તો હૃદય ઉપર અસર આવી શકે છે, જેને લીધે યુવાન વયે હાર્ટ-અટેક આવતો હોય છે. આ કોરોનરી આર્ટરી ડિસીઝ એક લાઈફ-સ્ટાઈલ ડિસીઝ ગણાય છે. ખાસ કરીને ત્યારે જ્યારે એ યુવાનોમાં જોવા મળતો હોય. ઘણાં રિસર્ચ થયાં છે, જે આ સંબંધોને સ્થાપિત કરી ચૂક્યાં છે. આજે સમજીએ કે કયાં કારણોસર યુવાન વયે આ રોગ ઘર કરી રહ્યો છે. ત્રણ મહત્વની તકલીફો છે, જે ઘણી નાની ઉંમરે આજકાલ લોકોમાં જોવા મળે છે અને એ છે હાઈ બ્લડ-પ્રેશર, ડાયાબિટીઝ અને કોલેસ્ટરોલ. આ ત્રણેય રોગ મોટા ભાગે ખરાબ લાઈફ-સ્ટાઈલને કારણે લોકોમાં ઘર કરી જાય છે. આ ત્રણેય રોગોની અસર શરીરમાં લોહીની નસો પર થાય છે, જેને કારણે આ નસો ડેમેજ થાય છે અને એ નસોમાં કોલેસ્ટરોલ જમા થતો જાય છે. એને લીધે નસોમાં બ્લોકેજ બને છે. આ બ્લોકેજ લોહીને આગળ વધતું રોકે છે, જેને લીધે આ બ્લોકેજ હાર્ટ સુધી લોહી પૂરતા પ્રમાણમાં પહોંચવા દેતું નથી. સ્ત્રી અને પુરૂષ બંન્નેમાં આ રોગ ઘણી યુવાન વયે ઘર કરતા જોવા મળી રહ્યા છે અને આટલી યુવાન વયે આ રોગો થઈ શકે છે એવો સ્વીકાર સમાજમાં હજી જોવા મળતો નથી. એને કારણે ઘણા યુવાનો રેગ્યુલર ચેક-અપ કરાવતા નથી, જેને લીધે ઘણાને આ રોગ છે એવી ખબર હાર્ટ ઉપર અસર થયા પછી પડે છે. આ રોગોનાં કોઈ ખાસ ચિહ્નો જોવા મળતાં નથી. આમ સાઈલન્ટ કિલર્સની જેમ શરીરમાં વધતા રહે છે અને શરીરને નુકસાન પહોંચાડયા કરે છે. આ રોગો અને એને કારણે આવતા હાર્ટ-અટેક પાછળ આપણી કઈ ખોટી લાઈફ-સ્ટાઈલ જવાબદાર છે એ સમજીએ.

### ડાયટ

આપણો ખોરાક આજકાલ ઘણો બદલાઈ ગયો છે, જેને કારણે આવા રોગો આપણા શરીરમાં ઘર કરી રહ્યા છે. એ વિશે સમજાવતાં ક્રિટિકેર હોસ્પિટલ, જુહુનાં ડાયટિશ્યન યોગિતા ગોરડિયા કહે છે, 'આજકાલ આપણા ખોરાકમાં મીઠું અને ખાંડનું પ્રમાણ અતિ વધી ગયું છે. આ સિવાય પેકેટ ફૂડ, જન્ક ફૂડ, પ્રોસેસ્ડ ફૂડ, બેકરી પ્રોડક્ટ્સ, રેડી ટુ ઈટ ફૂડ, વગેરે ખાવાનું ચલણ પણ વધી ગયું છે. આ બધો જ ખોરાક પોષણ વગરનો અને હાનિકારક ફેટ્સ અને બીજાં તત્વો ધરાવતો હોય છે, જે આપણા શરીરમાં જઈને મોટું નુકસાન કરે છે. ખાસ કરીને સેચ્યુરેટેડ ફેટ્સ અને ટ્રાન્સ ફેટ્સનું પ્રમાણ આપના ખોરાકમાં એટલું વધી ગયું છે કે હાર્ટ ઉપર એની અસર દેખાવા લાગી છે.'

### બેઠાડુ જીવન

એક સમય હતો જયારે સ્ત્રીઓ પાણી ભરવા માટે બેડલાં લઈને એકાદ કિલોમીટર ચાલતી. આજે તો પાણીનો ગ્લાસ પણ માટલામાંથી ન ભરવો પડે એટલે બોટલ્સ ભરીને રાખીએ છીએ. વિચારવા જઈએ તો આપણે દિવસના ૧૦-૧૨ કલાક બેઠાં-બેઠાં પસાર કરીએ છીએ, જેને કારણે હાર્ટ નબળું બની રહ્યું છે. થોડું પણ ચાલીએ તો હાંફી જઈએ એવી પ્રજા બનતા જઈ રહ્યા છીએ ત્યારે હાર્ટની હેલ્થ માટે વિચારવું જરૂરી છે. એ વિશે વાત કરતાં ડો. એલ. એચ. હીરાનંદાની હોસ્પિટલના કન્સલ્ટન્ટ અને ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ ડો. હૃષીકેશ પાટીલ કહે છે, 'હાર્ટ-હેલ્થ માટે બેઠાડુ જીવન એક શ્રાપ છે. આજે દિવસે-દિવસે હાર્ટના પ્રોબ્લેમ્સ વધતા જાય છે એનું મુખ્ય કારણ આ બેઠાડુ જીવન છે. ટેક્નોલોજી આપણા માટે આર્શીવાદરૂપ છે તો સાથે-સાથે એને જ કારણે આપણને સહન પણ કરવું પડી રહ્યું છે. બેઠાડુ જીવનને લઈને આવતી ઓબેસિટી હાર્ટ-પ્રોબ્લેમને આવકારે છે.'

### સ્ટ્રેસ

કોઈ પણ પ્રકારનો ડર, દરરોજની નાની-મોટી ચિંતાઓ, જીવનના દરરોજ લેવા પડતા મહત્વના નિર્ણયો, કંટાળો કે ફ્રસ્ટ્રેશન, એકબીજા માટેની અને ખુદ પ્રત્યેની પણ વધુ પડતી અપેક્ષાઓને કારણે જે પ્રકારની લાગણીઓ ઉદભવે છે એને કારણે સ્ટ્રેસ ઉત્પન્ન થાય છે. એ સમજાય એવી વાત છે કે જેમના કામના કલાકો ખૂબ વધારે છે તેમના કામનું સ્ટ્રેસ પણ વધારે જ હોવાનું. પરંતુ આ સ્ટ્રેસ હૃદય ઉપર કઈ રીતે ભારે પડે છે? આ પ્રકનનો જવાબ આપતાં વોક્હાર્ટ હોસ્પિટલ, મુંબઈ સેન્ટ્રલના કાર્ડિયોલોજિસ્ટ ડો. પ્રતીક સોની કહે છે, 'જ્યારે સ્ટ્રેસ થાય ત્યારે હૃદયના ધબકારા ખૂબ વધી જાય છે અને એનો રિધમ ખોરવાય છે, બ્લડ-પ્રેશર ઊંચું આવે છે, પેટમાંનો એસિડ વધે છે; જેને કારણે પેટમાં દુઃખાવો, અપચો અને છાતીમાં બળતરા થઈ શકે છે. આ ઉપરાંત સ્નાયુઓમાં ટેન્શન વધે છે; જેને કારણે માથાનો દુઃખાવો, ગરદન અને પીઠનો દુખાવો પણ થાય છે. સ્ટ્રેસને કારણે શ્વાસ ટૂંકા થઈ જાય છે, લોહી જાડું બને છે અને ક્લોટિંગની શક્યતા વધે છે.'

### અપુરતી ઉંઘ

ઊંઘને લગતા પ્રોબ્લેમ્સ અને હાર્ટ-અટેક વચ્ચે સીધો સંબંધ છે એ વાત સાથે સહમત થતાં જસલોક હોસ્પિટલનાં સ્લીપ ડિસઓર્ડર ક્લિનિકના ડિરેક્ટર અને ન્યુરોલોજિસ્ટ ડો. પ્રીતિ દેવનાણી કહે છે, 'જ્યારે કોઈ પુખ્ત વ્યક્તિ ૬ કલાકથી ઓછું અને ૧૦ કલાકથી વધુ સૂવે ત્યારે તેની કાર્ડિયોવેસ્ક્યુલર સિસ્ટમમાં પ્રોબ્લેમ આવે છે. જ્યારે તમને ઊંઘ લીધા પછી ઊઠીને ફ્રેશ ન લાગે, થાક લાગે, કંટાળો આવે, દિવસના સમયે પણ ઊંઘ જ આવ્યા કરે તો સમજવું કે તમે જે ઊંઘ લો છો એ કાં તો વધારે છે અથવા ઓછી. ઘણી વખત વ્યક્તિ ૮ કલાકની ઊંઘ લે છે, પરંતુ એ ઊંઘ ક્વોલિટી ઊંઘ હોતી નથી. ખૂબ વધારે સપનાં આવવાં, રાત્રે વારંવાર ઊંઘ ઊડી જવી, એકધારી ઊંઘ ન થવી વગેરે કારણો પણ વ્યક્તિના હૃદયને અસરકર્તા છે. જો તમે ઈચ્છતા હો તમારૂ હૃદય સ્વસ્થ રહે તો એ માટે તમારી ઊંઘના કલાકો પૂરા થાય છે કે નહીં એ જોવું ખૂબ જ જરૂરી છે. એની સાથે-સાથે તમને ઊંઘ ગુણવત્તાવાળી મળે છે કે નહીં એ વિશે પણ સજાગ રહો.'

### સ્મોકીંગ, આલ્કોહોલ

હાર્ટ ઉપર આ બંન્ને કુટેવોની અસર સીધી અને આડકતરી બંન્ને રીતે થાય છે. એ વિશે વાત કરતા રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના કન્સલ્ટન્ટ કાર્ડિયાક સર્જન ડો. બિપિનચંદ્ર ભામરે કહે છે, 'સ્મોકિંગને કારણે હાર્ટ-ડિસીઝનું રિસ્ક ચારગણું વધી જાય છે. સ્મોકિંગની સીધી અસર વેસ્ક્યુલર તંત્ર એટલે કે લોહીની નસો ઉપર થાય છે. એના થકી લોહીની નળીઓ સાંકડી થતી જાય છે, જેની સીધી અસર શરીરમાં થતા લોહીના પરિભ્રમણ ઉપર પડે છે. આલ્કોહોલ પણ એક એવી કુટેવ છે, જે સીધી નહીં તો આડકતરી રીતે પણ હૃદય ઉપર અસર કરે છે. આલ્કોહોલ ઓબેસિટી માટે જવાબદાર બને છે અને ઓબેસિટી હૃદયરોગને આવકારનારા રોગોને તાણી લાવે છે. આમ તકલીફો વધે છે.'

### જીનેટિક્સ

જે લોકોના ઘરમાં હાર્ટ-અટેકની હિસ્ટરી જોવા મળે છે એ લોકોને અટેક આવવાની શક્યતા વધુ રહે છે, કારણ કે તેઓ જિનેટિકલી આ પ્રકારનું રિસ્ક ધરાવતા હોય છે. પરંતુ આ બાબતે એ પણ સમજવું જરૂરી છે કે જીન્સ આપણી અંદર હોય એટલે આપણને અટેક નથી આવતા. જીન્સ છે એનો અર્થ એ છે કે તમારા શરીરની ટેન્ડન્સી એટલે કે એ પ્રકૃતિ એવી છે. પરંતુ એ પ્રકૃતિને જગાડનાર પરિબળ ન હોય તો એ જીન્સ એટલા અસરદાર ન પણ સાબિત થાય એવું બને ખરૂ. એટલે કે જે લોકો ઉપર જિનેટિકલ રિસ્ક છે એવા લોકો પોતાનું પૂરતું ધ્યાન રાખે તો તેમના ઉપરનું આ રિસ્ક ઘણું ઓછું થઈ જાય છે અને જો તેઓ પોતાની લાઈફ-સ્ટાઈલ ખરાબ જ રાખે તો આ રિસ્ક નાની ઉંમરે જ પોતાની અસરકારકતા સિદ્ધ કરે છે. આમ અહીં પણ લાઈફ-સ્ટાઈલ ઠીક રહેવી એ મહત્વનો ભાગ ભજવે છે.

### કઈ રીતે બચશો ?

સ્મોકિંગ અને આલ્કોહોલ જેવી ખરાબ આદતોથી દૂર જ રહો, જીવવા માટે ખાઓ, ખાવા માટે ન જીવો. એટલે કે પોષણયુક્ત ખોરાક જ ખાઓ

બેઠાડુ જીવન ન છોડી શકો તો કંઈ નહીં, પરંતુ દિવસમાં ૪૦-૪૫ મિનિટ કાર્ડિયો એક્સરસાઈઝ કરો. જેમ કે સિમ્પલ વોકિંગ, જોગિંગ, સ્વિમિંગ વગેરે.

ગમે તેટલું કામ હોય કે બીજાં કોઈ પણ કારણો હોય, તમારી રાતની ઊંઘને હંમેશાં તમારી પ્રાથમિકતાના લિસ્ટમાં સૌથી ઉપર રાખો. નીરોગી જીવનની એ ચાવી છે.

તમારા વજનને પ્રમાણમાં રાખો. થોડું પણ વધે તો આ બાબતે સજાગ રહો, કારણ કે વજન એક વખત ખૂબ વધી ગયું તો ઉતારવું અઘરૂ છે.

૩૦ વર્ષની ઉંમરથી રેગ્યુલર ચેક-અપની આદત પાડો. એને લીધે ડાયાબિટીઝ, બ્લડ-પ્રેશર કે કોલેસ્ટરોલ જેવી સમસ્યા હોય તો એનું સમયસર નિદાન થઈ શકે.

સ્ટ્રેસને ઓળખો અને એને દૂર કરવા માટે પ્રાણાયામ, યોગ અને ધ્યાન અપનાવો.

# આગામી ભારતીય ચોમાસુ સમયસર શરૂ થશે

ચોમાસું અનિયમીત રહે અને એકંદરે ચોમાસું સામાન્ય રહે, જુલાઈ -ઓગષ્ટમાં અમુક પ્રદેશોમાં અતિવૃષ્ટીની સંભાવના

ભારત દેશ ખેતીપ્રધાન દેશ છે. ભારતીય દેશની જીવાદોરી ચોમાસા ઉપર નિર્ભર છે. દેશમાં ચોમાસુ કેવું જશે તે વિષે લોકો જુદો-જુદો વર્તારો કરે છે. હોળીની ઝાળ, અખાત્રીજના પવનો, ટીટોડી કયાં ઈંડા મુકે છે, આવી જુદી-જુદી રીતે વર્તારો કરે છે. ઘણાખરા લોકો ભડલી વાકય પ્રમાણે ચોમાસાનો વર્તારો કરે છે.

ચાલુ સાલ સમગ્ર ચોમાસા દરમ્યાન સુર્ય આગળ મંગળ રહેનાર નથી. તેને કારણે ચોમાસુ એકંદરે સારૂ જાય, ઘણી જગ્યાએ અતિવૃષ્ટી કરાવે, ચાલુ સાલ ગુરૂદેવ વૃષભ રાશિમાં સમગ્ર ચોમાસા દરમ્યાન રહેનાર છે. તેથી દક્ષિણ પુર્વ ભારતમાં વરસાદ સારો પડે. હાલ કૃતિકા નક્ષત્ર તા.૧૧-૫-૨૦૨૪ થી હાલ ચાલુ છે. કૃતિકા નક્ષત્રમાં સખત ગરમી પડેલ છે.

જયોતિષશાસ્ત્ર પ્રમાણે ચૈત્ર માસના દનિયા સારા તપેલા હતા તેથી વરસાદ માટે સારી નિશાની ગણાય છે. તા.૨૪-૫-૨૪ ના રોજ સુર્ય રોહિણી નક્ષત્રમાં પ્રવેશ કરશે. રોહિણી નક્ષત્રમાં ગરમીનું પ્રમાણ વધુ રહે તો ચોમાસાની નિશાની સારી ગણાય છે. તેમજ તા.૭-૬-૨૦૨૪ના રોજ સુર્ય મૃગશીર્ષ નક્ષત્રમાં પ્રવેશ કરે છે. મૃગશીર્ષ નક્ષત્રમાં પવનનું ભેર વધે તો વરસાદ સારો પડે છે. ભડલી વાકયમાં કહેવત છે રોહિણી તપે તેમજ મૃગશીર્ષ વાય તો વરસાદ સારો પડે છે.

જુન મહિનાની શરૂઆતમાં સુર્ય બુધ, ગુરૂ તેમજ શુક્ર ચાર ગ્રહોની શુભ યુતિ હોવાથી જુનની શરૂઆતમાં પ્રિમોન્સુનની એકટીવીટી (શરૂઆત) થાય. મંગળ દેવ મીન રાશિમાંથી મેષ રાશિમાં તા.૧-૬-૨૦૨૪ થી પ્રવેશ કરે છે. આ દરમ્યાન દરિયાઈ પટ્ટીમાં ચક્રવાત પવો તેમજ વાવાઝોડાની સંભાવના રહે. સુર્ય મૃગશીર્ષ નક્ષત્રમાં તા.૭-૬-૨૦૨૪ના રોજ પ્રવેશ કરે છે. ત્યારે પણ સુર્ય, બુધ, ગુરૂ, શુક્ર, વૃષભ રાશિમાં રહેનાર છે તેથી તા.૭-૬-૨૦૨૪ થી તા.૧૨-૬-૨૦૨૪ સુધી સુર્ય, બુધ, ગુરૂ તેમજ શુક્રની યુતિ હોવાથી વરસાદી વાદળા બંધાય, કયાંક ઝાપટારૂપી વરસાદ પડે.

આદ્ર નક્ષત્રનો પ્રારંભ તા.૨૧-૬-૨૦૨૪ ના રોજ આદ્ર નક્ષત્રનો પ્રારંભ થયો છે તેનું વાહન મોર છે. આદ્ર નક્ષત્રનો પ્રારંભ એટલે કે ચોમાસાનો પ્રારંભ ગણાય છે. ચાલુ સાલ તા.૨૧-૬-૨૪થી તા.૫-૭-૨૦૨૪ સુધી સમગ્ર આદ્ર નક્ષત્રમાં વરસાદ સારો પડે. ઘણી વાવણી લાયક વારસાદ થઈ જાય. વરસાદની શકયતાવાળા દિવસો તા.૧૯-૬-૨૦૨૪ તેમજ તા.૨૦-૬-૨૦૨૪ તેમજ તા.૨૧-૬-૨૦૨૪ તેમજ તા.૨૪-૬-૨૦૨૪ થી તા.૨૯-૬-૨૦૨૪ સુધી તેમજ તા.૩-૭-૨૦૨૪ તેમજ તા.૪-૭-૨૦૨૪ આમ એકંદરે આદ્ર નક્ષત્રમાં વરસાદનું પ્રમાણ ઠીક સારૂ રહે.

**જયોતિષી**
**દિનેશ અનંતરાય ભટ્ટ**
**પંચહાટડી ચોક, શારદાર શેરી, જૂનાગઢ**
**મો. ૯૮૨૪૪ ૨૨૨૮૦/૯૪૨૮૩ ૭૩૪૪૨**

પુનર્વસુ નક્ષત્રનો પ્રારંભ તા.૫-૭-૨૦૨૪ ના રોજ થાય છે. તેનું વાહન હાથી છે. વરસાદની શકયતા વાળા દિવસો તા.૭-૭-૨૦૨૪ તેમજ તા.૮-૭-૨૦૨૪ તેમજ તા.૯-૭-૨૦૨૪ તેમજ તા.૧૩-૭-૨૦૨૪ તેમજ તા.૧૪-૭-૨૦૨૪ તેમજ તા.૧૮-૭-૨૦૨૪ આ ગાળામાં અમુક જગ્યાએ અતિવૃષ્ટી કરાવે. સમગ્ર ગુજરાતમાં વ્યાપક (સારો) વરસા પડે.

પુષ્ય નક્ષત્રનો પ્રારંભ તા.૧૯-૭-૨૦૨૪ ના રોજ થાય છે. તેનું વાહન દેડકો છે. તેથી આ નક્ષત્રમાં અમુક જગ્યાએ અતિવૃષ્ટી તેમજ અમુક જગ્યાએ અલ્પવૃષ્ટી કરાવે. વરસાદની શકયતાવાળા દિવસો તા.૨૧-૭-૨૦૨૪ તેમજ તા.૨-૭-૨૦૨૪ તેમજ તા.૨૩-૭-૨૦૨૪ તેમજ તા.૨૬-૭-૨૦૨૪ તા.૩૧-૭-૨૦૨૪ આ ગાળામાં અમુક જગ્યાએ સારો વરસાદ પડે. અમુક જગ્યાએ અલ્પવૃષ્ટી કરાવે.

આશ્લેખા નક્ષત્રનો પ્રારંભ તા.૨-૮-૨૦૨૪ ના રોજ આશ્લેખા નક્ષત્રનો પ્રારંભ થાય છે. તેનું વાહન ગધેડો છે. આ નક્ષત્રના ગાળા દરમ્યાન સુર્ય જલ રાશિમાં ગુરૂદેવ વૃષભ રાશિમાં તેમજ બુધ શુક્રની યુતિ સિંહ રાશિમાં છે. તેથી દેશભરમાં ઘણી જગ્યાએ અતિવૃષ્ટી કરાવે. કયાંક હેલી રૂપે વરસાદ પડે. વરસાદની શકયતાવાળા દિવસો તા.૨-૮-૨૦૨૪ તેમજ તા.૩-૮-૨૦૨૪ તેમજ તા.૪-૮-૨૦૨૪ તેમજ તા.૭-૮-૨૦૨૪ તેમજ તા.૯-૮-૨૦૨૪ તેમજ તા.૧૦-૮-૨૦૨૪ તેમજ તા.૧૨-૮-૨૦૨૪ તેમજ તા.૧૩-૮-૨૦૨૪ તેમજ તા.૧૪-૮-૨૦૨૪ ના રોજ વરસાદ સારો પડે.

મઘા નક્ષત્રનો પ્રારંભ તા.૧૬-૮-૨૦૨૪ ના રોજ મઘા નક્ષત્રનો પ્રારંભ થાય છે. તેનું વાહન શિયાળ છે. ગુરૂ મંગળની યુતિ તેમજ બુધ શુક્રની યુતિ સિંહ રાશિમાં છે. તેમજ બુધ શનિ વક્રી છે. તેથી પવન સાથે વરસાદ વરસે, વરસાદની શકયતાવાળા દિવસો તા.૧૮-૮-૨૦૨૪ તેમજ તા.૧૯-૮-૨૦૨૪ તેમજ તા.૨૧-૮-૨૦૨૪ તેમજ તા.૨૨-૮-૨૦૨૪ તેમજ તા.૨૭-૮-૨૦૨૪ તેમજ તેની આજુબાજુના દિવસોમાં વરસાદ સારો પડે.

પુર્વા ફાલ્ગુની નક્ષત્રનો પ્રારંભ તા.૩૦-૮-૨૦૨૪ના રોજ થાય છે. તેનું વાહન મુસક (ઉંદર) છે. સુર્ય, બુધ તેમજ શુક્ર અનુક્રમે કર્ક, સિંહ તેમજ કન્યા રાશિમાં છે. તેથી આ સમયમાં વરસાદની થોડી અતિ કરાવે. અમુક પ્રદેશોમાં થોડી ઘણી વૃષ્ટી કરાવે. વરસાદની શકયતાવાળા દિવસો તા.૪-૯-૨૦૨૪ તેમજ તા.૫-૯-૨૦૨૪ તેમજ તા.૬-૯-૨૦૨૪ તેમજ તા.૮-૯-૨૦૨૪ તેમજ તા.૯-૯-૨૦૨૪ તેમજ તા.૧૦-૯-૨૦૨૪ તેમજ તા.૧૧-૯-૨૦૨૪. આ દિવસોમાં સામાન્ય વરસાદ પડે. આ ગાળામાં વરસાદનું જોર ઘટે.

ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રનો પ્રારંભ તા.૧૩-૯-૨૦૨૪ના રોજ થાય છે. તેનું વાહન હાથી છે. આ સમયમાં ગ્રહયોગ જોતા સમગ્ર ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર પાછોતરા વરસાદ માટે સારો સમય છે. દેશભરમાં સારો વરસાદ પડે. વરસાદની સારી શકયતાવાળા દિવસો તા.૧૭-૯-૨૦૨૪ થી તા.૨૩-૯-૨૦૨૪ સુધી સમગ્ર દેશભરમાં વરસાદ સારો પડે.

હસ્ત નક્ષત્રનો પ્રારંભ તા.૨૬-૯-૨૦૨૪ના રોજ થાય છે. તેનું વાહન મોર છે. આ ગાળામાં પાછોતરો વરસાદ સારો પડે. ગાજવીજનું પ્રમાણ વધુ રહે, વરસાદની સારી શકયતાવાળા દિવસો તા.૨૬-૯-૨૦૨૪ તેમજ તા.૨૭-૯-૨૦૨૪ તેમજ તા.૨૮-૯-૨૦૨૪ તેમજ તા.૨૯-૯-૨૦૨૪ ના રોજ અતિ સારો વરસાદ પડે. તેમજ નવરાત્રીના અમુક દિવસોમાં વરસાદ પડે.

ચિત્રા નક્ષત્રનો પ્રારંભ તા.૧૦-૧૦-૨૦૨૪ ના રોજ થાય છે. તેનું વાહન ભેંસ છે. આ ગાળા દરમ્યાન પછોતરો વરસાદ અમુક જગ્યાએ સારો પડે. તા.૭-૧૦-૨૦૨૪ થી ગુરૂ મહારાજ વક્રી થશે. શનિ તેમજ મંગળ દેવ વાયુતત્વની રાશિમાં હોવાથી દરિયાઈ તોફાન, વાવાઝોડા વગેરેનો ઉદ્‌ભવ કરાવે. આમ પાછોતરો વારસાદ અમુક જગ્યાએ સારો પડે.

### આ વખતે ૩૯૧૫ અપક્ષ મેદાનમાં

## બીજીવાર ચૂંટણી લડતા ૩૨૪ સાંસદોની સંપત્તિમાં ૪૩ %નો વધારો

**ભાજપના ૪૪૦ ઉમેદવારોમાંથી ૬૯ મહિલા ઉમેદવાર છે**
**કોંગ્રેસમાં ૩૨૭ ઉમેદવારોમાંથી ૪૧ મહિલા ઉમેદવાર**

નવી દિલ્હી, તા.૩૧

છેલ્લા ૧૫ વર્ષમાં દેશમાં ચૂંટણી લડનારા રાજકીય પક્ષોની સંખ્યામાં આશ્ચર્યજનક વધારો થયો છે. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) અને નેશનલ ઈલેકશન વોચ દ્વારા સંયુક્ત રીતે બહાર પાડવામાં આવેલા એક અહેવાલમાં આ માહિતી આપવામાં આવી છે. આ અહેવાલ અનુસાર, ૨૦૦૯થી ૨૦૨૪ સુધીમાં લોકસભા ચૂંટણી લડનારા રાજકીય પક્ષોની સંખ્યામાં ૧૦૪ ટકાનો વધારો થયો છે. ADRએ ૨૦૨૪ની ચૂંટણીમાં લડી રહેલા ૮,૩૩૭ ઉમેદવારો દ્વારા આપવામાં આવેલી ચૂંટણી પહેલાની એફિડેવિટ્સનું વિશ્લેષણ કરીને ઘણી રસપ્રદ માહિતી આપી છે. આ વર્ષે લોકસભાની ચૂંટણીમાં, મહિલા ઉમેદવારોને તક આપવાના મામલે મુખ્ય પક્ષોમાં સૌથી આગળ ભારતીય જનતા પાર્ટી છે. ભાજપના ૪૪૦ ઉમેદવારોમાંથી ૬૯ મહિલા ઉમેદવાર છે. આ તેમના કુલ ઉમેદવારોના ૧૬ ટકા છે. જ્યારે કોંગ્રેસ ૩૨૭ ઉમેદવારોમાંથી ૪૧ મહિલાઓ એટલે કે ૧૩ ટકા સાથે બીજા સ્થાને છે. તુલનાત્મક રીતે, આ બાબતમાં નાના પક્ષોનું પ્રદર્શન મુખ્ય પક્ષો કરતાં સારું જોવા મળ્યું હતું. તમિલર કાચી દળના ૪૦ ઉમેદવારોમાંથી ૨૦ મહિલા છે. જ્યારે લોક જનશક્તિ પાર્ટી અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી પાસે ૪૦ ટકા મહિલા ઉમેદવારો છે.

એડીઆર અને ઈલેકશન વોચના વિશ્લેષણ મુજબ, આ લોકસભા ચૂંટણીમાં ફરીથી લડી રહેલા ૩૨૪ સાંસદોની સંપત્તિમાં છેલ્લા પાંચ વર્ષમાં સરેરાશ ૪૩ ટકાનો વધારો થયો છે. ૨૦૧૯માં આ સાંસદોની સરેરાશ સંપત્તિ ૨૧.૫૫ કરોડ રૂપિયા હતી, જ્યારે વર્તમાન ચૂંટણીમાં સરેરાશ સંપત્તિ વધીને ૩૦.૮૮ કરોડ રૂપિયા થઈ ગઈ છે. જે છેલ્લા પાંચ વર્ષમાં રૂ. ૯.૩૩ કરોડનો વધારો દર્શાવે છે.

છઠ્ઠઈના અહેવાલ મુજબ, ૮,૩૬૦ ઉમેદવારોમાંથી સૌથી વધુ હિસ્સો અપક્ષ ઉમેદવારોનો છે. ૩,૯૧૫ ઉમેદવારો અપક્ષ તરીકે લોકસભાની ચૂંટણી લડી રહ્યાં છે. આ પછી, રજિસ્ટર્ડ અપ્રમાણિત પક્ષોમાંથી ૨,૫૮૦ ઉમેદવારો મેદાનમાં છે. ૧,૩૩૩ ઉમેદવારો રાષ્ટ્રીય પક્ષોમાંથી, જ્યારે ૫૩૨ ઉમેદવારો પ્રાદેશિક પક્ષોમાંથી ચૂંટણી લડી રહ્યા છે.

### બેંગલુરૂમાં પોસ્ટ ઓફિસની બહાર લાંબી કતાર

## કોંગ્રેસ ૪ જૂન પછી દર મહિને ૮૫૦૦ રૂપિયા મોકલશે, અફવા બાદ મહિલાઓ પહોંચી પોસ્ટ ઓફિસ

બેંગલુરૂ, તા.૩૧

બેંગલુરુમાં પોસ્ટ ઓફિસની બહાર મહિલાઓની લાંબી કતારો જોવા મળી રહી છે, આમાંની મોટાભાગની મહિલાઓ મુસ્લિમ છે. કોઈએ એવી અફવા ફેલાવી છે કે, ૪ જૂન પછી કોંગ્રેસ પાર્ટી મહિલાઓના ખાતામાં દર મહિને ૮૫૦૦ રૂપિયા ટ્રાન્સફર કરશે. આ અફવાને સાચી માનીને મહિલાઓ પોસ્ટ ઓફિસ દ્વારા બચત ખાતા ખોલાવી રહી છે. મોટી સંખ્યામાં મહિલાઓ તેમના ખાતા ખોલાવી રહી છે. જેને પગલે પોસ્ટ ઓફિસની બહાર મહિલાઓની લાંબી કતારો લાગી છે.

પોસ્ટ ઓફિસના ડેટા અનુસાર, છેલ્લા ૭ દિવસમાં લગભગ ૮ હજાર મહિલાઓએ IPPB એકાઉન્ટ ખોલાવ્યું છે. બેંગલુરુમાં જનરલ પોસ્ટ ઓફિસની બહાર મહિલાઓની લાંબી કતારો જોવા મળી રહી છે. સેંકડો મહિલાઓ IPPB એટલે કે ઈન્ડિયન પોસ્ટ પેમેન્ટ્સ બેંક ખાતા ખોલવા માટે લાઈનમાં ઉભી છે. પોસ્ટ ઓફિસના અધિકારીઓ પણ આનું કારણ સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયા. હકીકતમાં, કોઈએ આ મહિલાઓને કહ્યું કે, કોંગ્રેસે તેના ચૂંટણી ઢંઢેરામાં મહિલોઓને દર મહિને ૮૫૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી છે, તે પૈસા આ IAPPAB એકાઉન્ટમાં જમા કરવામાં આવશે.

બેંગલુરુની જનરલ પોસ્ટ ઓફિસના ચીફ પોસ્ટ માસ્ટર એચ.એમ. મંજેશના જણાવ્યા અનુસાર, લગભગ તમામ DBT યોજનાઓના પૈસા IPPB ખાતામાં જમા થાય છે. પરંતુ હજુ સુધી એવી કોઈ માહિતી મળી નથી કે, આ ખાતાઓમાં ૮૫૦૦ રૂપિયા જમા થશે. પરંતુ છેલ્લા દસ દિવસથી અચાનક મહિલાઓ ખાતુ ખોલાવવા આવી રહી છે. સામાન્ય રીતે દરરોજ ૫૦ ખાતા ખોલવામાં આવતા હતા પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી દરરોજ ૮૦૦ મહિલાઓ તેમના IPPB ખાતા ખોલવા આવી રહી છે.મહિલાઓને લાગે છે કે, ૪ જૂનથી કોંગ્રેસ દર મહિને ૮૫૦૦ રૂપિયા ટ્રાન્સફર કરશે. આથી આ તમામ મહિલાઓ વહેલી તકે તેમના ખાતા ખોલાવવા માટે પોસ્ટ ઓફિસ પહોંચી રહી છે. જો કે, પોસ્ટ ઓફિસના કર્મચારીઓ તેમને સમજાવી રહ્યા છે કે, સરકારની આવી કોઈ યોજના નથી પરંતુ તેઓ તેમ છતાં તેમનું ખાતું ખોલાવવા માંગે છે.

### આઝમ ખાનની મુશ્કેલીઓ વધી

## આઝમ ખાનને કોર્ટે ૧૦ વર્ષની સજા,૧૪ લાખનો દંડ ફટકાર્યો

રામપુર, તા.૩૧

જેલમાં બંધ આઝમ ખાનને ડૂંગરપુર કેસમાં એમપી-એમએલએ કોર્ટે ગુરુવારે ૧૦ વર્ષની સજા સંભળાવી છે. સાથે જ કોર્ટે ૧૪ લાખનો દંડ પણ ફટકાર્યો છે. કોર્ટે આઝમ ખાનને કાલે દોષિત ઠેરવ્યા હતા. આઝમ ખાન પર ડૂંગરપુર વસ્તીને બળજબરીપૂર્વક ખાલી કરાવવા, મારપીટ, તોડફોડ, લૂંટ તથા ધમકાવવાનો આરોપ હતો. કેસ ૬ ડિસેમ્બર ૨૦૧૬નો છે. આઝમ ખાન પર આ મામલામાં ૨૦૧૯માં કેસ દાખલ થયો હતો. રામપુર એમપી-એમએલએ સેશન કોર્ટમાં મામલાની સુનાવણી થઈ રહી હતી. રામપુર જિલ્લાની એમપી-એમએલએ કોર્ટે પૂર્વ કેબિનેટ મંત્રી આઝમ ખાનને તાજેતરમાં દોષિત ઠેરવ્યા હતા અને ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો. ડૂંગરપુર પ્રકરણમાં આજે એમપી-એમએલએ સ્પેશિયલ કોર્ટના ન્યાયાધીશ ડો. વિજય કુમારે સજા સંભળાવી છે. આઝમ ધાન હાલમાં સીતાપુરની જેલમાં બંધ છે. જેલમાંથી વીડિયો કોન્ફેન્સ દ્વારા તેમને હાજર કરવામાં આવ્યા હતા. સરકારી વકીલ શિવ પ્રકાશ પાંડેએ જણાવ્યું કે, બળજબરીપૂર્વક ઘર ખાલી કરાવીને તેને ધ્વસ્ત કરવાના મામલામાં રામપુરની સ્પેશિયલ એમપી-એમએલએ કોર્ટે સપા નેતા આઝમ ખાનને ૧૦ વર્ષની જેલની સજા સંભળાવી અને ૧૪ લાખ રુપિયાનો દંડ પણ લગાવ્યો છે. હકીકતમાં જોઈએ તો, સપા સરકારના શાસનકાળમાં ડૂંગરપુરમાં આસરા આવાસ બનાવ્યા હતા. આ જગ્યા પર પહેલાથી અમુક લોકોના મકાન હતા, આરોપ હતો કે, સરકારી જમીન પર ગણાવીને ૨૦૧૬માં તેને તોડી નાખવામાં આવ્યા, પીડિતોએ લૂંટનો આરોપ પણ લગાવ્યો હતો. ૨૦૧૯માં જ્યારે ભાજપની સરકાર આવી તો, સૌથી પહેલી વાર રામપુરના ગંજ પોલીસ સ્ટેશનમાં આ મામલે એક ડઝનથી વધારે અલગ અલગ કેસ કરવામાં આવ્યા હતા.

આરોપ લગાવ્યો છેકે, સપા સરકારમાં આઝમ ખાનના ઈશારા પર પોલીસ અને સપાઈયોએ આસરા આવાસ બનાવવા માટે તેમના ઘરોને બળજબરીપૂર્વક ખાલી કરાવ્યા હતા. ત્યાં પહેલાથી બનેલા મકાનો પર બુલડોઝર પણ ચલાવીને ધ્વસ્ત કરી દીધા હતા. આ કેસમાં આઝમ ખાનનું નામ વિવેચના દરમ્યાન પોલીસે સામેલ કર્યું હતું. આઝમ ખાન સાથે બરકત કોન્ટ્રાકટર પણ દોષિત માનવામાં આવ્યો હતો. ડૂંગરપુર કેસમાં ૧૨ કેસ નોંધવામાં આવ્યા હતા.

### મુંબઈના જયા શેટ્ટી હત્યા કેસમાં

## ડોન છોટા રાજનને આજીવન કેદની સજા



**વર્ષ ૨૦૦૧માં છોટા રાજનના સાગરિતોએ મુંબઈના ગ્રાન્ટ રોડ પર જયા શેટ્ટી પર ગોળીબાર કર્યો હતો**

મુંબઈ, તા.૩૧

ડોન છોટા રાજનને આજીવન કેદની સજા સંભળાવવામાં આવી છે.મુંબઈની વિશેષ સીબીઆઈ કોર્ટે આ સજા સંભળાવી છે. મુંબઈના જયા શેટ્ટી હત્યા કેસમાં છોટા રાજનને આ સજા સંભળાવવામાં આવી છે. વર્ષ ૨૦૦૧માં છોટા રાજનના સાગરિતોએ મુંબઈના ગ્રાન્ટ રોડ પર જયા શેટ્ટી પર ગોળીબાર કર્યો હતો.

છોટા રાજને જયા શેટ્ટી પાસેથી ખંડણી માગી હતી, પરંતુ તેને ખંડણી આપવામાં આવી ન હતી. આ પછી છોટા રાજને જયા શેટ્ટી પર ફાયરિંગ કરાવ્યું હતું. ઓકટોબર ૨૦૧૫માં ઈન્ડોનેશિયામાં તેની ધરપકડ બાદ ભારતમાં મોકલવામાં આવ્યા બાદ છોટા રાજન દિલ્હીની તિહાર જેલમાં બંધ છે.

છોટા રાજનનું સાચું નામ રાજેન્દ્ર સદાશિવ છે. છોટા રાજનની બાલી એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી હતી. તેને ૨૦૧૫માં ભારત પ્રત્યાર્પણ કરવામાં આવ્યો હતો અને ત્યારથી તે તિહાર જેલમાં બંધ છે. મુંબઈની ડી-કંપનીમાં એક સમયે ટોપ લેફટનન્ટ રહી ચૂકેલા છોટા રાજને ૧૯૯૩ના મુંબઈ બોમ્બ વિસ્ફોટ પછી દાઉદ ઈબ્રાહિમ સાથે લડાઈ કરી હતી. રાજનને ડોન છોટા શકીલ તરફથી ઘણી વખત જાનથી મારી નાખવાની ધમકીઓ પણ મળી રહી છે.

૧૯૯૩ના મુંબઈ હુમલા બાદ દાઉદ અને છોટા રાજન અલગ થઈ ગયા હતા. ૧૯૯૪માં રાજન વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ જાહેર કરવામાં આવી હતી, પરંતુ એવું અનુમાન કરવામાં આવ્યું હતું કે દાઉદથી અલગ થયા બાદ તે ડી-કંપનીના કામકાજની અંદરની માહિતી સાથે એજન્સીઓને મદદ કરી રહ્યો હતો.

લગભગ બે દાયકા સુધી ફરાર રહ્યા બાદ છોટા રાજન ૨૦૧૫માં પકડાયો હતો. જ્યારે તેની ધરપકડ કરવામાં આવી ત્યારે તે સિડનીથી બાલી એરપોર્ટ પહોંચ્યો હતો. તેની પાસે મોહન કુમાર નામનો પાસપોર્ટ હોવાનું કહેવાય છે, પરંતુ ઈમિગ્રેશન અધિકારીઓને તેનું અસલી નામ રાજેન્દ્ર સદાશિવ હોવાનું જણાવ્યું હતું. જયા શેટ્ટીની વાત કરીએ તો તે સેન્ટ્રલ મુંબઈના ગામદેવીમાં આવેલી ગોલ્ડન ક્રાઉન હોટેલની માલિક હતી. તેને છોટા રાજન ગેંગ તરફથી ખંડણીના કોલ આવતા હતા. ૪ મે, ૨૦૦૧ના રોજ, છોટા રાજન ગેંગના બે સભ્યોએ તેની હોટલની અંદર તેની ગોળી મારીને હત્યા કરી હતી. ધમકીઓને કારણે મહારાષ્ટ્ર પોલીસે તેમને સુરક્ષા પૂરી પાડી હતી. જોકે હત્યાના બે મહિના પહેલા તેની સુરક્ષા પાછી ખેંચી લેવામાં આવી હતી.

### જૂન મહિનાની શરૂઆતથી થશે અનેક ફેરફાર

## ડ્રાઈવિંગ લાઈસન્સથી લઈને આધાર કાર્ડ સુધીમાં થશે ફેરફારો

### ફેરફારોની અસર સીધી સામાન્ય માણસના ખિસ્સા પર પડશે




નવી દિલ્હી, તા.૩૧

દર મહિનાની પહેલી તારીખે દેશમાં ઘણા મોટા ફેરફારો થાય છે. હવે મે મહિનો પૂરો થવાનો છે અને જૂન મહિનાની શરૂઆત નજીક છે. ૧ જૂન ૨૦૨૪ થી ઘણા મોટા ફેરફારો થવા જઈ રહ્યા છે. આ ફેરફારોની અસર સીધી સામાન્ય માણસના ખિસ્સા પર પડશે. આ ફેરફારોમાં બેંકોને લગતા નિયમો, આધાર કાર્ડ અપડેટ, ગેસ સિલિન્ડરની કિંમતોમાં ફેરફાર વગેરેનો સમાવેશ થાય છે. આવો અમે તમને જણાવીએ કે ૧ જૂનથી કયા મોટા ફેરફારો થવાના છે.

રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયે તાજેતરમાં ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવા માટે નવા નિયમો જાહેર કર્યા છે. આ નવા નિયમો ૧ જૂનથી અમલમાં આવી રહ્યા છે, જેમાં ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવા માટે કોઈએ પણ સરકારી RTOમાં ડ્રાઈવિંગ ટેસ્ટ આપવા જવાની જરૂર રહેશે નહીં, પરંતુ તેઓ આ ટેસ્ટ અધિકૃત ખાનગી ટ્રેનિંગ સેન્ટરમાં પણ આપી શકશે. આ કેન્દ્રો પરીક્ષા આપ્યા બાદ લાયસન્સ પાત્રતા પ્રમાણપત્ર જાહેર કરી શકશે. નવા નિયમો હેઠળ ટ્રાફિકના નિયમો પણ કડક કરવામાં આવશે. માન્ય લાયસન્સ વિના ડ્રાઈવિંગ પર સખત દંડનો સમાવેશ થાય છે, જે દંડ હવે ૨,૦૦૦ રૂપિયા થશે. ડ્રાઈવિંગ કરતા પકડાયેલા સગીરો માટેનો દંડ વધુ કઠોર છે, જેમાં ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ અને માતા-પિતા સામે સંભવિત કાર્યવાહી તેમજ વાહનનું રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર રદ કરવાનો સમાવેશ થાય છે. જો તમે આમ કરશો તો લાયસન્સ રદ થઈ જશે અને સગીર ૨૫ વર્ષ સુધી નવું લાયસન્સ મેળવી શકશે નહીં. ૧૦૦૦ થી ૨૦૦૦ રૂપિયા સુધીનો દંડ વસૂલવામાં આવશે, લાયસન્સ વિના વાહન ચલાવવા પર: ૫૦૦ રૂપિયા, હેલ્મેટ ન પહેરવા પર: ૧૦૦ રૂપિયા અને સીટ બેલ્ટ ન પહેરવા પર: ૧૦૦ રૂપિયાનો દંડ થશે.

યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા એટલે કે UIDAI અનુસાર, જો તમે ૧૦ વર્ષથી તમારું આધાર કાર્ડ અપડેટ કર્યું નથી, તો તમે ૧૪ જૂન સુધી તમારું આધાર કાર્ડ મફતમાં અપડેટ કરી શકો છો. તમે આ કામ આધાર કેન્દ્રની મુલાકાત લઈને પણ કરી શકો છો. યુઝર્સ ૫૦ રૂપિયા પ્રતિ અપડેટની નજીવી ફી ચૂકવીને તેમના આધાર કાર્ડને ઑફલાઈન અપડેટ કરાવી શકે છે. જ્યારે UIDAI પોર્ટલ પર કોઈ ચાર્જ ચૂકવવો પડશે નહીં.

ઘરેલું અને કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતો દર મહિનાની પહેલી તારીખે બદલાય છે. મહિનાની પહેલી તારીખે દેશની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ ઘરેલું અને કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત નક્કી કરે છે. ૧લી જૂને ગેસ સિલિન્ડરની કિંમતમાં ફેરફાર થઈ શકે છે. છેલ્લી વખત ઘરેલું ગેસ સિલિન્ડરના ભાવમાં ૯ માર્ચે ઘટાડો જોવા મળ્યો હતો. ગત મહિને કોમર્શિયલ ગેસ સિલિન્ડર સસ્તા થયા હતા.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ના હોલિડે કેલેન્ડર મુજબ, બેંકો જૂનમાં દસ દિવસ માટે બંધ રહેશે. આ સુનિશ્ચિત રજાઓમાં રવિવાર, બીજો અને ચોથો શનિવાર અને અન્ય વિશેષ રજાઓ જેમ કે રાજા સંક્રાંતિ અને ઈદ-ઉલ-અઝહાનો સમાવેશ થાય છે. દેશમાં લોકસભા ચૂંટણીના સાતમા તબક્કાને ધ્યાનમાં રાખીને ૧ જૂને ઘણા રાજ્યોમાં બેંકોમાં રજા રહેશે. બેંકમાં જતા પહેલા એકવાર તમારા રાજ્યની બેંક રજાઓની યાદી તપાસી લો.

# આવતીકાલથી જૂનાગઢમાં વિરાટ સોમયજ્ઞ : વિષ્ણુ ગોપાલયજ્ઞ શ્રીજીના વિવિધ મનોરથો



## તા.૧ જુનથી ૭ જુન સુધી વિવિધ કાર્યક્રમો : મહાપ્રભુજીએ રર સોમયજ્ઞ ફર્યા હતા અનેક ગણુ ફળ આપે છે : સાંજે શોભાયાત્રા, ફુલ મડળીનો મનોરથ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૧

જૂનાગઢની પાવન ભૂમિ ઉપર જ્ઞાન કર્મ ભકિતના સમન્વય રૂપ વિશાળ સોમયજ્ઞનું તા.૧ જુનથી ૭ જુન સમય સવારે ૮થી રાત્રે ૯ પર્યત ફળદુ વાડી ઝાંઝરડા બાયપાસ રોડ જૂનાગઢ ખાતે રાખેલ છે. આજે ફળદુવાડી ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં અનંત વિભુષિત અગ્નિચિત દિક્ષીત નિત્ય અગ્નિહોત્રી વાજપેયી પુ.પુ. ગો ૧૦૦૮ શ્રી રઘુનાથજી મહારાજએ જણાવ્યું હતું કે, પુ. રઘુનાથજી મહારાજ પુ. અ.સૌ. શ્રી જાનકી વહુજી (વિરમગામ-જૂનાગઢ) અમદાવાદ કામવનના સાનિધ્યમાં ઉદીયન આચાર્ય ચિ. ગો શ્રી ગિરધર બાવા તથા આચાર્ય ચિ. ગો શ્રી ગોવિંદબાવાની પ્રેરક ઉપસ્થિતિમાં આ યજ્ઞનો પ્રારંભ થશે.

જેમાં આવતીકાલે શનિવાર સાંજે ૫ કલાકે મહારાજશ્રીના મુકામેથી વાજતે વાજતે શોભાયાત્રા પ્રસ્થાન કરશે. જેમાં હજારો વૈષ્ણવો જોડાશે અને બાદમાં ૫:૩૦થી ૭ કલાકે ફુલ મડલીનો મનોરથ યજ્ઞ શાળા પ્રવેશ તેમજ રવિવાર સવારે ૯ કલાકે ગણેશ સ્થાપનથી ગોપાલયાગ સંકલ્પ ભૂમિ શુધ્ધી ઉકત શાંતિ સાંજે ૫ કલાકે દિક્ષા ગ્રહણ ખસનો બંગલો ભીક્ષા ગ્રહણ અક્ષત વર્ષા અને સોમવારે સવારે ૧૧:૩૦ કલાકે પ્રવર્ગ્ય ૩૦ ફુટની અગ્નિશીખાના દર્શન, સાંજે ૫:૩૦ કલાકે બગીચા મનોરથ ભીક્ષા અક્ષત વર્ષા ઢાઢી લીલા રાત્રે ૯ કલાકે, મંગળવારે સાંજે ૫:૩૦ કલાકે સાવન ભાદોશ્રી મનોરથ ભીક્ષા અક્ષત વર્ષા, બુધવારે સાંજે પુષ્પકુંજનો મનોરથ અને ગુરૂવારે સવારે ૧૦ કલાકે સુત્યાહ સોમરસ હોમ પ્રાત સવન માધ્યંદિન સવન સાંજે ૫થી ૬ પિતૃદોષ શાંતિ પીંડદાન, સાંજે ૫:૩૦ કલાકે નાવનો મનોરથ, રાત્રે ૯ કલાકે સમુહ માલા પહેરામણી મનોરથ અને તા.૭ને શુક્રવાર સવારે ૮ કલાકે અવભૃથ સ્નાન, બપોરે ૧:૩૦ કલાકે શ્રીહોમ સાથે પુર્ણાહુતી અને સાંજે ૫ કલાકે વિજય યાત્રા યોજાશે. પુ. રઘુનાથજી મહારાજે વધુમાં જણાવેલ કે, સોમયજ્ઞ નામ એટલે કે યજ્ઞમાં સોમવલ્લી નામક વનસ્પતિનો હોમ કરવામાં આવે છે. હોમ એટલે યજ્ઞ બે પ્રકારના હોય છે. શ્રોત અને સ્માર્ત શ્રોત એટલે શ્રૃતિ(વેદ)ને અનુરૂપ અને સ્માર્ત એટલે સ્મૃતિ(મનુસ્મૃતિ યાજ્ઞ વલ્કપ સ્મૃતિ પારાશર સ્મૃતિ વગેરે અનુસાર કર્મ અથવા યજ્ઞ શાસ્ત્રમાં શ્રોત કર્મની ઉતમતા બતાવવામાં આવી છે. શ્રોત કર્મોમાં પણ સોમયજ્ઞની સર્વોચ્ચતા બતાવવામાં આવી છે. સોમવલ્લી માટે ભગવાન શ્રી કૃષ્ણ ભગવત ગીતામાં પોતાના સ્વમુખે આજ્ઞા કરે છે કે સોમો ભુત્વા રસાભક અર્થાત સોમવલ્લી-ઓમ-સોમરસએ ભગવાન શ્રી કૃષ્ણનું જ સ્વરૂપ છે અને સોમયજ્ઞના મુખ્ય સાત પ્રકાર છે. જેને સપ્ત સોમ સંસ્થા કહેવાય અગ્નિષ્ટોમ અત્યગ્નિષ્ટોમ અતિ રાત્ર(ઉકથ્ય ષોડશીન અતિરાત્ર) આપ્તોયોમ અને વાજપેય પુ. મહારાજશ્રી નિત્ય અગ્નિહોત્રી છે. આપ વૈદિક પરપંરા અનુસારનું અગ્નિહોત્રી નિત્ય સુર્યોદય અને સુર્યાસ્તના સમયે કરે છે. આ સિવાય અન્ય વૈદિક ક્રમોમાં પણ અપારરૂચી ધરાવે છે. સોમયજ્ઞ એ ભકિતનું કર્મ માર્ગીય સ્વરૂપ છે. શ્રી મહાપ્રભુજીએ આપના અવતારકાલ દરમ્યાન રર સોમયજ્ઞ કર્યા હતા. શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણો પણ સોમયાગ કર્યાના ઉલ્લેખ મળે છે. આ વિરાટ સોમયજ્ઞમાં બેસવા બ્રહ્મ સંબધ લેવા પધરામણી કરાવવા તથા અન્ય માહિતી માટે અનુરાગભાઈ લાલકીયા મો.૯૯૭૮૦ ૫૮૯૩૩, ગોકળભાઈ ત્રાંબડીયા ૯૪૨૮૪ ૩૯૩૭૯, ભરતભાઈ ભાડજા ૯૫૧૦૦ ૮૬૧૯૦, અમુભાઈ આકોલા ૯૯૧૩૨ ૨૬૨૫૮, જતીનભાઈ પરમાર ૯૦૩૩૩ ૯૩૩૩૬ ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે અને કાર્યક્રમને સફળ બનાવવા આયોજક સમિતીમાં શ્રી સર્વોતમ હવેલી ઉત્સવ સમિતી, શ્રી જાનકી મહિલા મંડળ, શ્રી ગિરધર યુવા પરિષદ જૂનાગઢ સહિતની ટીમો જહેમત ઉઠાવી રહી છે.

# પ્રાચીન સોમનાથ મંદીરના સ્થાપક દેવી મહારાણી અહલ્યાબાઈ હોલકરની આજે ર૯૯મી જન્મજયંતિ



(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૩૧

સોમનાથ પ્રભાસ તિર્થમાં હાલના નુતન સોમનાથ મંદિરની નજદીક અને બરાબર સામે આવેલ ઈન્દોરના મહારાણી અહલ્યાબાઈ હોલકર સ્થાપિત સોમનાથ મંદિરના પરમભકત-શિવ ઉપાસક ઈન્દોર મહારાણી અહલ્યાબાઈ હોલકર આજે તા.૩૧-૫એ ૨૯૯મી જન્મજયંતિ છે.

પુણ્યશ્લોકા માતોશ્રી અહલ્યાબાઈ અંગે તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ તેના ડીસ્કવરી ઓફ ઈન્ડીયા પુસ્તકમાં લખ્યું છે કે, મધ્ય યુગમાં ઈતિહાસમાં માતોશ્રી અહલ્યાબાઈ એક દંતકથા સમાન છે. તેમનું ખુબ જ અસરકારક કાયદો વ્યવસ્થા અને ન્યાયી શાસન હોવાને કારણે સામાન્ય જનતા ખુબ સુખી રાજી હતી. તેઓ એક કુશળ રાજયકર્તા અને ઉત્તમ કોટીના વહીવટદાર હતાં. તેઓની અદ્‌ભુત લોકચાહના હતી કે આજે પણ તેમને મૃત્યુ બાદ લોકો ખુબ પ્રેમ અને આદરથી યાદ કરે છે.

સોમનાથ ટ્રસ્ટી જે.ડી.પરમાર અનુસાર ઈન્દોરના મહારાણી અહલ્યાબાઈ હોલકરે ભગવાન સોમનાથના મંદિરના નિર્માણ કાર્ય માટે ઈ.સ.૧૭૮૨માં પોતાના પ્રધાન શ્રી કૃષ્ણાજી બાજીને પ્રભાસ પાટણ મોકલ્યા હતા. પરંતુ જુનુ મંદિર અત્યંત ભગ્નાવસ્થામાં હતું. દેવની પ્રતિષ્ઠા યોગ્ય ન હતું. તેથી તેનાથી થોડે દુર જે સોમનાથના નવા મંદિર નિર્માણકાર્ય ઈ.સ.૧૭૮૩માં પ્રારંભ્યું.

પ્રાણઃ પ્રતીષ્ઠા ઈ.સ.૧૭૮૮માં થઈ અને નીચે ભોયરામાં ભગવાન સોમનાથની પ્રતિષ્ઠા કરાવી અને ઉપરના ભાગમાં મહારાણીશ્રીના પોતાના નામથી અહલ્યેશ્વર મહાદેવના લિંગની સ્થાપના કરાવી.

આ પુણ્ય કાર્ય કરાવી મહારાણી અહલ્યાબાઈએ સોમનાથની પુજાની પ્રાચીન પરંપરા જાળવી રાખી.

સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી પ્રવીણભાઈ લહેરી અને સૌ ટ્રસ્ટીઓના પ્રયાસોથી વર્ષ ૨૦૧૮માં અહલ્યાબાઈ નિર્મીત પ્રાચીન સોમનાથ મંદિરને નવો ઓપ આપવામાં આવ્યો અને મંદિરમાં જવા માટે ભોંયરાને સ્થાને હાલના ભોજનાલય સામે પુર્વાભિમુખ ગેટ બનાવાયો અને ઢાળ બનાવી મંદિરમાં જઈ શકાય તેવી વ્યવસ્થા શરૂ કરાવી તેમજ મંદિરમાં જવા પહોળા માર્ગની વ્યવસ્થાઓ કરાવી.

સાથોસાથ મંદિરના પરિસર મધ્ય ઈન્દોરાના પ્રાતઃ સ્મરણીય મહારાણી અહલ્યાબાઈ હોલકરની પ્રતિમા મુકવામાં આવી જેનું મુખ સદાય શિવલીંગ દર્શન કરતું રહે તે રીતે સ્થાપિક કરાઈ.

સોમનાથ ટ્રસ્ટના સચિવ યોગેન્દ્ર દેસાઈ અને જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ ઉનાળાની ગરમીમાં રાહત મળે તે માટે ખાસ ગ્રીન આવરણ મંદીરના ખુલ્લા ભાગમાં લગાવી લોકોને ગરમી તડકાથી રાહત અપાવી ઉપરાંત બંધ પંખાઓ પણ ચાલુ કરાવ્યા. ઈમરજન્સી એકઝીટ માટે એક દરવાજો ખુલ્લો રાખવો જરૂરી જો કે પરિસરમાં પ્રવેશવાનું ભલે એક જ દ્વાર હોય પરંતુ એકઝીટ અને વર્તમાન બનતી ઘટનાઓને અનુલક્ષી ત્રણ દરવાજા હોવા છતાં કયારેક બંધ રહે છે જેથી દુર લાઈનથી પ્રભુ દર્શન ઝાંખી થઈ શકતી નથી અને અહલ્યાબાઈ હોલકર પ્રતિમા સતત શિવદર્શન કરતાં રહે તેનો સમુળગો છેદ ઉડી ગયો છે કારણ કે અડધું બાર જ ખુલ્લું રખાય છે જે આખું ખુલ્લું રહેવું જોઈએ.અહલ્યાબાઈ હોલકરનો જન્મ તા.૩૧-૫-૧૭૨૫ના રોજ થયેલ, તેઓનું સ્વર્ગવાસ તા.૧૩-૮-૧૭૯૫ના થયેલ.

તેઓ માત્ર નાની વયમાં ઈન્દોરાને ગાદી સંભાળી હતી અને યુધ્ધ સમયે તેઓ જાતે ધનુષ અને સેંકડો તીરો સાથે પોતાના હાથી ઉપર બેસી સૈન્યની આગેવાનો લેતા પ્રજાની ફરીયાદ સાંભળતા અને રાજયના ખજાનાનો ઉપયોગ પ્રજા કલ્યાણમાં વાપરતાં અહલ્યાબાઈએ કાશી ગંગા કિનારે પણ ઘાટ બંધાવેલ છે ઉપરાંત દેશના લગભગ તમામ તિર્થસ્નાન મંદિરો, ધર્મશાળાઓ કુવા, કુંડ નવા બનાવવા કે જીર્ણોધ્ધાર કરવા કઠીન હતાં તેવાં લોકકાર્ય કર્યા જેથી જ તેમને માતા અને દેવી તરીકે આજેય પણ સમગ્ર ભારત યાદ કરે છે.

# જૂનાગઢ મહાનગરપાલીકા દ્વારા બિલ્ડીંગ વપરાશ પ્રમાણપત્ર તેમજ ફાયર એન.ઓ.સી.ની સઘન ચકાસણી

જૂનાગઢ તા.૩૧

ગત તા.૨૫/૦૫/૨૦૨૪ના રોજ રાજકોટમાં ટી.આર.પી. ગેમઝોનમાં આગ લાગતા જે દુર્ઘટના સર્જાય હતી.તેના અનુસંધાને ફરી આ પ્રકારની કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે કમિશ્નર ડો..ઓમ પ્રકાશના માર્ગદર્શન હેઠળ અને નાયબ કમિશ્નર એ.એસ. ઝાંપડાની સુચના અન્વયે જૂનાગઢ, મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ મોલ, હાઈરાઈઝ બિલ્ડીંગ, મલ્ટી સ્ટોરીજ બિલ્ડીંગ, હોસ્પીટલો, શાળા, કોલેજ, ટયુશન કલાસીસ, સિનેમા ગૃહ, શોપીંગ કોમ્પલેક્ષ, અન્ય બહુમાળી બિલ્ડીંગો, ધાર્મિક સ્થળો અને જે જગ્યાએ વધુ લોકોની અવર જવર થતી હોય તેવા તમામ સ્થળો પર બાંધકામ પરવાનગી,બિલ્ડીંગ વપરાશ પ્રમાણપત્ર,ફાયર એન.ઓ.સી. તેમજ મહાનગરપાલિકા ધ્વારા આપવામાં આવતા અલગ અલગ પરવાના તથા બિલ્ડીંગ સ્ટ્રકચર (કાયમી તથા હંગામી) વગેરે બાબતોની તપાસ/ ચકાસણી કરવામાં આવી રહી છે.

શહેરમાં વિવિધ હોસ્પિટલમાં તાઃ૨૯/૦૫/ ૨૦૨૪ અને તાઃ૩૦/૦૫/ ૨૦૨૪ના રોજ ફાયર શાખા તથા ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા સર્વે હાથ ધરાયેલ છે.શહેરની કુલ ૫૩ (ત્રેપન) હોસ્પિટલમાં સર્વે કરવામાં આવેલ,જેમાં ફાયર સેફટીની જોગવાઈનુંપાલન કરેલ છે કે,કેમ? તથા ફાયર એન.ઓ.સી. મેળવેલ છેકે, કેમ?તેની તપાસ કરવામાં આવેલ છે.જે પૈકી ૫૩ હોસ્પીટલ ફાયર એન.ઓ.સી. ધરાવે છે.તે પૈકી મુદત વીતેલ એન.ઓ.સી.ની ઓનલાઈન રીન્યુઅલની પ્રક્રિયા જે તે હોસ્પિટલ દ્વારા હાથ ધરેલ છે.આ હોસ્પિટલો માં બી.યુ.પરમીશન અંગેની તપાસ ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા હાલ કાર્યરત છે. આગામી દિવસોમાં મહાનગર પાલિકા,જુનાગઢ દ્વારા શહેરમાં આવેલ કોલેજો, પ્રાથમિક શાળામાં ફાયર એન.ઓ.સી. તથા બી.યુ.પરમીશન ચકાસણીની કાર્યવાહી કરવામાં આવશે.

### ઉર્જા મંત્રીને અખીલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘે આવેદન આપેલ

# રાજકોટ ટીઆરપી ગેમઝોન ખાતે બનેલી દુર્ઘટનામાં પીજીવીસીએલ કંપની અને તેના કર્મચારીઓ, અધિકારીઓની કોઈ જ જવાબદારી નથી

જૂનાગઢ તા. ૩૧

ગત તા. ૨૬-૫-૨૪નાં રોજ રાજકોટનાં ટીઆરપી ગેમઝોન ખાતે બનેલ દુર્ભાગ્યપૂર્ણ ઘટના બનતાની સાથે જ રાજય સરકાર દ્વારા સદર બનેલ દુઃખદ ઘટના અંગે તાત્કાલીક તપાસ કરવા અને જવાબદારો સામે કડકમાં કડક પગલા ભરવા આદેશ આપેલ જે અનુસંધાને પીજીવીસીએલના કર્મચારીઓ, અધિકારીઓને તા. ૨૯-૫-૨૪ના રોજ ક્રાઈમ બ્રાંચ વિભાગ દ્વારા નિવેદન-પુછપરછ અર્થે બોલાવેલ હતા. ટીઆરપી ગેમઝોન ખાતે પીજીવીસીએલ કંપની દ્વારા આપવામાં આવેલ વીજ જોડાણ જે જગ્યા પર આપવામાં આવેલ તે વીજ અધિનિયમ-૨૦૦૩ના અને તેના અનુસંધાને વખતો વખત પ્રસિધ્ધ કરેલ સપ્લાય કોડ અને કંપનીનાં પ્રવર્તમાન નિયમોનું સંપૂર્ણ અને ચુસ્ત પાલન કરીને અરજદારની માંગણી મુજબ આપવામાં આવેલ છે.

વધુમાં રાજકોટ ટીઆરપી ગેમઝોનનાં સ્થળ ખાતે રાજય સરકારનાં સક્ષમ ઈલેકટ્રીકલ ઈન્સ્પેકટર દ્વારા સ્થળની સંયુકત તપાસ અને તમામ બાબતોનું નિરીક્ષણ કરી તેઓ દ્વારા અહેવાલ રજુ કરેલ છે. જેમાં પીજીવીસીએલ કંપની દ્વારા આપેલ વીજ જોડાણના લીધે આગ લાગેલ હોય તેવું માલુમ પડેલ નથી છતાં વહીવટી તંત્ર દ્વારા પીજીવીસીએલ કંપનીનાં કર્મચારીઓ, અધિકારીઓને પુછપરછ અને નિવેદન અર્થે બોલાવેલ છે જેમાં ગુજરાત ઉર્જા સંયુકત સંકલન સમીતી વતી અમોને કોઈ જ વાંધો નથી અને અમો સદર બાબતે સંપૂર્ણ સહયોગ આપવા તૈયારી છીએ. પરંતુ પીજીવીસીએલ કંપનીનાં કોઈ કર્મચારી, અધિકારીને ખોટી રીતે સદર સંબંધીત વિભાગ, અધિકરીને જરૂરી સુચના આપી યોગ્ય કરવા આવેદનપત્રમાં જણાવાયું છે.

# પાંચ લાખના ચેક રિટર્ન કેસમાં આરોપીને ૧ વર્ષની કેદની સજા

જૂનાગઢ તા.૩૧

જૂનાગઢના ભુપત શિવલાલભાઈ શેઠીયા પાસેથી શહેરના સાબલુપરમાં રહેતા અશરફ કાસમ લીંગડીયાએ રૂા. ૫ લાખની માંગણી કરી હતી. અશરફભાઈ અને ભુપતભાઈ એકજ ગામના હોય, બન્ને વચ્ચે મિત્રાતા હતી. દરમિયાન અશરફભાઈએ નાણાંકીય જરૂરિયાત ઉભી થતા સબંધના નાતે ભુપતભાઈ પાસેથી પાંચ લાખ હાથ ઉછીના લીધા હતા. આ રકમ સામે અશરફભાઈએ પ્રોમીસરી નોટ લખી આપી હતી તેમજ ચેક પણ આપ્યો હતો. બાદમાં આ ચેક જમા કરતા રિટર્ન મેમાની વિગતે ફંડ ઈન્સફીશ્યન્ટના સાથે પરત થયો હતો. બાદમાં ભૂપતભાઈએ વકીલ જયકિશન દેવાણી મારફત કેસ દાખલ કર્યો હતો.

આ કેસ જૂનાગઢના એડીશ્નલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતા મેજીસ્ટ્રેટ રામેશ્વર જીતેન્દ્રભાઈ મિરાણીએ બન્ને પક્ષની દલીલો સાંભળી ચેક રિટર્ન કેસમાં અશરફભાઈને દોષી ઠેરવ્યા હતા. આ ગુનામાં આરોપી અશરફભાઈને ૧ વર્ષની સાદી કેદની સજા ફટકારાઈ છે.

# જૂનાગઢ નાલંદા વિદ્યાલયના આચાર્યાનો નિવૃત વિદાય સમારોહ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૧

જૂનાગઢના ગાંધીગ્રામ સિંધી સોસાયટી વિસ્તારમાં આવેલ નાલંદા વિદ્યાલય ધો.૯થી ૧૨નું શિક્ષણ આપતી ચાર દાયકા જુની શૈક્ષણીક સંસ્થામાં આચાર્યા તરીકે ફરજ બજાવતા શ્રીમતી પ્રતિમાબેન દયારામભાઈ બાપોદરા વય મર્યાદાના કારણે નિવૃત થતા સક્કરબાગ સામે આવેલ ગ્રાન્ડ પટેલ રેસ્ટોરન્ટના કોન્ફરન્સ હોલમાં તેમને વિદાય આપવા એક કાર્યક્રમનું આ સંસ્થાના પ્રમુખ લક્ષ્મણભાઈ રાવલીયાના અધ્યક્ષ સ્થાને આયોજન કરાયું હતું. પ્રતિમાબેન તા.૨૫-૧૧-૧૯૯૧ના રોજ નાલંદા વિદ્યાલયમાં ભરતી થઈ આચાર્યા તરીકે ૩૧ વર્ષથી વધુના સમયગાળામાં યશસ્વી આચાર્ય તરીકે કામગીરી બજાવેલ છે. નાલંદા પરિવાર દ્વારા તેમને ભાવભરી વિદાય આપવામાં આવેલ અને તેઓનું સાલ ઓઢાડી અને સન્માનપત્ર આપી સન્માનીત કરાયા હતા અને તેઓએ જૂનાગઢના ગરવા ગિરનારના સાનિધ્યમાં આવેલ નાલંદા વિદ્યાલય દિર્ઘકાલીન સેવા આપી નિવૃત થતા અભિવાદન પત્ર અર્પણ કરાયું હતું. જેમાં જણાવેલ કે શિક્ષક એ સમાજના શિલ્પી છે. શિક્ષક પોતાના નિસ્વાર્થ ભાવથી સમાજમાં જ્ઞાનનો ઉજાસ પાથરી ચોમેર પ્રકાશ ફેલાવે છે. જ્ઞાન કર્મ ભકિતના સંગમથી સમાજના મોભી બનીને રાષ્ટ્રનિર્માણની જવાબદારી વહન કરે છે. જ્ઞાનવાન પ્રજ્ઞાવાન માર્ગદર્શક જ્ઞાન ગંગાના પવિત્ર ઝરણા સમાન અમારા વડીલ આચાર્યા બહેનને સન્માનવા નાલંદા પરિવાર ધન્યતા અનુભવે છે. અમારી તમામ સ્ટાફ પ્રત્યે કામ લેવાની આવડત ટીમ વર્ક અને તમામ સ્ટાફ માટે સમર્પણની ભાવના ખુબ પ્રશસનીય રહેલ. આપએ નાલંદા વિદ્યાલયને એક નાના છોડમાંથી વટવૃક્ષ બનાવીને તમોએ આ સંસ્થાનો સંર્વાગી વિકાસ કરેલ છે. જે અમો કયારેય ના ભુલ શકીએ. આપના બહોળા અનુભવોનો લાભ અમોને આવી જ રીતે કાયમ મળતો રહે એવી આશા સાથે શાળા પરિવાર આપના સુદીઘાર્યુ અને સ્વસ્થ આયુષ્ય માટે પરમ કૃપાળુ પરમાત્માને ભાવસભર પ્રાર્થના કરે છે. આપની શભકારી કર્મયાત્રાને જીવનયાત્રાને નમસ્કાર અને આપનો નિવૃતી બાદનો સમય પરિવાર સાથે ખુબ જ આનંદપુર્વક વિતાવો તેવી શુભકામના પાઠવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ લક્ષ્મણભાઈ રાવલીયા, ટ્રસટી હમીરભાઈ રાવલીયા, બિનાબેન ભટ્ટ તથા દર્પણ રાવલીયા તથા નાલંદા વિદ્યાલયના વી.એમ. સોસા, ડી.આર. અખેડ, પ્રભાતભાઈ ડાંગર, અરવિંદભાઈ કરંગીયા, પી.વી. કોરડીયા, એમ.બી. રાઠોડ, ગોવિંદભાઈ રાવલીયા, વિનુભાઈ જોષી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ : ઘર ચલાવવાની જવાબદારથી કંટાળી મહિલાએ ઝેરી દવા પીતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૧

દુબડી પ્લોટમાં રહેતા ગૌતમભાઈ ભીખાભાઈ ચુડાસમાએ તૃપ્તીબહેન ભીખુભાઈ ચુડાસમા (ઉ.વ. ૨૩) સામે ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં મરણજનારનાં મોટી બહેન નયનાબેન જેમને ટીબીની બીમારી હોય અને પોતાના માતાનો ગોળો ભાંગી જતા પથારીવશ હોય અને ઘર ચલાવવાની જવાબદારી મરણજનાર ઉપર આવી જતાં મરણજનારને લાગી આવતા પોતે પોતાની મેળે પોતાનાં ઘરમાં પડેલ ટીબીની દવા એક સાથે પી જતાં ઝેરી અસર થતા મૃત્યું પામેલ છે. આ બનાવની વધુ તપાસ એ ડીવીઝન પોલીસે હાથ ધરી છે.

**સર્પદંશથી મોત**

ડુંગરપુર ગામે રહેતા કડવીબેન પુંજાભાઈ કણેત (ઉ.વ. ૬૦)ને સાપ કરડી જતાં સારવાર દરમ્યાન મૃત્યું પામેલ છે.

**કેમ્બ્રીજ સ્કુલ પાસે ડીલેવરી બોયનો અકસ્માત**

કેમ્બ્રીજ સ્કુલ પાસે ગુલામગોષ ઈકબાલશા શાહમદાર ફીલીપકાર્ટ ડીલેવરી કરતો હોય મોટર સાયકલ નં. જીજે-૧૧-સીઆર ૯૩૯૩એ હેડફેટે લેતાં ફરીયાદીને ઈજા કરી નાશી છુટયાની ફરીયાદ તાલુકા પોલીસમાં નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

### જૂનાગઢમાં રેલ્વે સ્ટેશન રોડ પર આવેલ

# અત્યંત જર્જરીત અજય એપાર્ટમેન્ટ ઉતારી લેવા બે દિવસની મુદત અપાઈ : વિશાલ ટાવરનો પણ વારો આવશે

**જૂનાગઢ મનપા વિસ્તારમાં મંજુરી વગર ખડકાયેલી ઈમારતો, વોકળા પર થયેલા દબાણો, ખોટા પ્લાન નકશા રજુ કરી ખડકી દેવાયેલ બહુમાળી બિલ્ડીંગો, ફાયર એનઓસી બીયુ પરમીશન વગરનાં બાંધકામોની સઘન ચકાસણી થશે તો શહેરની ૫૦ ટકા ઈમારતોને સીલ લાગી જશે : મોટાભાગની બહુમાળી ઈમારતો ભાજપનાં નેતાઓની હોવાની ચર્ચા**







જૂનાગઢ તા. ૩૧

જૂનાગઢ શહેરમાં રેલ્વે સ્ટેશન રોડ પર ઈન્દ્રલોક હોટલની બાજુમાં આવેલ અજય કો.ઓ. સોસાયટી બિલ્ડીંગ જે અત્યંત જર્જરીત થઈ ગયું હોય તેને ઉતારવા માટે આજે મહાનગરપાલીકાની ટીમો પહોંચી હતી. અજય એપાર્ટમેન્ટમાં બે બિલ્ડીંગમાં ૩ર જેટલા ફલેટ આવેલ છે. જેને ઉતારી લેવા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવનાર હતી. આ સમયે જૂનાગઢ મનપાનાં કમિશ્નર ડો. ઓમપ્રકાશ સહીતનાં વરીષ્ઠ અધિકારીઓ ઘટના સ્થળે ઉપસ્થિત હતાં. પરંતુ અજય એપાર્ટમેન્ટનાં રહેવાસીઓએ મુદત આપવાની વિનંતી કરતા જે સ્વીકારી લઈ બે દિવસમાં અજય એપાર્ટમેન્ટ બિલ્ડીંગ ઉતારવાની કામગીરી કરવામાં આવશે તેવું જણાવેલ છે. જો તેમ કરવામાં નિષ્ફળ જશે તો મહાનગરપાલીકા દ્વારા અજય એપાર્ટમેન્ટ બિલ્ડીંગ તોડી પાડવામાં આવશે તેવું જાણવા મળેલ છે.

આ ઉપરાંત કાળવા ચોકમાં આવેલ વિશાલ ટાવરનાં કેટલાક માળ પણ ઉતારી લેવામાં આવશે તેવું જાણવા મળેલ છે. જૂનાગઢ મનપા વિસ્તારમાં મંજુરી વગર બનેલ ઈમારતો, ખોટા પ્લાન નકશા રજુ કરીને બનાવવામાં આવેલી બહુમાળી બિલ્ડીંગો, ફાયર એનઓસી વગરની ઈમારતો, બિલ્ડીંગ યુઝ (બીયુ) પરમીશન વગરની ઈમારતોની સઘન ચકાસણી થઈ રહી છે. તેટલું જ નહી નિયમ મુજબ ઓછામાં ઓછો ૯ મીટરનો રોડ હોય તો જ બાંધકામની પરવાનગી મળે પરંતુ કેટલાક કિસ્સામાં ૯ ફુટનો રોડ ન હોય તો પણ બાંધકામ કરી લેવામાં આવેલ છે. અમુક કિસ્સામાં બિલ્ડરોએ નિયમ મુજબ માર્જીન છોડયું નથી. તેટલું જ નહીં માર્જીન છોડવાનાં બદલે રોડ પર ૩ ફુટ આગળ વધીને બાંધકામ કર્યુ છે તેવા કિસ્સા પણ છે. ત્યારે મનપાનું તંત્ર આવા બાંધકામો અને ઈમારતો સામે કેવી કાર્યવાહી કરશે તે સવાલ છે. હાલમાં ગેરરીતીનાં કિસ્સામાં કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે. જો આ રીતે જ મનપા તંત્ર કાર્યવાહી કરવાનું ચાલુ રાખશે તો જૂનાગઢ મનપા વિસ્તારમાં આવેલ ૫૦ ટકા બહુમાળી ઈમારતોને સીલ લાગી જશે તેવું જાણકાર વર્તુળો જણાવી રહયા છે. રાજકોટની ઘટના બાદ વહીવટી તંત્ર કોઈપણ જોખમ લેવા માંગતુ નથી. ગત વર્ષે પણ જૂનાગઢ શહેરમાં ચોમાસા દરમ્યાન જળ હોનારત થઈ અને કડીયાવાડનાં નાકે આવેલ જર્જરીત ઈમારત તુટી પડતાં ૪ નિર્દોષ લોકોનો ભોગ લેવાયેલ. જે બનાવ હજુ લોકો ભુલ્યા નથી ત્યારે ફરીવાર આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે કડક કાર્યવાહી થવી જરૂરી છે. લોકો એવી આશા રાખી રહયા છે કે મહાનગરપાલીકાનું તંત્ર માત્ર નોટીસ અને દેખાડા કરીને ચુપ બેસી રહેશે નહીં. જે રીતે રાજકોટ મહાનગરપાલીકામાં ટાઉન પ્લાનીંગ ઓફીસર એમ.ડી. સાગઠીયા સહીતનાં બેજવાબદાર અધિકારીઓની ધરપકડ કરવામાં આવી છે તેના પરથી જૂનાગઢનાં મનપાનાં સત્તાધિશો પણ ધડો લેશે તેવી લોકોમાં ચર્ચા થઈ રહી છે.

# જૂનાગઢ મનપાનાં પૈંધી ગયેલા અધિકારીઓ-પદાધિકારીઓની સંપત્તિની તપાસ એસીબી કયારે કરશે ?

જૂનાગઢ તા. ૩૧

રાજકોટ અગ્નિકાંડની તપાસ હાલમાં પુરપાટ ઝડપે ચાલી રહી છે. એસઆઈટીએ રાજકોટનાં બનાવમાં બેજવાબદાર ૯ અધિકારીઓની ધરપકડ કરી લીધી છે. જેમાં રાજકોટ મનપાનાં સીનીયર ટાઉન પ્લાનીંગ ઓફીસર એમ.ડી. સાગઠીયા, બે એટીપીઓ, ફાયર ઓફીસર સહીતનાં અધિકારીઓની ધરપકડ કરી છે. એટલું જ નહીં રાજકોટનાં મનપાના ટાઉન પ્લાનીંગ ઓફીસર એમ.ડી. સાગઠીયા તો કરોડોની સંપત્તિ ધરાવે છે. જે અંગે એસીબીએ તપાસ હાથ ધરતા રૂા. ૭૫ હજારનો પગારદાર સાગઠીયા ધનકુબેર હોય તેવી સંપત્તિ ધરાવતો હોવાનું બહાર આવતાં એસીબીએ આવકનાં પ્રમાણમાં અપ્રમાણસર મિલ્કતની તપાસ કરી રહી છે. અને હવે તેની સામે આ અંગેનો કેસ પણ નોંધાશે ત્યારે સવાલ એ થાય છે કે જૂનાગઢ મનપામાં પણ કેટલાક વર્તમાન અને ભુતપૂર્વ અધિકારીઓ, અને પદાધિકારીઓએ કરોડોનાં ભ્રષ્ટાચાર આચર્યો છે તે જગજાહેર છે ત્યારે એસીબી તંત્ર જૂનાગઢ મનપાનાં આવા ભ્રષ્ટ અધિકારીઓ-પદાધિકારીઓ સામે કાર્યવાહી કરશે કે કેમ? તેવો સવાલ લોકોમાં પુછાય રહયો છે. લોકોમાં થતી ચર્ચા મુજબ જૂનાગઢ મનપાનાં ભ્રષ્ટાચારી અધિકારીઓ રૂા. બે-બે લાખનાં ફોન વાપરે છે, રૂા. ૨૫-૫૦ લાખની ગાડીમાં ફરે છે, બ્રાન્ડેડ કપડાનાં શોખીન છે અને કરોડોની બેનામી સંપત્તિ ધરાવે છે જેની તટસ્થ તપાસ થવી જરૂરી છે. જાણકાર સુત્રોનાં જણાવ્યા મુજબ જૂનાગઢ મનપા વિસ્તારમાં બાંધકામની પરમીશન આપવા માટે ફલેટ દીઠ રૂા. ૧૫ હજારથી લઈ રૂા. ૨૫ હજારનો વહીવટ થાય છે. બિલ્ડરો જયારે નૈવેદ્ય ધરતા હોય પછી તેમને જેમ કરવું હોય તેમ કરવાની છુટ મળી જાય છે. બાંધકામની મંજુરી આપવામાં લાંચનાં નાણાં કટકટાવી લીધા બાદ સંબંધીત શાખાનાં અધિકારીઓ ગમે તેવી ગેરકાનુની બાંધકામ પ્રવૃત્તિ સામે લાજ કાઢીને બેસી જાય છે તેવું જાણકારો માની રહયા છે.

# મેયરના વોર્ડના રહીશોએ સમસ્યાનો નિવેડો લાવવા માટે અંતે જીલ્લા કલેકટર કચેરીના દ્વાર ખટખટાવ્યા

## મહિલાઓએ ગુંડાગીરી બંધ કરો, નગરપાલિકા હાય હાય, આવારા તત્વોનો ત્રાસ બંધ કરોના નારા સાથે કલેકટર કચેરીને ગુંજવી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૧

જૂનાગઢમાં મેયરના વોર્ડમાં જળ હોનારત પછી અહીના રહીશો છેલ્લા કેટલાયે મહિનાઓથી તેમના વિસ્તારમાં આવેલ તળાવ સફાઈની કામગીરી, અસામાજીક તત્વોના ત્રાસ, પુલની અધુરી કામગીરી સહિતના મુદ્દે લડત ચલાવી રહ્યા છે પરંતુ આજદિન સુધી તેમના કામમાં કયાંકને કયાંક વિઘ્ન આવી રહ્યું છે. જેના પરિણામે સ્થાનિક રહીશો, મહિલાઓ ગઈકાલે મોટી સંખ્યામાં તેમના વિસ્તારની સમસ્યાનો નિવેડો લાવવા માટે જીલ્લા કલેકટર કચેરી ખાતે આવ્યા હતા. જૂનાગઢના વોર્ડ નંબર ૯માં આવતી વાણંદ સોસાયટીના પ્રમુખ આવળભાઈ, બિપીનભાઈ ભટ્ટી સહિતના સ્થાનિક રહીશો અને મહિલાઓ મોટી સંખ્યામાં ગઈકાલે સવારે જીલ્લા કલેકટર કચેરી ખાતે રેલી સ્વરૂપે આવી પહોંચ્યા હતા. મહિલાઓએ સૂત્રોચ્ચાર પોકાર્યા હતા.

મહિલાઓએ સૂત્રોચ્ચાર પોકાર્યા હતા કે, ગુંડાગીરી બંધ કરો, નગરપાલિકા હાય હાય, આવારા તત્વોનો ત્રાસ બંધ કરોના નારા સાથે કલેકટર કચેરીને ગુંજવી દીધી છે અને ઘેરાવ કર્યો હતો અને જીલ્લા કલેકટરને સંબોધીને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં મહિલાઓએ જણાવ્યું છે કે, ગત વર્ષે તેમના વિસ્તારમાં પુર હોનારત આવી હતી ત્યારે તેમના વિસ્તારમાં દરેક મકાનોમાં પાણી ઘુસી ગયા હતા જેના પરિણામે તેમની તમામ ઘરવખરી તણાઈને પલળી ગયેલ હતી. જેના લીધે ભારે આર્થિક નુકસાનીનો સામનો કરવો પડયો હતો.

માનસિક રીતે પણ અનેક વેદના સહન કરવી પડી હતી. ત્યારે આ વર્ષે ફરીવાર તેમના વિસ્તારમાં આવી જળ હોનારત ન સર્જાય તે માટે તેમના વિસ્તારના રહીશો દ્વારા છેલ્લા કેટલાયે મહિનાઓથી લડત કરી રહ્યા છે. થોડા દિવસો પહેલા મેયર, કમિશ્નરને રજુઆત કરી હતી ત્યારે કામ શરૂ થયું હતું પરંતુ અહી કેટલાક અસામાજીક તત્વોએ આવીને પથ્થરમારો કરીને કામ અટકાવી દીધુ અને અહીના સોસાયટીના પ્રમુખની દુકાન અને વાહનોમાં તોડફોડ કરી હતી. ત્યારથી તળાવ સફાઈનું કામ બંધ પડયું છે. આ અંગે મહાપાલિકામાં રજુઆત કરવા છતાં કોઈ ધ્યાન આપતું નથી કે મામલતદાર કચેરીમાંથી પણ કોઈ સહયોગ મળતો નથી. જેથી હવે ના છુટકે તેમનો જીલ્લાના સમાહર્તા કલેકટર પાસે આવવું પડયું છે. આ વર્ષે તેમના મકાનોમાં પાણી ઘુસી જશે તો જવાબદારી કોણ લેશે જેથી વહેલી તકે તેમના વિસ્તારમાં તળાવ સફાઈ સહિતના કામોને ઝડપી શરૂ કરીને પૂર્ણ કરવા માંગણી કરી હતી.

# ચોકી-વડાલ રોડ ઉપર ૧૦ લાખની કિંમતની ૯૬ ગેસ સીલીન્ડર સહિતનો જથ્થો સિઝ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩૧

ચોકી-વડાલ રોડ ઉપર ગુરૂકૃપા હોટલના પાછળના મેદાનમાં ફાયર સેફટી, એકસપ્લોઝીવ લાયસન્સ સહિત અન્ય જરૂરી પરવાના વગર ચાલતી ગુરૂકૃપા ગેસ એજન્સીને જીલ્લા પુરવઠડા તંત્રએ સિઝ કરી છે.

જૂનાગઢ જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસીયાના માર્ગદર્શન હેઠળ જીલ્લા પુરવઠા અધિકારી ફાતિમાબેન માકડા, મામલતદાર એલ.બી. ડાભી સહિતની ટીમ દ્વારા રેઈડ કરતા અંદાજે રૂા.૧૦ લાખની કિંમતની ૯૬ જેટલી ગેસની બોટલો જોખમી રીતે ખુલ્લા મેદાનમાં મળી આવી હતી. આ ગેસ એજન્સી પાસે તપાસ કરતા ફાયર સેફટી, એકસપ્લોઝીવ લાયસન્સ સહિત અન્ય જરૂરી પરવાના મેળવવામાં ન આવેલ હોય તેમ સામે આવ્યું હતું. જેથી તમામ જથ્થાને સિઝ કરવામાં આવ્યો હતો અને આગળની કાયદાકીય કાર્યવાહી જીલ્લા પુરવઠા તંત્રએ હાથ ધરી હતી.

**પાણી બાબતે બખેડો**

જૂનાગઢના ખામધ્રોળમાં પાણી બંધ કરવાનું કહી મહિલાએ મહિલાને સાવરણો માર્યો હોવાની પોલીસમાં ફરીયાદ નોંધાઈ છે. ખામધ્રોળમાં યમુના પાર્કમાં રહેતા નાહીદાબેન આરીફભાઈ શેખનાં ઘર પાસે પાણી નીકળતું હોય એ બંધ કરવાનું કહેતા પાડોશી સિકંદરભાઈની પત્નીએ ઉશ્કેરાઈ જઈને ગાળો કાઢી લાકડી તેમજ સાવરણા વડે માર મારી ઈજા પહોંચાડી હતી. આ અંગે જૂનાગઢ તાલુકા પોલીસે મહિલા સામે કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢમાં એરટેલની સેવા ઠપ્પ

જૂનાગઢ તા. ૩૧

જૂનાગઢ શહેરમાં વિશાલ ટાવર પર એરટેલ કંપનીનો ટાવર આવેલ છે. પરંતુ વિશાલ ટાવરની જર્જરીત ઈમારતને ઉતારી લેવાની વાત હોય એરટેલ કંપનીએ વિશાલ ટાવર સ્થિત તેનાં મોબાઈલ ટાવરની કામગીરી કામચલાઉ ધોરણે બંધ કરી દીધી હોવાનું જાણવા મળેલ છે. જેને કારણે જૂનાગઢ શહેરનાં એરટેલનાં ગ્રાહકોને આજે નેટવર્ક મળતું નથી તેવી ફરીયાદો ઉઠવા પામી છે.